વર્ષ : ૪૬ ❖ અંક : ૦૨
ફેબ્રુઆરી-૨૦૨૨

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# दिव्यध्वनि

Retail Price Rs. 5/- Each



## દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે
## પૂજ્યશ્રીને કોટી કોટી વંદન

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
મો.નં. ૯૪૨૮૬૬૨૩૮૬ (કાર્યાલય / એકાઉન્ટ્સ), ૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન / આવાસ)
Mail : mail@shrimadkoba.org, Web : www.shrimadkoba.org

## મુમુક્ષુવિશેષ આદ. સુધાબેન પ્રફુલભાઈ લાખાણીની સાધનાકુટિરમાં પૂજ્યશ્રીની ગુફા પ્રતિકૃતિની અનાવરણવિધિ (કોબા) (તા. ૧૯-૦૧-૨૦૨૨)










## સંસ્થા દ્વારા દીક્ષાર્થીનું અભિવાદન

-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

(મો) ૯૪૨૭૦૬૪૪૭૯

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : ૯૪૨૮૬૬૨૩૮૬

(કાર્યાલય/એકાઉન્ટ્સ)

૯૪૨૮૬૬૨૩૭૬

(રિસેપ્શન/આવાસ)

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ .............. શ્રીમદ્ રાજચંદ્રજી ...... ૫
(૨) અંતરદૃષ્ટિ અને અંતર્મુખતાની ..... પૂજ્યશ્રી આત્માનંદજી... ૬
(૩) શ્રી અમિતગતિ સામાયિક ........ પૂજ્ય બહેનશ્રી...... ૯
(૪) સમ્યક્ તપ .................... બા.બ્ર. સુરેશજી.....૧૧
(૫) આનંદની શોધમાં ભટકતો માનવી .. સમણ શ્રુતપ્રજ્ઞજી .. ૧૩
(૬) પોતાનો દોષ, પારકાની ....પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ..૧૫
(૭) શ્રી પૂજ્યપાદ આચાર્ય ...... પ્રા.ચંદાબહેન પંચાલી..૧૭
(૮) શ્રી દેવચંદ્રજી ચોવીશી ........ શ્રી અશોકભાઈ શાહ ... ૨૧
(૯) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર... ૨૫
(૧૦) આત્મજાગૃતિનો અભ્યાસ ..... શ્રી રમેશભાઈ ખંધાર ... ૨૯
(૧૧) યુદ્ધ સંદર્ભે હિંસા, અહિંસા .... શ્રી ગુણવંત બરવાળિયા.. ૩૩
(૧૨) અસીમ છે, ભીતરનું સામર્થ્ય.... શ્રી છીતુભાઈ ભક્ત.... ૩૭
(૧૩) બાળવિભાગ ...... શ્રી મિતેશભાઈ શાહ..... ૩૮
(૧૩) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૯



**વર્ષ : ૪૬ ફેબ્રુઆરી-૨૦૨૨ અંક-૦૨**



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

**કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)**

**ફોન: ૯૪૨૮૬૬૨૩૮૬ (કાર્યાલય/એકાઉન્ટસ)**

**૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન/આવાસ)**

mail@shrimadkoba.org, www.shrimadkoba.org


**બેંકમાં સીધું દાન ભરવા માટેની વિગત**

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** Kotak Mahindra Bank

**Branch :** Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

**BANK DETAILS FOR FOREIGN DONORS**

**IN FAVOUR OF :** SHREE SATSHRUT SEVA SADHANA KENDRA

**NAME of BANK :** STATE BANK OF INDIA

**BRANCH :** NEW DELHI, MAIN BRANCH 11, PARLIAMENT STREET-110001

**A/C NO. :** 40102524216 **IFSC CODE :** SBIN0000691

**SWIFT CODE :** SBININBB104

**INCOME TAX EXEMPTION UNDER SECTION (80G) 5 OF THE INCOME TAX ACT, 1961. VIDE NO. CIT / GNR / 80G / GNR89 / 2008-2009**

**INCOME TAX REGISTRATION U/S. 12AA. 041910192**

## લેખકો / ગ્રાહકો / વાચકોને

☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.

☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.

☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.

☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.

☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.

☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.

☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.

☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.

☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**ગ્રાહકોને નમ્ર વિનંતી**

આપના હાલના મોબાઈલ નંબર તેમજ E-mail એડ્રેસ સંસ્થાને આપના ગ્રાહક નંબર સાથે રેકર્ડ અપડેશન માટે તુરત જ મોકલી આપવા વિનંતી.

**મો.નં.** ૯૪૨૮૬૬૨૩૭૬,

**વોટ્સએપ નં.** ૯૩૨૭૦૯૦૩૯૩

**: મુદ્રણસ્થાન :**

**ભગવતી ઑફસેટ**

૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,

અમદાવાદ - ૩૮૦૦૦૪

ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

અમને વારંવાર એવો વિચાર આવે છે કે, "આપ ન હોત તો અમારું શું થાત ?"

આ ભવમાં આપ અમને મળ્યા, પ્રત્યક્ષ સદ્ગુરુદેવ મળ્યા. અનંતકાળથી આથડતા અમને મોક્ષમાર્ગ મળ્યો. આપે અમને ધર્મનું શુદ્ધ સ્વરૂપ સમજાવ્યું, અમારા આત્માનું ભાન કરાવ્યું. અમારા તો ભાગ્ય જ ખુલી ગયા. શ્રી વચનામૃતજી જેવો ગ્રંથરાજ મળ્યો કે જેમાંથી અમારી સમસ્યાઓનું, અમારી શંકાઓનું સમાધાન અમને મળી જાય છે. આપના નામસ્મરણથી, આપના દર્શનથી અમને એવી અનુભૂતિ થાય છે કે જાણે આપ સાક્ષાત્ અમારી સમક્ષ બિરાજમાન જ છો ! તેથી અમારામાં એક એવી શક્તિનું સર્જન થાય છે કે જીવનમાં પછી કોઈ અશાંતિ, અશુભતત્ત્વ કે દુઃખ, એવું કંઈપણ ટકી શકતું નથી. અમારા અંતરમાં ભાવોર્મિઓ ઉદ્ભવે છે અને શબ્દો સરી પડે છે -

મસ્તક મારું ઝૂકે ચરણમાં,  
ભાવ હૃદયમાં જાગે.  
બે હાથેથી વંદન કરતાં,  
ભવોભવનાં દુઃખ ભાગે.  
રાજજી ! રાખજો ચરણ મોઝાર,  
કરજો, ભવજલધિથી પાર.

કાળ અનાદિ અનંતથી, ભવભ્રમણનો નહીં પાર,  
નાવડી મારી હાલકડોલક, ઉગારજો કિરતાર;  
ભૂલ્યો, ભટક્યો, રઝળ્યો પ્રભુજી, આવ્યો તારે દ્વાર,  
શરણમાં લેજો, શક્તિ દેજો, કરજો ભવથી પાર !  
હે પ્રભુ ! કરુણા લાવી, કરજો ભવથી પાર !!!

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# શ્રી સદ્ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી


**પત્રાંક-૭૦૬**

**વડવા (સ્તંભતીર્થ સમીપ),**

**ભાદરવા સુદ ૧૧, ગુરુ, ૧૯૫૨**

શુભેચ્છાસંપન્ન આર્ય કેશવલાલ પ્રત્યે, લીંબડી.

સહજાત્મસ્વરૂપે યથાયોગ્ય પ્રણામ પ્રાપ્ત થાય.



ત્રણ પત્રો પ્રાપ્ત થયાં છે. 'કંઇ પણ વૃત્તિ રોકતાં, તે કરતાં વિશેષ અભિમાન વર્તે છે', તેમ જ 'તૃષ્ણાના પ્રવાહમાં ચાલતાં તણાઇ જવાય છે, અને તેની ગતિ રોકવાનું સામર્થ્ય રહેતું નથી' ઇત્યાદિ વિગત તથા 'ક્ષમાપના અને કર્કટી રાક્ષસીના 'યોગવાસિષ્ઠ' સંબંધી પ્રસંગની જગતભ્રમ ટળવા માટેમાં વિશેષતા' લખી તે વિગત વાંચી છે. હાલ લખવામાં ઉપયોગ વિશેષ રહી શકતો નથી, જેથી પત્રની પહોંચ પણ લખતાં રહી જાય છે. સંક્ષેપમાં તે પત્રોના ઉત્તર નીચે લખ્યા પરથી વિચારવા યોગ્ય છે.

૧. વૃત્તિઆદિ સંક્ષેપ અભિમાનપૂર્વક થતો હોય તોપણ કરવો ઘટે. વિશેષતા એટલી કે તે અભિમાન પર નિરંતર ખેદ રાખવો. તેમ બને તો ક્રમે કરીને વૃત્તિઆદિનો સંક્ષેપ થાય, અને તે સંબંધી અભિમાન પણ સંક્ષેપ થાય.

૨. ઘણે સ્થળે વિચારવાન પુરુષોએ એમ કહ્યું છે કે જ્ઞાન થયે કામ, ક્રોધ, તૃષ્ણાદિ ભાવ નિર્મૂળ થાય. તે સત્ય છે, તથાપિ તે વચનોનો એવો પરમાર્થ નથી કે જ્ઞાન થયા પ્રથમ તે મોળાં ન પડે કે ઓછાં ન થાય. મૂળસહિત છેદ તો જ્ઞાને કરીને થાય, પણ કષાયાદિનું મોળાપણું કે ઓછાપણું ન થાય ત્યાં સુધી જ્ઞાન ઘણું કરીને ઉત્પન્ન જ ન થાય. જ્ઞાન પ્રાપ્ત થવામાં વિચાર મુખ્ય સાધન છે; અને તે વિચારને વૈરાગ્ય (ભોગ પ્રત્યે અનાસક્તિ) તથા ઉપશમ (કષાયાદિનું ઘણું જ મંદપણું, તે પ્રત્યે વિશેષ ખેદ) બે મુખ્ય આધાર છે, એમ જાણી તેનો નિરંતર લક્ષ રાખી તેવી પરિણતિ કરવી ઘટે.

સત્પુરુષના વચનના યથાર્થ ગ્રહણ વિના વિચાર ઘણું કરીને ઉદ્ભવ થતો નથી; અને સત્પુરુષના વચનનું યથાર્થ ગ્રહણ, સત્પુરુષની પ્રતીતિ એ કલ્યાણ થવામાં સર્વોત્કૃષ્ટ નિમિત્ત હોવાથી તેમની 'અનન્ય આશ્રયભક્તિ' પરિણામ પામ્યેથી, થાય છે. ઘણું કરી એકબીજાં કારણોને અન્યોન્યાશ્રય જેવું છે. ક્યાંક કોઇનું મુખ્યપણું છે, ક્યાંક કોઇનું મુખ્યપણું છે, તથાપિ એમ તો અનુભવમાં આવે છે કે ખરેખરો મુમુક્ષુ હોય તેને સત્પુરુષની 'આશ્રયભક્તિ' અહંભાવાદિ છેદવાને માટે અને અલ્પ કાળમાં વિચારદશા પરિણામ પામવાને માટે ઉત્કૃષ્ટ કારણરૂપ થાય છે.

ભોગમાં અનાસક્તિ થાય, તથા લૌકિક વિશેષતા દેખાડવાની બુદ્ધિ ઓછી કરવામાં આવે તો તૃષ્ણા નિર્બળ થતી જાય છે. લૌકિક માન આદિનું તુચ્છપણું સમજવામાં આવે તો તેની વિશેષતા ન લાગે; અને તેથી તેની ઇચ્છા સહેજે મોળી પડી જાય, એમ યથાર્થ ભાસે છે. માંડ માંડ આજીવિકા ચાલતી હોય તોપણ મુમુક્ષુને તે ઘણું છે, કેમકે વિશેષનો કંઇ અવશ્ય ઉપયોગ (કારણ) નથી, એમ જ્યાં સુધી નિશ્ચયમાં ન આણવામાં આવે ત્યાં સુધી તૃષ્ણા નાનાપ્રકારે આવરણ કર્યા કરે. લૌકિક વિશેષતામાં કંઇ સારભૂતતા જ નથી, એમ નિશ્ચય કરવામાં આવે તો માંડ આજીવિકા જેટલું મળતું હોય તોપણ તૃપ્તિ રહે. માંડ આજીવિકા જેટલું મળતું ન હોય તોપણ મુમુક્ષુ જીવ આર્ત્તધ્યાન ઘણું કરીને થવા ન દે, અથવા થયે તે પર વિશેષ ખેદ કરે, અને આજીવિકામાં ત્રુટતું યથાધર્મ ઉપાર્જન કરવાની મંદ કલ્પના કરે. એ આદિ પ્રકારે વર્તતાં તૃષ્ણાનો પરાભવ (ક્ષીણ) થવા યોગ્ય દેખાય છે.

**(અનુસંધાન પાના નં. ૧૦ પર)**

# અંતરદષ્ટિ અને અંતર્વૃત્તિની સાધના

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



આજનો વિષય તત્ત્વજ્ઞાન દ્વારા તત્ત્વને અનુભવ તથા શ્રદ્ધામાં લેવાનો, પ્રયોગ કરવાનો છે. જગતના સર્વ આધ્યાત્મિક સાધકોનો ઉપકાર છે કારણ કે દરેક આર્યધર્મોએ પણ એ જ રીત, એ જ લક્ષ્ય બાંધ્યો છે કે આપણી ચિત્તવૃત્તિ (મન) બહારમાં જાય છે એટલે અજ્ઞાન, રાગ અને દ્વેષ થાય છે. સમજણપૂર્વક જો તે મનની વૃત્તિ અંતર્મુખ થાય તો આ દેહમાં રહેલા ચૈતન્યદેવ ભગવાન આત્મારૂપ રામનો અનુભવ થાય. તેના માટે પ્રથમ તો આપણે એ વિચારવું જોઇએ કે મારું મન જે બહારમાં સુખ શોધે છે તે કેવી રીતે અંદર તરફ વાળી શકાય તથા તેના માટે મારે શું કરવું જોઇએ ? પ્રથમ આપણે સમજીને તેનું અનુસરણ કરવું જોઇએ. ધર્મજીવની ધરીરૂપ, મુખ્ય પાયારૂપ જો કોઇ હોય તો તે શ્રદ્ધા છે. આગમમાં પણ કહ્યું છે કે, ''सद्धा परम दुल्लहा'' શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે, ''श्रद्धावान लभते ज्ञानं संशयात्मा विनश्यति ।'' જ્ઞાની ભગવંતોના વચનમાં જેને ઘણી શ્રદ્ધા છે તેનું ઝડપથી કલ્યાણ થશે. આપણે આત્મા બનીને જીવવું. જ્ઞાનીઓ પણ કહે છે કે,

**''જો પદ તાકો વો પદ માકો, પદ પ્રાપ્તિ કો આયા હૂં''**

જગતના જીવોને સત્ય સ્વરૂપનું અજ્ઞાન છે. શરીરમાં જે ચૈતન્યદેવ બેઠા છે તે પોતે પોતાને જાણતા નથી એટલે તે શરીર અને ઇન્દ્રિયો દ્વારા બહાર સુખ શોધવા ભટકે છે. જે અજ્ઞાન દ્વારા ઇન્દ્રિય વિષયોમાં મન બહાર ભટકે છે તેને વિવેક દ્વારા એટલે કે આત્મા-અનાત્મા, હિત-અહિત, હેય-જ્ઞેય-ઉપાદેયના જ્ઞાન દ્વારા, વૈરાગ્ય દ્વારા એટલે જગતના પદાર્થોનું આકર્ષણ અલ્પ થવું, સંસાર અને ભોગના પદાર્થો પ્રત્યે નિર્મમત્વ, રાગની મંદતા કરવી, ભક્તિ દ્વારા એટલે ઉત્તમ સ્વર્ગ-મોક્ષ સાધક વ્યક્તિઓ અને પદાર્થો પ્રત્યેનો પ્રશસ્ત અનુરાગ પણ તેમાં દુનિયાની કોઇ વસ્તુ પ્રાપ્ત કરવાની ઇચ્છા નથી તથા ધ્યાનાભ્યાસ દ્વારા એટલે ચંચળ મનને સ્થિર કરવું. આત્માની શક્તિ જુદી-જુદી જગ્યાએ વિખરાઇ ગઇ છે તેને એક જગ્યાએ એકત્રિત કરવી તેનું નામ ધ્યાન. ઉપરોક્ત સત્ સાધનો દ્વારા ચિત્તવૃત્તિને અંતર્મુખ કરવી. વિવેક અને વૈરાગ્ય દ્વારા જગતના પદાર્થોમાં જે મન ચોંટ્યું છે ત્યાંથી તેને ઉખેડી મહાપુરુષો પ્રત્યે નિશ્ચળ એટલે દેવ-શાસ્ત્ર ગુરુનું સ્મરણ વારંવાર કરવાથી કંટાળે નહીં પણ વારંવાર ચિત્તવૃત્તિને ભગવાન સાથે જ ભટકાવે (જોડેલી રાખે) તેને નિશ્ચળ કહે છે અને નિર્મળ એટલે કપટરહિત થઇને ભક્તિ કરવી. આપણે તો કપટ રાખીને ભગવાનને કહીએ છીએ કે ભગવાન હું આપનો સેવક છું અને વર્તન કરે તેમની આજ્ઞાથી તદ્દન વિરુદ્ધ ! ભગવાન કે જેમણે મુક્તિને પ્રાપ્ત કરી તેમના પ્રત્યે નિર્મળ પ્રેમ અને ધ્યાનાભ્યાસ દ્વારા આત્માનું પરમાત્મા સાથે જોડાણ કરવું જોઇએ. ધ્યાનમાં આત્મા પરમાત્માનો, નિજ શુદ્ધાત્માનો સંપર્ક કરે છે. આખા 'સમાધિશતક' માં અધ્યાત્મ યોગીશ્વર શ્રીમદ્ પૂજ્યપાદ સ્વામીએ બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા કેવા હોય તેનું જ વર્ણન કર્યું છે. બહિરાત્મપણું છોડી અંતરાત્મા બનવું અને અંતરાત્માવસ્થામાં પણ ચરમ પુરુષાર્થ પ્રગટાવી પરમાત્મા બનવાનું છે. ધ્યાનાભ્યાસના આઠ ચરણ છે - યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. તેને મુમુક્ષુએ પોતાના જીવનમાં અવધારવા જોઇએ. ઘણી વખત ઘણો પ્રયત્ન કરવા છતાં મન બહાર ભાગે છે તેના મુખ્ય બે કારણ છે (૧) જગના પદાર્થો પ્રત્યેની રુચિ (૨) જગતના પદાર્થોની રુચિ નથી પણ મન કાબૂમાં રહેતું નથી. અંતર્મુખતા કરવા માટે અંતરદષ્ટિ કેળવવી જોઇએ. શ્રદ્ધા ગુણનું કાર્ય ચારિત્ર ગુણથી જુદું પડે છે. તેને

સમજવા માટે અધ્યાત્મયોગીશ્રી આનંદઘનજીના પદનો વિચાર કરવો.

**"મનાજિ તું તો જિનચરણે ચિત્ત લાય,
તેરો અવસર બીત્યો જાય.
ઉદરભરણ કે કારણે રે ગૌઆ વનમેં જાય,
ચારો ચરે ચહું દિશિ ફિરે, એનું ચિત્તડું વાછરડામાંય."**

ગાય જંગલમાં ચરવા ગઈ છે તો પણ તેની દૃષ્ટિ, રુચિ વાછરડામાં છે. જ્યાં સુધી આ વાત નહીં સમજાય ત્યાં સુધી જ્ઞાની અને તેમની દૃષ્ટિ નહીં સમજાય. જ્ઞાની જગતનું કોઇ કાર્ય કોઇ કારણસર કરે તો પણ તેઓ તેમાં તલ્લીન થતાં નથી. જ્ઞાની પણ ગાયની જેમ કાંઇ પણ કાર્ય કરતાં થોડીથોડી વારે પોતાની દૃષ્ટિને પરમાત્મા તથા પોતાના આત્મા તરફ લઇ જાય છે. માટે જગતનું કોઇપણ કામ ઉપલક ઉપલક કરવું, તેમાં તલ્લીન થવું નહીં. શરીર અને વચન દ્વારા કામ કરવું પણ મન વારંવાર સત્‌દેવ-ગુરુમાં લગાડવું.

**"કરતાં જઇએ ઘરનું કામ, પણ લેતા જઇએ પ્રભુનું નામ."**

આમ, મનને વારંવાર સુમિરનરૂપી દોરી દ્વારા પ્રભુમાં લગાડવું, જેથી ધીરે ધીરે આત્મા નિર્મળ થતો થતો અનુભવમાં આવતો જાય છે. પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મદર્શનની વ્યાખ્યા કરી છે કે,

**"સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ."**

આત્મદર્શન થતાં માત્ર એક શ્રદ્ધાગુણ જ આત્મામાં પ્રગટતો નથી પણ તેની સાથે સાથે આત્મામાં રહેલાં અનંતગુણો પણ અંશે પ્રગટ થાય છે. બસ ફરક એટલો છે કે શ્રદ્ધા ગુણ પૂર્ણ પ્રગટ થાય છે, તેની સાથે બાકીના ગુણોનું આંશિક પ્રાગટ્ય થાય છે. આવા અનંત ઐશ્વર્યના સ્વામી ભગવાન આત્માને મળવામાં અનાદિ કાળની કુટેવો ભરેલી જીવનની ગાડીના પાટા બદલાવા પડશે. સંતો પણ કહે છે કે,

**"પ્રભુ પંથ પામવાને પાટા બદલાવજો,"**

પાટા કેવી રીતે બદલવા ?

**"મનને મહેતાજી કરી કામે લગાડજો,
જિંદગીના ચોપડામાં સરવાળો માંડજો."**

મનને સતત ચોકીદારી સોંપીને ભૂલો ઘટાડવી. અનાદિકાળથી જેવું જીવન જીવ્યા તેવું જ જીવશું તો કામ થશે નહીં. માટે ભગવાનની આજ્ઞા મુજબ જીવન જીવવું. પાંચ ઇન્દ્રિયોને જીતવી, પાંચ સ્થાવરજીવો તથા ત્રસ જીવોની હિંસા ન કરવી તે અહિંસા છે. અહિંસાને ભગવાને પરમ ધર્મ કહ્યો છે. વાસ્તવિક નોકર એવું જે મન તે અત્યારે શેઠ બની ગયું છે તથા સ્વામી એવો આત્મા નોકર બની ગયો છે ! મનને જીતવા માટે ચારિત્ર ગુણ પ્રગટાવવો. અત્યારે તો તેનો આંશિક વિકાસ જ થઇ શકે છે. પરંતુ જ્યારે તેનો પૂર્ણ વિકાસ થાય ત્યારે જીવ અંતરાત્માથી પરમાત્મા થઇ જાય છે. ચારિત્ર ગુણના વિકાસ માટે મન, વચન, અભિપ્રાય તથા કાયાથી પાપ ઓછાં કરવાં જોઇએ અને સર્વથા સૌ સુખી થાય તેવા ભાવ રાખી તેવું વર્તન પણ કરવું જોઇએ. તેના માટે સાત મોટા વ્યસન છોડવાં તથા પાંચ પાપો ઘટાડવાં. માટે અણુવ્રત ગ્રહણ કરવાનો સંકલ્પ કરવો કે, હું સ્થૂળપણે હિંસા નહીં કરું, સ્થૂળ જૂઠું નહીં બોલું, ચોરી નહીં કરું, અબ્રહ્મનું સેવન નહીં કરું, સ્વદારા સંતોષ વ્રત ધારણ કરીશ, પરિગ્રહપરિમાણ કરીશ. આવા સંકલ્પ ગ્રહણ કરવાં, સંકલ્પ શક્તિથી આત્મા પવિત્ર બને છે, શાંત બને છે. આવા જીવની ધ્યાનસાધના જ્યારે ઘનીભૂત થાય છે ત્યારે તેને સમાધિની પ્રાપ્તિ થાય છે. સર્વ સાધનાનો સાર તે સામાયિક છે. જેમ જેમ પાત્રતા વધે તેમ તેમ સામાયિક લાગે. સામાયિક એટલે માત્ર અમુક કાળ સુધી બેસીને પાઠ કરવા તે નથી. મુનિ ભગવંતોને તો આજીવન સામાયિક વ્રત હોય છે. તેઓ દિવસમાં ત્રણવાર વિશેષપણે સામાયિક કરે છે તે તો ઠીક છે પણ સાચા સાધુને સામાયિક એટલે કે સમતાભાવ સ્થાયી હોય છે. 'શ્રી નિયમસાર' ગાથા-૧૨૫માં પરમ અધ્યાત્મ યોગી શ્રીમદ્ કુંદકુંદાચાર્ય મહારાજે કહ્યું છે,

**"સાવદ્ય વિરત ત્રિગુપ્ત છે, ઇન્દ્રિય સમૂહ નિરુદ્ધ છે;
સ્થાયી સામાયિક તેહને, ભાખ્યું શ્રી કેવલી શાસને."**

ત્રણ સમય સામાયિક તે તો વ્યવહાર છે પણ મુનિને આહાર કરતાં સમયે સામાયિક એટલે એષણા સમિતિ, ચાલતા સમયે સામાયિક એટલે ઇર્યા સમિતિ અને સામાયિકના સમયે સામાયિક એટલે મન-ગુપ્તિ.

આવા મુનિમહારાજ આ કાળ માટે તો સાક્ષાત્ ભગવાન સમાન જ છે. ગંગાસતી કહે છે કે,

**"એકાંતે બેસીને આરાધ માંડે તો,**
**અલખ પધારે તેને દ્વારે રે..."**

આવા ભગવાનને પ્રાપ્ત કરવા માટે સૌ પ્રથમ પર પદાર્થોમાં કર્તાબુદ્ધિનો ત્યાગ કરવો. જ્યાં સુધી 'હું પરનું કાંઈક કરું' એવી જે ભાવના છે ત્યાં સુધી જીવનું કલ્યાણ થશે નહીં, બહિર્મુખતા ઘટશે નહીં. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં કહ્યું છે કે,

**"કર્તા-ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;**
**વૃત્તિ વહે નિજ ભાવમાં, થયો અકર્તા ત્યાય."**

સર્વપ્રથમ આપણે પોતાને શરીર ન માનીને પોતાને સ્વ-પર પ્રકાશક, ચૈતન્ય આત્મા માનવો તથા 'હું શેઠ, નોકર, પુરુષ, ત્યાગી, મુનિ છું' તેમ ન માનવું. હું માત્ર શુદ્ધ જ્ઞાનમાત્ર છું તેવી ભાવના કરવી, તે જ્ઞાનભાવને પકડવો. મોહ અવસ્થામાં પણ જ્ઞાન નાશ પામતું નથી. આત્મા વિકારમાં તલ્લીન બને છે છતાં સર્વથા તે વિકારી બની જતો નથી અને આત્મા જો સર્વથા વિકારી બની જાય તો તેનો મોક્ષ કોઈ કાળે ન થાય એટલે વિકારી અવસ્થામાં પણ નિર્વિકારી શુદ્ધ આત્માનો અંશ રહે છે પણ આપણને તેનો ખ્યાલ નથી એટલે આપણે પોતાને ક્રોધાદિરૂપ જાણીએ છીએ પણ ભગવાન કહે છે કે 'ઠહરો, દેખો ક્રોધ કો કૌન જાનતા હૈ, સબ કષાયો કા જો જાનનહારા હૈ ઉસ પર દૃષ્ટિ કરો.' સમયસારમાં તેને જ્ઞાયક આત્મા કહે છે. અજ્ઞાની જીવ પોતાના ઉપયોગને નિરંતર બહારના પદાર્થોમાં, પાંચ ઇન્દ્રિયોના વિષયો તરફ નિરંતર વહાવે છે. જગતના પદાર્થોને પોતાના માની કીર્તિ આદિને પ્રાપ્ત કરવામાં જ આત્માને લગાડે છે. પંચેન્દ્રિયના વિષયોમાં ચિત્ત ચોંટવાથી જીવ બહિર્મુખ બને છે. ભગવાનની આજ્ઞાનો અનાદર કરવાથી જીવ ભવસાગરમાં ડૂબી જાય. ૨૪ કલાકમાંથી કેટલો સમય સંસારી પદાર્થોમાં તથા સત્દેવ-ગુરુ ધર્મમાં કેટલા કલાક લગાવીએ છીએ એ વિચારવું અને વિચાર કરી વર્તન બદલાવવા માટે રુચિ બદલવી. આપણો વધારેમાં વધારે સમય સત્દેવ ગુરુ-ધર્મની ભક્તિ, સ્મરણ કરવામાં લગાવવો. શ્રી દેવ-ગુરુ-ધર્મની ઉપાસનાથી આત્મતત્ત્વ ક્રમે-ક્રમે પ્રાપ્ત થાય છે. **ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

## અસીમ છે, ભીતરનું સામર્થ્ય ...

પાના નં. ૩૬ પરથી ચાલુ...

જેમ ખસખસ જેવા સૂક્ષ્મ બીજમાં વિશાળ વડલાનું વૃક્ષ છુપાયેલું છે, તેમ દરેક વ્યક્તિમાં વિરાટ વ્યક્તિત્વ છુપાયેલું છે.

વ્યક્તિત્વને ખિલવવા આપણે ગતિશીલ ન રહીએ તો જીવનમાં જડતા આવતી જાય, એ સ્વાભાવિક છે. પૂર્વગ્રહો, લઘુતાગ્રંથિ ને માન્યતાઓના પિંજરામાંથી આપણે બહાર નીકળવું જોઈએ. આ માટે 'નકારાત્મક વિચારોને જાકારો અને હકારાત્મક વિચારોને આવકારો."

તમારા અડધા ખાલી ગ્લાસને અડધા ભરેલા તરીકે જોવા માંડો, તેમ નહીં કરો તો અડધો ખાલી ગ્લાસ વધુને વધુ ખાલી થતો દેખાયા કરશે. આવી ગુણગ્રહણ દૃષ્ટિથી માનસિક બદલાવ લાવવા પ્રયાસ કરીએ. તેને આત્મસાત્ કરતા રહીએ તો આપણા સ્વપ્નોને હકીકતમાં બદલવા સફળ થઈએ. આ જરા અઘરું તો લાગે, પરંતુ અશક્ય નથી.

કબીર સાહેબ શાશ્વત સત્યના ઉપાસક હતા. તેથી અંધશ્રદ્ધા, મિથ્યા આંડબરો સામે તેમણે આકરા પ્રહારો કર્યા છે. ઈશ્વર તો અંતઃકરણમાં જ છે. આ સત્યને અગમવાણીમાં તેમણે લલકાર્યું છે :

★ કસ્તૂરી કુંડલ બસૈ, મૃગ ઢૂંઢૈ બન માંહિ,
ઐસે ઘટી ઘટી રામ હૈ, દુનિયા દેખૈ નાહિ.

★ પ્રેમ ગલી અતિ સાંકરી, તામેં દો ન સમાય,
જબ મૈં થા તબ હરિ નહિ, જબ હરિ તબ મૈં નાહિ.

વિચારતા લાગે કે ભીતરમાંથી આનંદ મેળવવાની માસ્ટર કી તો આપણી પાસે જ છે-જરૂર છે મજબૂત નિર્ણયશક્તિની. શુભ કે અશુભ મનમાં જ છે. મન તો વિચારશક્તિનો અખૂટ ભંડાર છે. તેને સંઘર્ષમય જીવન પ્રત્યે પ્રેમાળ ને સકારાત્મક વિચારોથી તૈયાર કરતા રહીએ તો પડકારો ઝીલવા, દુઃખ સામે લડવા અંદરથી બળ મળશે.

મનના સાત્ત્વિક વિચારો કથીરમાંથી કાંચન બનાવવા શક્તિમાન છે, સમર્થ છે. આ સંદર્ભમાં નીચેની કાવ્યપંક્તિનો ઇશારો સૂચક છે :

★ જેવા વિચારો કરશો, તેવા તમે થવાના,
મનના વિચારો નક્કી, જીવન બની જવાના.

परम पूज्य श्री अमितगति आचार्य विरचित

# श्री अमितगति सामायिक पाठ

**એક અનુચિંતન**

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

**(શ્લોક - ૨૯)**

**सर्वं निराकृत्य विकल्पजालं-**
**संसार-कान्तार-निपात हेतुम् ।**
**विविक्तमात्मानमवेक्षमाणो-**
**निलीयसे त्वं परमात्मतत्त्वे ॥ २९ ॥**

**શબ્દાર્થ :**

**संसारकान्तारनिपात** - સંસારરૂપી વનના પતનનું, **हेतुम्** - કારણ, **सर्वम् विकल्पजालं** - સંપૂર્ણ વિકલ્પજાળને - વાસનાની જાળને, **निराकृत्य** - દૂર કરીને, **विविक्तं** - એકમાત્ર, **आत्मानम्** - આત્માને, **अवेक्षमाणः** - જુદો જાણવો, **त्वम्** - તમે **परमात्व तत्त्वे** - પરમાત્મતત્ત્વમા, **निलीयसे** - લીન રહો.

**ગુજરાતી પદ્યાનુવાદ**

**સંસારરૂપી સાગરે, જે અવનતિમાં લઇ જતી,**
**તે વાસનાની જાળ પ્યારા તોડ સંયમ જોરથી;**
**વળી બાહ્યથી આત્મા છે જુદો ભેદ મોટો જાણવો,**
**તલ્લીન થઇ ભગવાનમાં ભવપંથ વિકટ કાપવો.**

**ગદ્યાનુવાદ :-** વાસનાની જાળ (જીવને) સંસારરૂપી સમુદ્રમાં એટલે કે અધોગતિમાં લઇ જાય છે, માટે હે વત્સ ! તું સંયમના બળથી તેને તોડી નાખ. વળી, આત્મા બાહ્ય પદાર્થોથી તદ્દન જુદો છે - આ મોટો ભેદ છે, તેથી તું પરમાત્મામાં તલ્લીન થઇને જીવનપંથ વિતાવી દે. આ ગાથામાં સમતાની પ્રાપ્તિ કેવી રીતે કરવી તે આચાર્યશ્રી કરુણા કરીને સમજાવે છે.

**વિશેષાર્થ :** આ જીવને અનાદિકાળથી-અનંત ભવોથી ઇન્દ્રિયોના વિષયોમાં લુબ્ધ થવાની ટેવ પડેલી છે, જેને જ્ઞાનીઓ વાસનાના સંસ્કાર કહે છે. જે સાધક કલ્યાણના માર્ગે આગળ વધવા માગે છે, તેણે આવા કુસંસ્કારના બળનો દઢતાથી પ્રતિકાર કરવો પડશે. તે માટેનું સાધન-સાચું જ્ઞાન અને સાચો સંયમ છે - તે માટે દઢ સંકલ્પની આવશ્યકતા છે.

**नृजन्मनः फलंसारं यदेतद ज्ञानसेवनम्,**
**अनीगूहित वीर्यस्य संयमस्य च धारणं ।**

**- શ્રી સારસમુચ્ચય**

સત્સંગની ઉપાસના કરી સદ્‌બોધ ગ્રહણ કરવો કે ઇન્દ્રિયોના વિષયો આપણને સાચું સુખ આપી શકતા નથી. તે વિષયો આપણા મોહને ગાઢ કરે છે. મોહ-રાગ-દ્વેષરૂપી વિભાવભાવ (વિકારીભાવ) કરાવી નવા કર્મોનો બંધ કરાવી આપણને નરક, તિર્યંચ ગતિમાં લઇ જાય છે; જેથી આ જીવ ચારે ગતિમાં ભટકી ભટકીને બહુ દુઃખ સહન કરે છે.

વિષયોનું રહે ધ્યાન, તેમાં આસક્તિ ઊપજે,
આસક્તિથી ઊપજે કામ, કામથી ક્રોધ નીપજે;
ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે,
સ્મૃતિ નાશે બુદ્ધિ નાશ, બુદ્ધિ નાશે વિનશ્યતિ

**- શ્રીમદ્ ભગવદ્‌ગીતા અધ્યાય-૨/૬૨, ૬૩**

આવી વિષયોની વાસનાથી છૂટવા માટે આચાર્યશ્રી પ્રેરણા કરે છે. સત્સંગ દ્વારા તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો. તત્ત્વજ્ઞાન દ્વારા મનને અંતર્મુખ કરીને પરમાત્મા અને સદ્‌ગુરુમાં લગાડવું. જ્યારે નિર્મળતા અને સ્થિરતા આવે ત્યારે વિવેકરૂપ-ભેદજ્ઞાન દ્વારા જગતના સમસ્ત જડ અને ચેતન પદાર્થોથી પોતાના આત્માને સર્વથા જુદો જાણવો-ભાવવો. વિનય, સરળતા, સંતોષ, વૈરાગ્ય આદિ ગુણોથી વિભૂષિત સાધક પોતાના આત્માને જગતના સમસ્ત પદાર્થોથી, દ્રવ્યકર્મથી અને ભાવકર્મથી જુદો જાણે છે, માને છે અને વેદનથી નિર્ણય કરે છે; જે દ્વારા એ અતીન્દ્રિય આહ્‌લાદ (આનંદ) નો અનુભવ કરે છે. મોહગ્રંથિ તૂટી જાય છે. આ જ ભેદજ્ઞાન કે સ્વ-પર વિવેકજ્ઞાન કહેવાય છે. આ ભેદજ્ઞાનની સિદ્ધિ થવાથી સાધકના

જીવનમાં આમૂલ પરિવર્તન આવી જાય છે. તેને સંસારના કોઇ પદાર્થો પ્રત્યે રુચિ થતી નથી અને વારંવાર ચિત્તવૃત્તિને અંતર્મુખ કરી નિજ સ્વરૂપ પ્રત્યે વળવા લાગે છે.

આવો ઉત્તમ સાધક વારંવાર પરમાત્મા અને સદ્‌ગુરુનો અત્યંત ઉપકાર માને છે અને તેમના ચરણમાં સમર્પિત થઇ જાય છે. પરમાત્માનું સ્મરણ કરતાં કરતાં નિજ સ્વરૂપમાં તલ્લીન થઇ જાય છે. તે જ સાચું ધર્મધ્યાન, સામાયિક કે સમતાભાવ છે.

- ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ,
  સીતલ ચિત્ત ભયો જિમ ચંદન;
  કેલિ કરે શિવ-મારગમેં,
  જગમાંહી જિનેસર કે લઘુનંદન;
  સત્ય સ્વરૂપ સદા જિનકે,
  પ્રગટ્યો અવદાત મિથ્યાત નિકંદન,
  શાંત દશા તિનકી પહિચાની,
  કરે કર જોરિ બનારસી વંદન.

**- શ્રી સમયસાર નાટક**

- શુભ શીતળતામય છાંય રહી,
  મનવાંછિત જ્યાં ફળપંક્તિ કહી,
  જિનભક્ત ગ્રહો તરુકલ્પ અહો,
  ભજીને ભગવંત ભવંત લહો.

**- શ્રીમદ્‌ રાજચંદ્ર-મોક્ષમાળા-૧૫**

- ઘડી ઘડી પલ પલ સદા, પ્રભુ સુમિરન કો ચાવ,
  નરભવ સફલો જો કરે, દાન, શીલ, તપ, ભાવ.
- તું સ્થાપ નિજને મોક્ષપંથે,
  ધ્યા અનુભવ તેહને,
  તેમાં જ નિત્ય વિહાર કર,
  નહિ વિહર પરદ્રવ્યો વિષે.

**- શ્રી સમયસાર ગાથા-૪૧૨.**

- મનાજિ તું તો જિન ચરણે ચિત્ત લાય,
  તેરો અવસર બીત્યો જાય.
  જુગટિયા મન જુગટુ ને કામીને મન કામ,
  આનંદઘન પ્રભુ વીનવે, એમ ધરો પ્રભુ કા ધ્યાન,
  મનાજિ તું તો જિન ચરણે ચિત્ત લાય.

**- શ્રી આનંદઘનજી મહારાજ**

- એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
  જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે;
  કાયાની વિસારી માયા સ્વરૂપે સમાયા એવા,
  નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે.

**- શ્રીમદ્‌ રાજચંદ્ર પ. ૯૦૨**

**ઉપસંહાર-અંતમંગલ**

સુખધામ અનંત સુસંત ચહી,
દિન રાત્ર રહે તદ્‌ ધ્યાનમહીં,
પરશાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વર તે, જયતે.

**- શ્રીમદ્‌ રાજચંદ્ર પ. ૯૫૪**

**- શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ**

## શ્રી સદ્‌ગુરુપ્રસાદ ...

પાના નં. ૫ પરથી ચાલુ...

૩. ઘણું કરીને સત્પુરુષને વચને આધ્યાત્મિકશાસ્ત્ર પણ આત્મજ્ઞાનનો હેતુ થાય છે, કેમકે પરમાર્થઆત્મા શાસ્ત્રમાં વર્તતો નથી, સત્પુરુષમાં વર્તે છે. મુમુક્ષુએ જો કોઇ સત્પુરુષનો આશ્રય પ્રાપ્ત થયો હોય તો પ્રાયે જ્ઞાનની યાચના કરવી ન ઘટે, માત્ર તથારૂપ વૈરાગ્ય ઉપશમાદિ પ્રાપ્ત કરવાના ઉપાય કરવા ઘટે. તે યોગ્ય પ્રકારે સિદ્ધ થયે જ્ઞાનીનો ઉપદેશ સુલભપણે પરિણમે છે, અને યથાર્થ વિચાર તથા જ્ઞાનનો હેતુ થાય છે.

૪. જ્યાં સુધી ઓછી ઉપાધિવાળાં ક્ષેત્રે આજીવિકા ચાલતી હોય ત્યાં સુધી વિશેષ મેળવવાની કલ્પનાએ મુમુક્ષુએ કોઇ એક વિશેષ અલૌકિક હેતુ વિના વધારે ઉપાધિવાળાં ક્ષેત્રે જવું ન ઘટે કેમકે તેથી ઘણી સદ્‌વૃત્તિઓ મોળી પડી જાય છે, અથવા વર્ધમાન થતી નથી.

૫. 'યોગવાસિષ્ઠ' નાં પ્રથમનાં બે પ્રકરણ અને તેવા ગ્રંથોનો મુમુક્ષુએ વિશેષ કરી લક્ષ કરવા યોગ્ય છે. ● ● ●

# સમ્યક્ તપ (ક્રમાંક-૧૯)

**બા.બ્ર. સુરેશજી**

**શંકા** :- શ્રુતજ્ઞાન તો પ્રત્યેક દર્શનમાં છે તો વીતરાગશ્રુતનું જ ધ્યાન કેમ ? કોઇપણ શ્રુતનું ધ્યાન કરીને ઉપયોગને એકાગ્ર અને નિર્મળ બનાવી શકીએ છીએ ?

**સમાધાન** :- ના, એવું નથી. કોઇપણ શ્રુતના ચિંતનથી ઉપયોગ એકાગ્ર તો થઇ શકે છે, પરંતુ નિર્મળ થઇ શકતો નથી કારણ કે તેનાથી પદાર્થ સંબંધિત વિભ્રમનો પૂર્ણરૂપે નાશ થતો નથી. સત્યની પ્રાપ્તિ માટે સત્ય વસ્તુનું ચિંતન આવશ્યક છે, કાલ્પનિક વસ્તુના ચિંતનથી તો માત્ર કાલ્પનિક અસત્‌ની પુષ્ટિ થાય છે, આત્મામાં સત્યનો પ્રકાશ થઇ શકતો નથી. શ્રીસર્વજ્ઞ ભગવાને જીવાદિ પદાર્થ જેવા છે તેવા જ પોતાના સ્વ-પર પ્રકાશક કેવળજ્ઞાનથી નિરૂપિત કર્યા છે, તેથી તેમના દ્વારા પ્રકાશિત તત્વ સત્યને પ્રકાશિત કરીને સર્વ સંશય, અજ્ઞાન અને ભયનો નાશ કરે છે. તેથી સર્વજ્ઞ પ્રણીત તત્ત્વજ્ઞાન જ ધ્યાનીઓ માટે એક માત્ર કલ્યાણકારી છે, શેષ નહીં કારણ કે આ તત્વ સત્‌સ્વરૂપ છે. હવે આપણે ધર્મધ્યાનની સિદ્ધિ હેતુ ધર્મધ્યાનના ચાર ભેદની સંક્ષિપ્ત વિચારણા કરીશું.

## ધર્મધ્યાનના ભેદ

### (૧) આજ્ઞાવિચય ધર્મધ્યાન

સંપૂર્ણતઃ પ્રામાણિક હોવાથી જે કોઇપણ તર્ક વિના કે નિઃસશંય થઇને સ્વીકારણીય અથવા માનનીય અથવા શ્રદ્ધેય છે એવા ઉપદેશને આજ્ઞા કહે છે તથા વિચાર કરવો તેને વિચય કહે છે અર્થાત્ *"સર્વજ્ઞ ભગવાનની ઉપદેશરૂપ આજ્ઞાઓનો વિચાર કે ચિંતન કરવું આજ્ઞાવિચય ધર્મધ્યાન કહેવાય છે."* આ ધ્યાનમાં ભગવાને પદાર્થોનું સ્વરૂપ જેવું બતાવ્યું છે તેવું જ કોઇપણ સંશય અને તર્ક વિના, પોતાની બુદ્ધિ લગાડ્યા વગર, આગમમાં જેવું નિરૂપણ છે તેવું જ ચિંતનમાં લેવાય છે. આ ધ્યાનમાં પ્રથમ તો સર્વજ્ઞદેવના ઉપદેશની પ્રામાણિકતાનો મહિમામંડન કરવામાં આવે છે. જેમ કે શ્રીસર્વજ્ઞદેવ પ્રરૂપિત આગમનો ઉપદેશ નિઃસંશય માનવા યોગ્ય છે કારણ કે સર્વજ્ઞદેવ ક્યારેય પણ અન્યથા વાદી હોઇ શકે નહી. અન્યથા નિરૂપણ (મૃષા વચન) ના બે કારણ હોય છે - એક તો તત્સંબંધી અજ્ઞાન તથા બીજું રાગ-દ્વેષરૂપ પક્ષપાત. શ્રીજિનેન્દ્રદેવ પૂર્ણ જ્ઞાની અને પૂર્ણ વીતરાગી હોવાથી આ બન્ને દોષોથી રહિત છે. તેથી તેમનું કહેલું તત્ત્વ પરમ માનનીય છે. મારી સ્થૂળ બુદ્ધિ હોવાથી તેમના દ્વારા નિરૂપિત પરમાણુ, કર્મ, કાળ આદિ સૂક્ષ્મ પદાર્થ તથા શ્રીઋષભદેવ, રામ આદિ અંતરિત પદાર્થ તથા સ્વર્ગ, નરક, સુમેરુ, દ્વીપ, સમુદ્ર ઇત્યાદિ દૂરવર્તી પદાર્થ બુદ્ધિમાં બેસતા નથી તો પણ તેમની આજ્ઞાથી નિઃસંશય આ પદાર્થોનું અસ્તિત્વ સ્વીકારવું જોઇએ કારણ કે તે ભગવાન પૂર્ણ પ્રામાણિક છે અને વર્તમાનમાં અનેકાંત, વીતરાગતા તથા અહિંસા લક્ષણથી યુક્ત જે આગમ શાસ્ત્ર છે તે તેમની જ વાણી છે, જે પરંપરાથી આપણા સુધી પરમ પુણ્યોદયથી આપણને પૂર્વાચાર્યોના કૃપાપ્રસાદથી પ્રાપ્ત થઇ છે. તેથી તે આગમ જ પરમ પ્રમાણ છે, તેમની આજ્ઞા અનુસાર ચાલવામાં જ મારું પરમ કલ્યાણ છે, સર્વ જગતનું પણ કલ્યાણ આમાં જ નિહિત છે. આ પ્રકારે પ્રથમ ભગવાનની આજ્ઞા (ઉપદેશ) પર અનન્ય ભક્તિભાવ, અહોભાવ ઉત્પન્ન કરવામાં આવે છે, પછી શાંતભાવથી તેમના ઉપદેશનું ચિંતન કરવામાં આવે છે, જેની એક ઝલક આ પ્રમાણે છેઃ-

સત્ દ્રવ્યનું લક્ષણ છે. સત્‌નો અર્થ છે 'હોવાપણું' અર્થાત્ જેનું અસ્તિત્વ છે તે સત્ કહેવાય છે. તે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય યુક્ત છે. અર્થાત્ તે સત્ (પદાર્થ) બને છે, વિનાશ થાય છે તથા જેવું છે તેવું પણ રહે છે અર્થાત્ પોતાની સત્તાને સદાય જાળવી રાખીને વિભિન્ન અવસ્થાઓમાં પરિવર્તન કરે છે. તે દ્રવ્ય, ગુણ અને પર્યાયોથી બનેલું છે અર્થાત્ ગુણ અને પર્યાયોના સમૂહને જ સત્ કહે છે. સત્ કોઇ તેનાથી સ્વતંત્ર પદાર્થ નથી. પદાર્થ જે ભાવોથી બનેલો છે તે ભાવોને ગુણ કહે છે.

તે ગુણોમાં પોતાના લક્ષણરૂપ જ નિત્ય પરિવર્તન થતું રહે છે અર્થાત્ તેમની અવસ્થાઓ બદલાતી રહે છે તેને પર્યાય કહે છે. આ પર્યાય તે ગુણથી કોઇ અલગ પદાર્થ નથી, તેમનો જ અંશ છે. જેવી રીતે સમુદ્રનું પાણી અને તે પાણીની લહેરો (મોજાં). સમુદ્ર હંમેશાં એકરૂપ રહે છે તથા મોજાં ઉપર-નીચે થતાં રહે છે, તેવી રીતે ગુણ સદાય એકરૂપ રહે છે અર્થાત્ પોતાનો ગુણત્વભાવ છોડતો નથી તથા પર્યાયો બદલાતી રહે છે. પરંતુ સમુદ્ર અને મોજાં બન્ને છે એક જ તત્વ. એક દ્રવ્યમાં અનંત ગુણ એક સાથે રહે છે તો પણ બધાનું પોત-પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ છે અર્થાત્ બધાનું લક્ષણ અને કાર્ય ભિન્ન-ભિન્ન છે. એક ગુણ પણ ગુણ રૂપથી એક જ રહે છે, પરંતુ અવસ્થાઓ અનેક થઇ શકે છે. તે ભિન્ન-ભિન્ન અવસ્થાઓને પર્યાય કહે છે. તે પર્યાયો બે પ્રકારની છેઃ એક અર્થપર્યાય અને બીજી વ્યંજનપર્યાય " પ્રતિસમય પદાર્થમાં જે સૂક્ષ્મ પરિણમન થાય છે જે છદ્મસ્થના જ્ઞાનથી અગોચર માત્ર કેવળજ્ઞાન ગોચર છે તે પરિણમનને અર્થ પર્યાય કહે છે." તે પરિણમન પણ બે પ્રકારે થાય છે. " પરના નિમિત્ત વિના શુદ્ધ પદાર્થનું પ્રતિસમય જે સૂક્ષ્મ પરિણમન થાય છે તેને સ્વભાવ અર્થપર્યાય કહે છે." આ પરિણમન અગુરુલઘુ ગુણના આશ્રયથી થાય છે તથા ૧૨ પ્રકારે ષટ્ગુણ હાનિવૃદ્ધિરૂપ થાય છે. (૧) અનંત ભાગ વૃદ્ધિ (૨) અસંખ્યાત ભાગ વૃદ્ધિ (૩) સંખ્યાત ભાગ વૃદ્ધિ (૪) સંખ્યાત ગુણ વૃદ્ધિ (૫) અસંખ્યાત ગુણ વૃદ્ધિ (૬) અનંત ગુણ વૃદ્ધિ, આ છ વૃદ્ધિરૂપ તથા (૧) અનંતભાગ હાનિ (૨) અસંખ્યાત ભાગ હાનિ (૩) સંખ્યાત ભાગ હાનિ (૪) સંખ્યાત ગુણ હાનિ (૫) અસંખ્યાત ગુણ હાનિ (૬) અનંત ગુણ હાનિ, આ ષટ્હાનિરૂપ આ પ્રકારે સ્વભાવ અર્થપર્યાયના ૧૨ ભેદ છે, જે બધા પદાર્થો (છએ દ્રવ્યો) માં હોય છે. બીજી છે વિભાવ અર્થપર્યાય, "કર્મોદય આદિ પર નિમિત્તથી જે થાય છે અર્થાત્ પદાર્થનું પ્રતિસમય જે સૂક્ષ્મ વિભાવ પરિણમન થાય છે તેને વિભાવ અર્થપર્યાય કહે છે." જીવમાં તે મિથ્યાત્વ, કષાય, રાગ, દ્વેષ, પુણ્ય અને પાપ એવા છ પ્રકારથી કહી છે તથા પુદ્ગલોમાં સ્કંધોના વર્ણાદિનું પ્રતિસમય અન્ય વર્ણાદિ થવારૂપ કહી છે.

"પદાર્થનું જે પરિણમન સ્થૂલ, છદ્મસ્થ જ્ઞાનને પણ ગોચર અને અનેક સમયવર્તી હોય છે અર્થાત્ લાંબા સમય સુધી જે અવસ્થા બનેલી રહે છે તે વ્યંજનપર્યાય કહેવાય છે." જેમકે જીવની નર-નરકાદિ, અનંત ચતુષ્ટય આદિ. આ પણ બે પ્રકારની હોય છે. એક દ્રવ્ય વ્યંજનપર્યાય તથા બીજી ગુણ વ્યંજનપર્યાય. "કોઇ ગુણવિશેષનું ન હોઇને, સંપૂર્ણ દ્રવ્યનું દીર્ઘકાળ ટકનારું જે પરિણમન છે તેને દ્રવ્ય વ્યંજનપર્યાય કહે છે." જેમ કે જીવનું મનુષ્ય કે સિદ્ધરૂપ આદિ. તેના પણ બે ભેદ છે - એક સ્વભાવ દ્રવ્ય વ્યંજનપર્યાય તથા બીજી વિભાવ દ્રવ્ય વ્યંજનપર્યાય. "પર નિમિત્ત વિના સંપૂર્ણ દ્રવ્યનું જે ચિરકાળ સ્થાયી પરિણમન થાય છે તેને સ્વભાવ દ્રવ્ય વ્યંજનપર્યાય કહે છે." જેમ કે જીવનું સિદ્ધ પર્યાયરૂપ. કર્મોના ઉદય આદિ વિના તે થાય છે તેથી સ્વભાવરૂપ પરિણમન કહ્યું અને કોઇ એક ગુણવિશેષનું ન હોઇને સંપૂર્ણ દ્રવ્ય સિદ્ધરૂપ થયું માટે દ્રવ્ય પરિણમન કહ્યું તથા સિદ્ધપર્યાય ચિરકાળ સ્થાયી છે તેથી વ્યંજનપરિણમન કહ્યું છે. પુદ્ગલમાં આ શુદ્ધ એક પુદ્ગલ પરમાણુ આકારના રૂપમાં હોય છે. "કર્મોદય આદિ પરના નિમિત્તથી દ્રવ્યનું સ્થૂલ, અનેક સમયવર્તી પરિણમન હોય છે તેને વિભાવ દ્રવ્ય વ્યંજનપર્યાય કહે છે." જેમ કે જીવમાં મનુષ્ય, દેવ આદિરૂપ તથા પુદ્ગલમાં સ્કંધથી સ્કંધાન્તર રૂપ. પર દ્રવ્યના નિમિત્તથી થાય છે તેથી તેને વિભાવ પરિણમન કહ્યું અને એક ગુણવિશેષનું ન હોઇને સંપૂર્ણ દ્રવ્ય જ મનુષ્યાદિરૂપ થયું તેથી દ્રવ્ય પરિણમન કહ્યું તથા આ પરિણમન છદ્મસ્થના જ્ઞાનને યોગ્ય લાંબા સમય સુધી સ્થૂલરૂપે રહે છે તેથી તેને વ્યંજનપરિણમન કહ્યું. તેના બીજા પણ બે ભેદ છે - એક સમાનજાતીય વિભાવ દ્રવ્યવ્યંજનપર્યાય અને બીજી અસમાનજાતીય દ્રવ્યવિભાવ વ્યંજનપર્યાય. "એક જ જાતિના દ્રવ્ય મળવાથી જે વિભાવ પરિણમન થાય છે તેને સમાનજાતીય વિભાવ દ્રવ્યવ્યંજનપર્યાય કહે છે." જેમ કે એક પુદ્ગલ સ્કંધનું અન્ય પુદ્ગલ સ્કંધના રૂપમાં કે ઘટ-પટાદિ રૂપ પરિણમન આદિ. આ માત્ર પુદ્ગલમાં જ હોય છે તથા "જે જીવ અને પુદ્ગલના સહયોગથી કે મળવાથી બને છે તેને અસમાનજાતીય વિભાવ દ્રવ્યવ્યંજન પર્યાય કહે છે." જેમ કે મનુષ્ય, દેવ આદિરૂપ. વિભાવદ્રવ્યવ્યંજન પર્યાય માત્ર જીવ અને પુદ્ગલ દ્રવ્યોમાં જ હોય છે, અન્ય ધર્માસ્તિકાય આદિમાં હોતી નથી.

આનંદનું ઉપનિષદ

# આનંદની શોધમાં ભટકતો માનવી

સમણ શ્રુતપ્રજ્ઞજી

આનંદની શોધમાં દરેક જીવ સતત ભટકી રહ્યો છે. જેમ મૃગલું કસ્તૂરીની ગંધ લેવા આમ તેમ ભટકે છે, એવી આ જીવની સ્થિતિ છે. મૃગલાને તો ભાન નથી કે એ કસ્તૂરીની સુગંધ એની નાભિમાં જ છે, આપણને તો જ્ઞાનીઓ સમજાવીને ગયા કે તું પોતે આનંદનું ધામ છે. આનંદ તારા આત્માનો નિજ સ્વભાવ છે, છતાં આપણી ભૂમિકા ન હોવાના કારણે આત્મામાં ઉતરી શકતા નથી. ભૂમિકાભેદના આધારે જીવ જીવમાં ભેદ છે. જો આત્માનો સ્થાયી આનંદ અનુભવવો હોય તો પહેલાં જાણી લેવું ઘટે કે આપણે કેવા પ્રકારના માણસ છીએ? ચાર પ્રકારના માણસોની વાત કરું.

પહેલો માણસ તેને કહેવાય જે **શરીર કેન્દ્રિત** જીવન જીવે છે. ખબર કેમ પડે કે કોણ વ્યક્તિ દેહકેન્દ્રિત છે? તેનું લક્ષણ શું? તેનું એક લક્ષણ છેઃ જે માણસને સગવડ બહુ જ પસંદ હોય એ માણસ દેહ કેન્દ્રિત છે. દેહનો ધર્મ નિભાવવો પડે એમાં વાંધો નથી પણ તમે કોઈ પણ શુભ પ્રવૃત્તિ કરો ત્યારે દેહ બોધ કેન્દ્રમાં હોય તો એ દેહ કેન્દ્રિત વ્યક્તિ કહેવાય. જે સગવડ પ્રિય હોય, અગવડ પડે ને જે અકળાઈ જાય એ દેહ કેન્દ્રિત છે. સગવડ પ્રધાન માટે અંગ્રેજી શબ્દ છેઃ કંફર્ટ ઝોન, સગવડના એરિયામાં જ જેને જીવવું ગમે. ઘણીવાર એવું પણ બને કે આત્માની બહુ વાતો કરનાર પણ વૃત્તિથી દેહ કેન્દ્રિત હોઈ શકે છે. આત્માની વાતો થાય છે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અને વૃત્તિ દેહ કેન્દ્રિત હોય એનું કારણ મોહનીય કર્મનો ઉદય. આપણી અનાદિની આદત છે 'કંફર્ટ ઝોન'માં જીવવાની જ્યાં જાઓ ત્યાં સગવડ બરાબર છે કે કેમ એ તપાસીશું.

સગવડમાં જીવવાના સંસ્કાર છે તેનું મૂળ કારણ છે આદત. શરીર હંમેશાં આદતથી ચાલે છે. એકવાર જે આદત પડી ગઈ એ પ્રમાણે થાય તો મને શાતા, નહિતર અશાતા. જે રોજ ગાદલામાં સૂવે તેને તેમાં સૂવાની ટેવ પડી ગઈ છે અને બીજો જમીન પર સૂવે તેને ત્યાંની ટેવ પડી ગઈ છે. જેવી જેની આદત તેવી તેની કંફર્ટ ઝોન. આપણી આદત પ્રમાણે ના મળે અને છતાં તમે ચલાવી શકો અને તમારું મન સ્વીકારી શકે તો તમે સાધક કહેવાઓ. પુણ્યના ઉદયથી સગવડ મળે છે પણ સમાધિ તો સાધનાથી અને અંતર્મુખતાથી જ મળી શકે. સાધુને કોઈ વસ્તુની આદત પડે જ નહીં. કેમકે રોજ સ્થાન બદલાય, રોજ ગોચરીની વાનગી બદલાય, સમય કોઈ ફિક્સ હોય નહીં. એટલે જો આપણે અગવડમાં અટવાઈએ નહીં તો આપણે સાધક કહેવાઈએ. એટલે આપણે ત્યાં સાચો જ્ઞાની એ કહેવાય છે કે જેનો મોહનીય કર્મનો પણ ક્ષયોપશમ હોય.

બીજો માણસ તેને કહેવાય **જે મન કેન્દ્રિત છે,** આવા લોકો સુખપ્રિય હોય છે. અહીં એક વસ્તુની નોંધ લેવી ઘટે કે સુખ શબ્દના અર્થો જ્ઞાનીઓએ પોતાના અનુભવે કર્યા છે. કૃપાળુદેવે જ્યાં જ્યાં સુખ શબ્દ વાપર્યો છે એ આત્મિક સુખ માટે વાપર્યો છે. આપણે સુખ શબ્દ ભૌતિક અર્થમાં વાપરીએ છીએ. સુખ માટે શું કરવું જોઈએ? શરીરને બધું એક જેવું જોઈએ કેમકે તેની ટેવ પડી ગઈ હોય છે. મનને રોજ એક જ વસ્તુ નહીં. રોજેરોજ અલગઅલગ વિષય જોઈએ. મનને રોજ ખાવાનું અલગ જોઈએ, સાંભળવાનું રોજ અલગ જોઈએ, જોવાનું અલગ જોઈએ, લોકો અલગ અલગ પ્રકારના જોઈએ. મન એક જ વસ્તુથી કંટાળી જાય છે. મનનો રસ છે નવીનતા. પ્રવચન પણ રોજ અલગ અલગ વક્તાના ગમે તો તમે હજુ મન કેન્દ્રિત છો. મનને એકનું એક સુખ બીજી વાર મળે તો દુઃખનું કારણ બની જાય છે. અંતર્મુખીને એક જ વચનામૃત, એક જ પત્ર રોજ સંભળાવો તો પણ તેને ગમશે. કેટલા વિષયો બદલીશું? મને કોઈએ પૂછ્યું કે ભારતીય સંસ્કૃતિ અને

પશ્ચિમની સંસ્કૃતિમાં શું ફરક? ત્યારે મેં કહ્યું કે વસ્તુઓ બદલવી પડે એ વેસ્ટર્ન કલ્ચર અને વૃત્તિઓ બદલવી પડે એ ઇસ્ટર્ન કલ્ચર. અધ્યાત્મની દુનિયામાં કામ ભીતર કરવાનું છે, બદલવાનું ભીતરથી છે, બહારથી વસ્તુઓ બદલવાની જરૂર નથી.

શુભ પ્રવૃત્તિ અને ધર્મ પ્રવૃત્તિમાં ફરક છે. પ્રવૃત્તિ માત્ર બહાર હોય છે એ યાદ રાખજો. શુભ પ્રવૃત્તિમાં ચિત્તનું અનુસંધાન બહાર હોય છે, ધર્મ પ્રવૃત્તિમાં ચિત્તનું અનુસંધાન ભીતર હોય છે. ઉદાહરણથી સમજીએ, હું પૂજા કરું છું કેમકે મારું પુણ્ય બંધાય, હું અઠાઈ તપ કરું છું કેમકે મારું પુણ્ય બંધાય છે. સંસારી જીવનું શુભ પ્રવૃત્તિનું લક્ષ્ય હોય છે. હવે મુમુક્ષુને પૂછો કે તમે અઠાઈ કેમ કરી, તો જવાબ મળશે આત્માની નજીક જવા માટે. ઉપવાસનો અર્થ થાય છેઃ આત્માની નજીક બેસવું. બહાર બંનેની પ્રવૃત્તિ એકસમાન છે પરંતુ એકનું અનુસંધાન બહાર છે, બીજાનું અનુસંધાન ભીતર છે. ચાલો, આપણે શુભને ધર્મમાં બદલીએ. લક્ષ્ય પુણ્યવૃદ્ધિનું નહીં, આત્મશુદ્ધિનું રાખીએ.

ત્રીજા પ્રકારના લોકો છે **ચિત્ત કેન્દ્રિત.** આવા લોકોના જીવનનું કેન્દ્ર છે પ્રસન્નતા. એટલે આનંદઘનજીએ ગાયું છેઃ "ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું" ચિત્તની પ્રસન્નતા એ પૂજાનું ફળ છે. ચિત્ત સાથે પ્રસન્નતાનો જ ગુણ જાય, મન સાથે સુખ શબ્દ જ જાય. સુખ કરતા પ્રસન્નતા લાંબી ટકે છે. શરીર આદતથી ચાલે, રોજ એક જ વસ્તુ જોઈએ. મન નવીનતા પર ચાલે, રોજ નવી વસ્તુ જોઈએ. એવી રીતે ચિત્તને સંતુષ્ટિ જોઈએ. ચિત્તની પ્રસન્નતા ટકશે આ સંતુષ્ટિના કારણે. જો પ્રસન્ન રહેવું હોય તો સંતોષ રાખતા શીખી જાઓ.

સંતોષના ગર્ભમાં પ્રસન્નતાનો જન્મ થાય છે. સંતોષી થવા માટે લાલસા છોડવી પડે. અમુક ઉંમર પછી કે અમુક કમાયા પછી જીવનમાં બ્રેક મારવી પડે. વધુ પડતી ઇચ્છાઓ રાખનાર ક્યારેય પ્રસન્ન રહી શકે નહીં. એક પ્રશ્ન પૂછું કે તમને જેટલું મળ્યું છે એ તમારા પુણ્ય કરતા વધુ મળ્યું છે કે ઓછું? તમારી મહેનતથી વધુ મળ્યું છે કે ઓછું? તમારી બુદ્ધિ કરતા વધુ મળ્યું છે કે ઓછું? વધારે મળ્યું છે ને ? તો ય તમે પ્રસન્ન કેમ નથી જવાબ આપશો? કારણ બહુ મજાનું છે અને એ છે કે વધુ મેળવવાની લાલસામાં જે મળ્યું છે તેની આપણે હત્યા કરી નાખીએ છીએ! વધુ ભેગું કરવાની લાલસામાં જે ભેગું કરેલું છે તેને પણ આપણે ભોગવી શક્તા નથી! વધુની દોડમાં જે છે એ તો દેખાતું જ નથી. પ્રસન્ન રહેવા માટે વધુ મેળવવાની જરૂર નથી, જે મળેલું છે એના પર નજર ઠારવાની જરૂર છે. ગઈ કાલે હું સ્વાધ્યાય કરતો હતો અને એમાં આવ્યું કે સ્વર્ગના દેવતાઓ અને ઇન્દ્રો પણ સુખી નથી કેમકે એમની નજર 'હજુ બીજા દેવતા અને ઇન્દ્ર પાસે વધુ કેમ છે' એના પર છે.

હમણાં જ એક વ્યક્તિને મળ્યો અને વાતચીતમાં એટલી ખબર પડી કે આ દુનિયામાં આત્મા અમર છે કે કેમ એ અનુભવનો વિષય છે પણ ઇચ્છા અમર છે, એ દરેકનો અનુભવ હશે. આ ઇચ્છા ક્યારેય મરતી નથી, એ અમરવેલની જેમ વધતી જ જાય છે. ઇચ્છાઓને કોઈ ક્યારેય પૂરી કરી શક્યું નથી, એને તો સંયમિત કરીને જીતી શકાય છે. દરિદ્ર બે પ્રકારના છે યાદ રાખજો. એક જેની પાસે ધન નથી તે દરિદ્ર અને બીજા જેની પાસે ધન તો છે પણ સંતોષ નથી એ દરિદ્ર. પહેલી દરિદ્રતાનો તો હજુ અંત આવી શકશે પણ આ અસંતોષ રૂપી દરિદ્રતાનો અંત ક્યારેય આવતો નથી.

ચોથા પ્રકારના લોકો **આત્મ કેન્દ્રિત** છે. આવા લોકો સાચા અર્થમાં આધ્યાત્મિક છે, એકલા રહેવું જેમને ગમે છે, મૌન રહેવું જેને ગમે છે, ધ્યાનમાં ઉતરવું જેને ગમે છે, પોતાની કંપની જેને ગમે છે, એ આત્મ કેન્દ્રિત સાધક છે અને આવી વ્યક્તિ જ આનંદની અનુભૂતિ કરી શકે છે. સુખનો માર્ગ જીવને પરમાં લઈ જાય છે, આનંદનો માર્ગ જીવને સ્વમાં લઈ જાય છે. સ્વમાં આનંદ સિવાય બીજું કશું નથી, પરમાં દુઃખ સિવાય બીજું કશું નથી અને એટલે જ પરમકૃપાળુદેવ કહી ગયા છેઃ સ્વમાં વસ, પરથી ખસ, આટલું બસ. આટલું જ કરવાનું છે પણ જીવની વૃત્તિ એવી બહિર્મુખી છે ને કે એ આટલું

**(અનુસંધાન પાના નં. ૨૦ પર)**

પરમનો સ્પર્શ - ૧૨૬

# પોતાનો દોષ, પારકાની ખીંટીએ !

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

ભીતરમાં રહેલાં કામ અને ક્રોધને પ્રગટવા માટે તમે સતત નિમિત્ત શોધો છો! વૃત્તિ જેવી માયાવી કે ઠગનારી દુનિયા આ વિશ્વમાં એકે નથી. બાહ્ય જગતના રાગદ્વેષ એ વૃત્તિનાં ભાવતા ભોજન છે. જેમકે વાસનાગ્રસ્ત મન ક્યારેય એનો પીછો છોડતું નથી. કોઈ ભક્ત સૂરદાસ હોય કે જે ચિંતામણિનાં વચનોથી જાગીને વાસનામાંથી વૈરાગ્ય જીવનમાં વળી જાય. આવી જ રીતે કષાય વ્યક્તિને બહારના જગતમાં સદાય ભ્રમણ કરાવતા રહે છે. મનમાં ક્રોધ જાગે તો સ્વ પર નહીં, બલ્કે અન્ય પર જાગે. ગુસ્સો ચડે તો પોતાનાથી નીચેની વ્યક્તિ પર થાય. ક્રોધનો કષાય વ્યક્તિને સતત વિશેષ ક્રોધિત બનાવતો રહે છે. આવો ક્રોધ વ્યક્તિને પોતાને તો બાળે છે, પણ એના આખા કુટુંબને પણ બાળે છે. દરેક વ્યક્તિમાં ઓછેવત્તે અંશે આ કષાયો વસેલા હોય છે.

કોઈ વ્યક્તિમાં અતિ ક્રોધ હોય, તો કોઈ વ્યક્તિમાં તીવ્ર કામવાસના હોય. કોઈ વ્યક્તિના જીવનનું કેન્દ્રબિંદુ દ્રવ્ય-લાલસા હોય, તો કોઈ વ્યક્તિ લોભથી સદા પ્રજ્વલતો હોય. દરેક સાધકમાં વત્તે ઓછે અંશે આ હશે. આને માટે સંત કબીરે 'અરુઝના' અને 'સરુઝના' એવા બે શબ્દો પ્રયોજ્યા છે. 'અરુઝના' એટલે ફસાવું અને 'સરુઝના' એટલે છૂટવું. માનવી બાહ્ય બાબતોમાં ફસાય છે, તો લોકો એમ માને છે કે આ માણસ જુદી જુદી વૃત્તિઓમાં ફસાઈ ગયો છે, પરંતુ એ જ માણસ ધર્મનો દેખાવ કરે છે તો એને એમાંથી મુક્ત માને છે. જ્યારે સંત કબીર આવી વ્યક્તિને પણ વૃત્તિના કીચડમાં ખૂંપેલી જ માને છે. એમને મન તો સાધક પોતાના સ્વરૂપભાવને અને આત્મભાવને છોડીને ગમે ત્યાં જશે, તો એ ફસાવાનો જ. એમાંથી છૂટવાનો કે મુક્તિ પામવાનો નથી.

વ્યક્તિ પોતાના લક્ષ્યને બહારની બાજુ શોધતો હોય છે. સંત કબીરના કહેવા પ્રમાણે આવી રીતે બહારની દુનિયામાં એને ખોળતાં ખોળતાં તો તેનો પ્રાણ છૂટી જશે અને એ પોતે સાવ કોરાધાકોર રહી જશે. જીવનનું પરમ લક્ષ્ય તો પોતાનું સ્વરૂપ છે અને એ સત્સંગ તથા વિવેકથી સમજી શકાય છે. એને બહારથી ખોળી શકાતું નથી.

પોતાના ભીતર પ્રતિ ગતિ કરતી વ્યક્તિએ એક પ્રયોગ કરવો જોઈએ. આધ્યાત્મિકતા એ માત્ર વિચાર નથી, બલ્કે પ્રયોગ છે. અધ્યાત્મ એ આચરણલક્ષી પ્રયોગ છે. એણે સ્વયં ચકાસવું જોઈએ કે એનામાં કામવિકાર જાગ્યો અને તે અન્ય વ્યક્તિ પર કે બીજા કોઈ દૃશ્ય પર વાસનાગ્રસ્ત હોવાનો આરોપ મૂકે છે, પણ હકીકતમાં તો એ પોતે વાસનાગ્રસ્ત હોય છે. ક્રોધ જાગ્યો અને વ્યક્તિ સામેની વ્યક્તિ પર ક્રોધિત બને, ત્યારે એ એવો દાવો કરે છે કે આના વર્તન કે વાણીને કારણે હું ક્રોધિત થયો. હકીકતમાં ક્રોધને તો એ વ્યક્તિએ પોતે ઉત્પન્ન કર્યો હોય છે. કદાચ આવી જ ઘટના કોઈ અંતર્મુખ સાધકના જીવનમાં બને, તો એને ક્રોધ નહીં ચડે. કદાચ એ જ ઘટના કોઈ સંત પ્રત્યે બને, તો સંત ક્રોધને બદલે કરુણા વરસાવશે.

કશાય કારણ વિના કોઈ પજવતું હોય, તો સામાન્ય વ્યક્તિને જરૂર ક્રોધ ચડે, કોઈ સંત હોય તો આવી વ્યક્તિ પ્રત્યે ક્ષમાભાવ દાખવે અને રામ હોય તો અયોધ્યાની રાજગાદી છીનવી લેનારી કૈકેયીનો ઉપકાર માને. પ્રભુ મહાવીર હોય તો વિના કારણે ઉપસર્ગ આપનારા સંગમદેવની ચિંતા કરે કે એણે મારા પર ક્રોધ કરીને કેવાં કેવાં કર્મો બાંધ્યાં ! એમને ક્રોધ ન આવે, કિંતુ એમનામાં કરુણા જાગે. આમ, આપણે ક્રોધિત થઈએ, વાસનાગ્રસ્ત બનીએ કે લોભ કરીએ, ત્યારે એ કરનારા આપણે પોતે જ હોઈએ છીએ, પરંતુ આપણે એમ માનીએ છીએ કે એ કરાવનાર સામેની વ્યક્તિ છે. આમાં હું લેશમાત્ર કારણરૂપ નથી.

હકીકતમાં કાર્ય કરનાર તમે છો અને પેલી

વ્યક્તિ તો માત્ર નિમિત્ત છે. એના નિમિત્તે તમે તમારી બહેકેલી વૃત્તિને પ્રગટ કરી છે. હવે વિચાર કરો કે તમારામાં કામભાવના હોત જ નહીં, તો પછી વાસના જાગવાનો સવાલ જ ક્યાં હતો? તમારામાં સતત મૈત્રી અને ક્ષમાનો ભાવ વસતો હોય, તો સામેની વ્યક્તિ પર ક્રોધ કરવાનો અર્થ જ ક્યાં હતો.

આનું તાત્પર્ય એ છે કે તમારી ભીતરમાં જ કામવાસના હતી. માત્ર નિમિત્ત મળતાં એ પ્રગટ થઈ છે અને એ પ્રગટાવનારા તમે પોતે છો, છતાં એનું આરોપણ બીજા પર કરો છો. તમારામાં રહેલી આ વૃત્તિઓ પર તમારો કોઈ વિજય નહોતો. અરે ! કેટલીક વૃત્તિઓને તો તમે પાળી-પોસીને, પંપાળીને સાચવી રાખી હતી, જ્યારે કેટલીક વૃત્તિ તમારા ભીતરમાં હતી, પણ તમને એની જાણ નહોતી. હવે તમને એની જાણ થઈ છે, આથી આ વૃત્તિને ઓળખવાનું કામ કરવું જોઈએ, દમન કરવાનું નહીં.

જો વ્યક્તિ વૃત્તિનું દમન કરે, તો એ વૃત્તિ ફરી સંયોગ પ્રાપ્ત થતાં પુનઃ જાગૃત થઈ જશે. ફરી એવો સંજોગ ઊભો થશે કે વ્યક્તિની કામવાસના નિરકુંશ બની જશે. એટલે મૂળ વાત એ છે કે વ્યક્તિએ પોતાની ભીતરમાં પડેલાં કષાયો, કામનાઓ, તૃષ્ણા અને અપેક્ષાને ઓળખવા જોઈએ. આને માટે આંતરદર્શન સિવાય બીજું કોઈ ઔષધ નથી.

તમે ભીતરમાં પ્રવેશ કરો અને એ કષાયના મૂળ સુધી પહોંચો તો જ એને દૂર કરી શકાય અને આ ભીતરમાં પહોંચવું હોય, તો તમારે અંદરની દુનિયામાં ડોકિયું કરવું પડે. તમારા અંદરની દુનિયામાં જે બિંબ છે, એનું જ બહારની દુનિયામાં પ્રતિબિંબ હોય છે. જો એ ભીતરમાં પડેલી મૂળ વૃત્તિને તમે પારખી શકો, તો પછી તમારું બાહ્ય જગત બદલાઈ જશે. ફરી ક્યારેક એવી જ ક્રોધ જગાડનારી ઘટના બનશે, પણ તમે એ વ્યક્તિ પર ક્રોધિત થવાને બદલે ક્ષમાભાવ દાખવશો. સ્વામી દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધીજી કે નેલ્સન મંડેલાના જીવનમાંથી આનાં પ્રત્યક્ષ દૃષ્ટાંતો મળે છે.

ક્યારેક વાસના કે લોભની લીલાને તમે જોશો અને તમે પોતે જ તમારી ભીતરમાં એનું શમન કરશો. એટલે ભીતરની દુનિયાના તળમાં જવું છે, અંતઃસ્તલના તળિયે જવું છે અને એ અંતઃસ્તલના તળિયે જાવ એટલે તમને એ તોફાની વૃત્તિઓની પ્રત્યક્ષ મુલાકાત થશે.

ખ્યાલ આવશે કે મારામાં જે કોઈ કષાય છે, એનું કારણ બીજો કોઈ નથી, હું પોતે જ છું અને જેમ જેમ એ વૃત્તિ, કષાય કે દુર્ભાવની ઓળખ થતી જશે, તેમ તેમ તમારું ભીતર પણ પરિવર્તન પામશે. પહેલાં કોઈનું વર્તન જોઈને ક્રોધનો જ્વાળામુખી ફાટીને એનો લાવા બહાર ફેલાવતો હતો. હવે ક્રોધ એ લાવારસ રૂપે પ્રગટ નહીં થાય. એ શાંતરસમાં પરિવર્તિત થઈ જશે અને શાંતરસમાં જેવો પરિવર્તિત થઈ જશે કે તત્કાળ એને ખ્યાલ આવશે, કે હું જેના પર ક્રોધ કરું છું એ ખોટી રીતે તો ક્રોધ કરતો નથી ને! દોષ મારો હોય અને બીજા પર તો ગુસ્સો ઉતારતો નથી ને ! મારે ક્રોધ કરવાને બદલે પરિસ્થિતિને સમજવી જોઈએ અને અહીં વ્યક્તિનો ગરમ ક્રોધ ઠંડો થઈ જશે અને એને બીજો પ્રશ્ન એ જાગશે કે આ ક્રોધ હું જેના પર કરું છું, એ વ્યક્તિ કે પરિસ્થિતિ ક્રોધને યોગ્ય છે ખરી ?

હવે સાધક બીજે પગથિયે જરા વ્યાપક દૃષ્ટિએ વિચારશે કે આવી ઘટનાથી આવા ઉત્તેજિત થવાની જરૂર નથી. એ ત્રીજે પગથિયે વિચારશે કે જરા મારા ભીતરમાં જઈને જોઈ લઉં કે આ નઠારા ક્રોધને હું વશ તો થઈ ગયો નથી ને !

એ પોતાની પ્રકૃતિના છેક તળિયે જઈને એનું સંશોધન કરવા લાગશે. અને પછી વિચારશે કે આવી રીતે ક્રોધ કરવાથી તો હું સામી વ્યક્તિને કેટલો બધો દુઃખી કરીશ. અને જો ક્ષમા દાખવીશ તો ન મારામાં કષાય જાગશે, ન એનો મારા પ્રત્યેનો સ્નેહભાવ સહેજે ઓછો થશે. આ રીતે સાધકના ભીતરમાં આંતરમંથન ચાલશે અને વ્યક્તિ જેમ જેમ ભીતરમાં જુએ છે, તેમ તેમ એની બહેકેલી વૃત્તિ કે તોફાની કષાયો શાંત થવા લાગશે. એને ભીતરમાં એક પ્રકારની શીતળતાનો અનુભવ થશે. અને એટલે જ સાધકને માટે સૌથી મહત્વની બાબત એ અંતર્મુખતા છે. એ અંતર્મુખ બનશે તો જ આત્મસ્વભાવમાં જઈ શકશે. ●●●

### શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્રનું અમૃતરસપાન (ક્રમાંક-૮૫)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

આપણી આધિમાં હાથે, માથે તથા સાથે; વ્યાધિમાં હાથે, માથે, સાથે; ઉપાધિમાં હાથે, માથે અને સાથે તથા સમાધિમાં હાથે, માથે અને સાથે કારુણ્ય-ભાવથી રહે છે એવા પરમકૃપાળુદેવની સુધાસ્પંદિની સરસ્વતી પત્રાંક-૩૩૧માં આલેખે છે કે "ભ્રાંતિગતપણે સુખસ્વરૂપ ભાસે છે એવા આ સંસારી પ્રસંગ અને પ્રકારોમાં જ્યાં સુધી જીવને વહાલપ વર્તે છે; ત્યાં સુધી જીવને પોતાનું સ્વરૂપ ભાસવું અસંભવિત છે, અને સત્સંગનું માહાત્મ્ય પણ તથારૂપપણે ભાસ્યમાન થવું અસંભવિત છે. જ્યાં સુધી તે સંસારગત વહાલપ અસંસારગત વહાલપને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ખચીત કરી અપ્રમત્તપણે વારંવાર પુરુષાર્થનો સ્વીકાર યોગ્ય છે. આ વાત ત્રણે કાળને વિષે અવિસંવાદ જાણી નિષ્કામપણે લખી છે."... ઉપદેશછાયા-૪ માં આલેખે છે, "જગતમાં ભ્રાંતિ રાખવી નહીં, એમાં કાંઇ જ નથી. આ વાત જ્ઞાનીપુરુષો ઘણાજ અનુભવથી વાણી દ્વારા કહે છે. જીવે વિચારવું કે મારી બુદ્ધિ જાડી છે. મારાથી સમજાતું નથી. જ્ઞાની કહે છે તે વાક્ય સાચાં છે. યથાર્થ છે, એમ સમજે તો સહેજે દોષ ઘટે." વહાલપનું રૂપાન્તરણ થવું ઘટે.

આપણે શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત 'સમાધિતંત્ર' ગ્રંથનું અમૃતરસપાન કરી રહ્યા છીએ. સમાધિતંત્રનું નામ સમાધિસૂચક છે. આપણે શ્લોક ત્રેપનમાં વિચાર્યું કે આત્મસ્વરૂપની ભાવના કેવી રીતે ભાવવી ? આચાર્યદેવ આત્માર્થીને કહે છે કે આત્મા સંબંધી વાત કરવી, સંસાર સંબંધી વાતોનો ત્યાગ કરવો. આત્મસ્વરૂપના જ્ઞાનપ્રાપ્તિ માટે જ્ઞાની સદ્ગુરુને પૂછવું, જેથી શ્રદ્ધા દઢ થાય તેમજ જ્ઞાન નિર્મળ થાય. આત્મસ્વરૂપની ઇચ્છા રાખવી. બાહ્ય પદાર્થની કે ઇન્દ્રિયવિષયના સુખની ઇચ્છા ન રાખવી. આત્મસ્વરૂપની ભાવનામાં નિરંતર મગ્ન રહેવા પુરુષાર્થી બનવું, જેથી અવિદ્યાનો નાશ થાય અને વિદ્યા સ્વરૂપ આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય. બહિરાત્મા વિચારણા કરે છે કે શરીર અને વચન જડ-અચેતન છે, તેની પૃચ્છા કેમ કરવી ? એવી ભ્રાન્તિ અને અભ્રાન્તિ સ્વરૂપ અંતરાત્માના ભાવને શ્લોક (૫૪)-ચોપનમાં વ્યક્ત કરે છે :-

**शरीरे वाचि चात्मानं सन्धत्ते वाक् शरीरयोः ।**
**भ्रान्तोऽभ्रान्तः पुनस्तत्त्वं पृथगेषां निबुध्यते ॥५४॥**

**અન્વય** : वाक्शरीरयोः भ्रान्तः वाचि शरीरे च आत्मानं संघत्ते पुनः अभ्रान्तः एषां तत्त्वं पृथक् निबुध्यते ।

**શબ્દાર્થ : वाक्शरीरयोः** = વચન અને શરીરમાં જેને આત્મભ્રાન્તિ છે તેવો બહિરાત્મા, **वाचि शरीरे च** = વચન અને શરીરમાં, **आत्मानं संघत्ते** = વચન અને શરીરમાં આત્માનું આરોપણ કરે છે અર્થાત્ વચન અને શરીરને આત્મા માને છે, **पुनः** = પરંતુ, **अभ्रान्तः** = વચન અને કાયામાં આત્મભ્રાન્તિ નહીં કરનાર અંતરાત્મા, **एषां तत्त्वं** = તેમના (આત્મા અને વાણી-કાયાના સ્વરૂપને), **पृथक्** = એક-બીજાથી ભિન્ન, **निबुध्यते** = જાણે છે.

**ભાષાંતર :** વચન અને શરીરમાં જેને આત્મભ્રાન્તિ છે તેવો બહિરાત્મા વચન અને શરીરને આત્મા માને છે પરંતુ વચન અને કાયામાં આત્મભ્રાન્તિ નહિ કરનાર અંતરાત્મા (આત્મા અને વચન-શરીરના સ્વરૂપને) એકબીજાથી ભિન્ન જાણે છે.

**ભાવાર્થ :** શ્રી પૂજ્યપાદ આચાર્ય બહિરાત્મા અને અંતરાત્માના અભિપ્રાય-માન્યતાને લક્ષણથી પ્રસિદ્ધ કરવા સમજૂતી આપે છે. અનંતકાળથી બહિરાત્મા વચન અને શરીરને આત્મભ્રાન્તિને કારણે આત્મા માને છે. વચન-વાણી તે હું છું. તેમાં ફેરફાર હું કરી શકું તથા કાયા-શરીરને આત્મા માને છે. તેનાથી ઉત્પન્ન થતાં સુખ-દુઃખને પોતાના માને છે અને કર્મ-

બંધ કરી પરિભ્રમણના ચક્રમાં ભમ્યા કરે છે. જ્યારે અંતરાત્મા ભેદજ્ઞાનના પુરુષાર્થથી વચન અને શરીરથી ભિન્ન હું આત્મા છું એમ માને છે, જાણે છે.

બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માના સ્વરૂપને વિશદતાથી પૂ. પૂજ્યપાદ આચાર્યે આ ગ્રંથમાં સમજાવ્યું છે. આત્માર્થી બહિરાત્માની માન્યતાથી મુક્ત થઇ અંતરાત્મા થઇ શકે છે. જે જીવ અંતરાત્માની યોગ્યતાને પ્રાપ્ત થયો છે તે સ્વ પુરુષાર્થની અખંડ ધારાએ પરમાત્મભાવની પરિણતિને પહોંચી જાય છે. અખંડ નિત્ય નિજાશ્રયમાં લીન થઇ સાદિ અનંતકાળ આત્માનંદમાં રહે છે.

મન, વચન, કાયા સંબંધી અનેક રોગ જોવા મળે છે. કેટલાક મનના ભિન્ન ભિન્ન પ્રકારના રોગથી પીડાય છે. કેટલાક વચનથી પીડાતા હોય છે. અનેક લોકો શરીરના રોગથી પીડાતા હોય છે. સાચો રોગ તો આત્મભ્રાન્તિનો છે. **'આત્મભ્રાન્તિ સમ રોગ નહિ.'** કારણ કે ચાર ગતિમાં રખડવાનું નિમિત્ત પોતા વિષેની ભ્રાન્તિ છે. 'શરીર હું છું. શરીર સાથે જોડાયેલા પત્ની, પુત્ર, ભાઈ, બહેન, ધનદોલત એ બધું મારું છે' એ ભાવમાં જીવતાં જીવો કર્મબંધનથી દુ:ખી થઇ પરિભ્રમણ કરતાં જ રહે છે. એવા જીવો તે બહિરાત્મા છે.

ખરેખર શરીર અને વાણી પુદ્‌ગલની રચના છે. તે મૂર્તિક-જડ છે. આત્મસ્વરૂપથી વિપરીત લક્ષણવાળા છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, રૂપીપણું એ જડના લક્ષણ છે, છતાં અજ્ઞાની બહિરાત્મા તેમાં આત્મબુદ્ધિ કરે છે. શરીરને આત્મા માને છે. આ ભ્રાન્તિને કારણે, વિપરીત સમજણને કારણે શરીરાદિકની ભાવના ભાવે છે પણ આત્મભાવના કરતો નથી. પરિણામે દુ:ખી થઇને ભમ્યા કરે છે.

અંતરાત્માને જડ શરીરાદિ અને ચેતન આત્માના સ્વરૂપનું યથાર્થ ભેદજ્ઞાન છે. તે આત્માને શરીરાદિથી ભિન્ન જાણે છે. તેને શરીરાદિમાં આત્માપણાની ભ્રાન્તિ નથી. આત્માના અલગ અસ્તિત્વનું ભાન છે. તેથી નિરંતર આત્મભાવના ભાવે છે. જ્ઞાની સદ્‌ગુરુ વચન અને શરીરને અચેતન જાણે છે. પોતાને ચૈતન્યસ્વરૂપ અનુભવે છે. જ્ઞાની ભેદજ્ઞાનપૂર્વક જડ-ચૈતન્યને ભિન્ન માને છે. ભિન્ન જાણે છે. ચૈતન્ય સ્વરૂપ આત્મા પોતે છે તેવું અસ્તિત્વ વેદાય છે તેથી બીજા કોઇ પદાર્થોમાં સ્વપ્નેય પોતાપણાની ભ્રાન્તિ થતી નથી. એટલે પર્યાયે પર્યાયે, ક્ષણે ક્ષણે, કાર્યે કાર્યે આત્મભાવના રહે છે. ભેદજ્ઞાનના બળે જ્ઞાની અંતરાત્માથી આગળ વધીને સ્વ પુરુષાર્થના બળે કેવળજ્ઞાની થઇ સિદ્ધદશાને વરે છે.

બહિરાત્મા શરીર અને વાણીમાં પોતાપણાની ભ્રાન્તિ રાખીને ભૂલો પડ્યો છે. આ ભૂલનું ભાન ન થાય ત્યાં સુધી સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. અપૂર્વ અવસર આવતાં સદ્‌ગુરુનો બોધ પરિણમે ત્યારે ભ્રાન્તિથી મુક્ત થાય છે.

**દૃષ્ટાન્ત :** એક ભૂલો પડેલો બહિરાત્મા ગામમાં ફરતાં ફરતાં વૃક્ષને જુએ છે. વૃક્ષના થડને જોઇને તેને વળગી પડે છે. થોડીવાર પછી વૃક્ષથી છૂટવા વિચારે છે પણ વૃક્ષથી છૂટી શકતો નથી તેથી મોટેથી બોલે છે, "કોઇ મને આ વૃક્ષથી, તેના થડથી છોડાવો. 'હું' વૃક્ષથી બંધાઈ ગયો છું. અરે ! કોઇ મને આ બંધનથી મુક્ત કરાવો, કોઈ મને છોડાવો." આજુબાજુથી માનવ સમુદાય ભેગો થઇ જાય છે. બધા જુએ છે. અરે ! આ માણસ વૃક્ષના થડને પકડીને ઊભો છે અને બોલે છે કે મને છોડાવો - છોડાવો પણ કાંઇ વૃક્ષે તેને થોડો બાંધ્યો છે ! તે વૃક્ષને વળગીને ઊભો છે. તે વૃક્ષને છોડી દે તો તે છૂટો જ છે પણ કોઇ વ્યક્તિ આગળ આવતાં નથી. કોઇ જ્ઞાની સદ્‌ગુરુ આગળ આવીને સમજાવે છે. પોતે વૃક્ષને પકડે છે અને કહે છે કે જો આમ કર, વૃક્ષથી તું મુક્ત થઇ જઇશ. તે બહિરાત્માની યોગ્યતા પ્રાપ્ત થાય, અંતરમાં સત્ય તરફનું વલણ થાય અને અંતરથી સમજે કે ખરેખર જે વ્યક્તિ થડને પકડીને ઊભો છે તેણે આ રીતે કર્યું અને તે બંધનમુક્ત થયો. તેની સમ્યક્ વિચારણા કરી તે પ્રમાણે આચરણ કરે તો તે મુક્ત થઇ શકે. સદ્‌ગુરુના વચનમાં શ્રદ્ધા રાખીને તે પ્રમાણે બહિરાત્માએ કર્યું તો વૃક્ષના થડથી મુક્ત થઇ ગયો. ત્યારે સદ્‌ગુરુએ કહ્યું, "મિત્ર ! તું તો મુક્ત જ હતો પણ તારી માન્યતાથી તું બંધનમાં હતો. વૃક્ષે તને પકડ્યો ન હતો. તારી વિપરીત માન્યતાથી તું બંધાયેલો હતો. સદા તું મુક્ત છો."

આ વિચારણાનું ઘૂંટણ થતાં બહિરાત્મામાંથી અંતરાત્મા થઇ શકે છે. શ્રી આચાર્યદેવ સરળ શૈલીમાં બંધનથી મુક્તિની વાત સમજાવે છે.

હવે શબ્દનો વિશેષ ભાવ સમજીએ.

**વિશેષાર્થ :** પૂ. આચાર્ય પૂજ્યપાદસ્વામી દુર્લભ વાતને - વિષયને સુલભતાથી સમજાવે છે. બહિરાત્મા શરીર-વાણી વગેરેને આત્મા માને છે તેથી તે ભ્રાન્તિમાં જીવે છે.

(૧) भ्रान्तः वाक्शरीरयोः आत्मानं संघते : ભ્રાન્ત આત્મા શરીરાદિને, વચનયોગને આત્માના માને છે. મારાથી ભિન્ન છે એવું સમજતો કે માનતો નથી. તેની પાસે ભેદજ્ઞાનની કલા નથી. જો ભિન્નતાની કલા પ્રાપ્ત થાય તો અંતરાત્મા બની શકે છે. પૂર્વના શુભ સંસ્કારોના ઉદયથી, સત્સંગ કે સત્‌શાસ્ત્રના યથાર્થ વિચારથી, સદ્‌ગુરુના ઉપદેશથી ભૂલ સમજાય તો અહો! અહો ! સદ્‌ગુરુનું માહાત્મ્ય વેદાય - તે માહાત્મ્ય વેદાતા બોલી ઉઠે - "હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો. મેં તમારા અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો, મેં વિચાર કર્યો નહીં. તમારા પ્રણીત કરેલા ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારા કહેલા દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતાને મેં ઓળખ્યા નહીં. હે ભગવન્ ! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું. હે પરમાત્મા તમારાં કહેલા તત્ત્વ વિના મારો મોક્ષ નથી.... નીરાગી પરમાત્મા ! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું." આ વિચારણાથી બહિરાત્મા અંતરાત્મા થઇ શકે છે.

(૨) अभ्रान्तः पृथक् निबुध्यते : અંતરાત્મા જ્ઞાની ધર્માત્મા શરીરાદિકને, વચનને આત્માથી ભિન્ન માને છે. પ્રત્યેક કાર્યમાં આત્માને સદા ઊર્ધ્વ જ રાખે છે. બાહ્ય સંયોગો કે પદાર્થમાં ભળી જતાં નથી. સ્વરૂપના આસ્વાદનમાં રહે છે. શ્રી પૂજ્યપાદ સ્વામી અપર ગ્રંથ 'ઇષ્ટોપદેશ' માં લખે છે, "દેહાદિ પર પદાર્થ છે. તે પર જ છે. તેને પોતાના માનવાથી દુઃખ થાય છે. કિન્તુ આત્મા આત્મા જ છે. અર્થાત્ આત્મા પદાર્થ પોતાનો છે. તે ક્યારેય પણ દેહાદિક રૂપ થઇ શકશે નહિ. તેના આશ્રયે સુખની પ્રાપ્તિ થાય છે માટે મહાપુરુષો તેને માટે જ ઉદ્યમશીલ હોય છે." ભ્રાન્તિથી મુક્ત થયેલો આનંદરસને મહાલતો પરમાત્મા પ્રતિ દોડ લગાવે છે.

જેમ લવણ પાણીમાં ઓગળી જાય છે તેમ અંતરાત્માનું ચિત્ત ચૈતન્યમાં ઓગળી જાય છે. સમરસી થઇ જાય છે. અંતરાત્મા આત્મજ્ઞાનથી ભિન્ન કોઈ કાર્યને લાંબા સમય સુધી સ્વબુદ્ધિમાં ધારણ કરે નહિ. જો પ્રયોજનવશાત્ વચન-કાયથી કંઇ પણ કરવાનો વિકલ્પ કરે તો તે અનાસક્તપણે કરે, તેમાં (વિષયમાં) ભળે નહિ. કારણ કે સતત આત્મામાં ભળેલા રહે છે. અંતરાત્મા સ્વબોધથી પુરુષાર્થથી દઢબળવાળો બને છે. શ્રી આચાર્ય ગુણભદ્રસ્વામી 'આત્માનુશાસન' ગ્રંથના શ્લોક ૧૯૪માં કથન કરે છે કે "તું નિશ્ચયથી માન કે આ શરીર દુષ્ટ-શત્રુના જેવું છે. જેમ શત્રુ હાથમાંથી છૂટા પડ્યા પછી ફરી કાબૂમાં આવવો અત્યંત મુશ્કેલ છે, તેમ મનુષ્યશરીર પણ એક વાર અબોધ પરિણામે છૂટ્યાં પછી ફરી કાબૂમાં આવવું મુશ્કેલ છે. આત્મબોધ શરીરને કાબૂમાં રાખવાનો અમોઘ મંત્ર છે. તેમજ આ શરીર આત્મબોધ વગર છૂટું પડે તો વધુ મુશ્કેલ છે કારણ કે જો જ્ઞાનબળ ઉત્કૃષ્ટ હોય તો શરીરાદિ આત્મબળથી વશ થઇ શકે તેથી અમૂલ્ય અવસરે આત્મબળને ટકાવી, સ્વવિકાસ સાધી ઉત્તરોત્તર વધુ દઢતાને ધારણ કર."

પરમકૃપાળુદેવ બહિરાત્માને બોધ આપે છે. આત્મસિદ્ધિ શાસ્ત્રના ઉપસંહારમાં કહે છે,

**"આત્મભ્રાન્તિ સમ રોગ નહીં, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ,**
**ગુરુ આજ્ઞા સમ પથ્ય નહીં ઔષધ વિચાર ધ્યાન."**

શરીરાદિ, ધન-દોલત, સ્ત્રી, પુત્ર, પરિવાર મારાથી ભિન્ન છે એવું ભાન નથી, તે આત્મભ્રાન્તિમાં રમણ કરતો જીવ છે. જો બહિરાત્માને સુજાણ સદ્‌ગુરુ રૂપી વૈદ્ય મળી જાય તો તેનો ભ્રાન્તિરોગનો ઇલાજ થઇ શકે. સદ્‌ગુરુની આજ્ઞા તે પથ્ય છે. ગુરુઆજ્ઞારૂપી ચરી-આજ્ઞાનું પાલન કરવું આવશ્યક છે. પછી સદ્‌ગુરુ ઔષધ આપે છે. તે ઔષધ છે વિચાર અને ધ્યાન. તો હે આત્માર્થી ! તું બહિરાત્મામાંથી મુક્ત થઇ

અંતરાત્મા થઈ શકે પછી નિરંતર આત્માનું વેદન વેદાય છે. આત્મા લક્ષમાં રહ્યા જ કરે છે.

શ્રી શુભચંદ્ર આચાર્ય જ્ઞાનાર્ણવ, ધર્મ ભાવનાના શ્લોક સત્તરનાં (૧૭) ભાવાર્થ લખે છે, "જે ભેદજ્ઞાનના બળે આત્મામાં વર્તે છે તેને સર્વ, અગ્નિ, વિષ, વાઘ, સિંહ, રાક્ષસ કે રાજાદિકના બંધનથી દ્રોહ થતો નથી. કદાચિત દ્રોહ થાય તો ભેદજ્ઞાનના બળથી સ્વરક્ષિત રહે છે." આવી વિશેષતા અંતરાત્મા આત્મબળથી અનુભવે છે.

પૂ. બેનશ્રી ચંપાબહેનની અધ્યાત્મ સરસ્વતી કહે છે, "સ્વરૂપની લીલા જાત્યંતર છે. મુનિરાજ ચૈતન્યના બાગમાં રમતાં રમતાં કર્મના ફળનો નાશ કરે છે. બહારમાં આસક્તિ હતી તે તોડી સ્વરૂપમાં લીન થાય છે. સ્વરૂપ જ તેમનું આસન, સ્વરૂપ જ નિદ્રા, સ્વરૂપ જ આહાર છે. સ્વરૂપમાં જ વિચરણ કરે છે. સંપૂર્ણ શ્રામણ્ય પ્રગટાવી તેઓ લીલામાત્રમાં શ્રેણી માંડી કેવળજ્ઞાન પ્રગટાવે છે.... અનંત કાળથી જીવને પોતાથી એકત્વ અને પરથી વિભક્તપણાની વાત રુચી નથી." જો રુચિ થાય તો બાહ્ય જગતથી દૃષ્ટિ ફરી જાય. દૃષ્ટિ ફરતાં શ્રદ્ધામાં આત્માનો મહિમા આવે. મહિમાથી મહિમાવાન પ્રતિ બહુમાન આવે. બહુમાન આવતાં બહિર્દૃષ્ટિથી મુક્ત થવાય - આ મુક્તિ અંતરાત્મા સુધી પહોંચે છે અને આત્મામાં ટકાય છે. ભળાય છે પમાય છે. આત્માનંદમાં જીવાય છે."

ભ્રાન્તિથી વાણી કાયામાં, આત્મા અજ્ઞાની માનતો;
ભ્રાન્તિ મુક્ત ખરું જાણે, ત્રણેનું તત્ત્વ ભિન્ન તો. ૫૪

**- પૂ. બ્રહ્મચારીજી**

**वाक्कायमें निरखता निजको हि अज्ञ,**
**तो देहका वचन का वह हे न विज्ञ ।**
**ज्ञानी कहे मम नहीं यह देह भार,**
**होता अतः वह सुशीघ्र भवाब्धि पार ॥५४॥**

**- પૂ. આચાર્ય વિદ્યાસાગરજી**

વચ કાયે જીવ માનતો, વચ તનમાં જે ભ્રાન્ત,
તત્ત્વ પૃથક છે તેમનું, જાણે જીવ નિર્ભ્રાન્ત ૫૪

**- શ્રી છોટાલાલ ગાંધી**

(ક્રમશઃ)

## આનંદની શોધમાં ભટકતો માનવી ...

પાના નં. ૧૪ પરથી ચાલુ...

કરવા તૈયાર નહીં થાય, એ બહારના બધા જ ઉધામા કરી લેશે પણ પોતાનામાં સ્થિર નહીં થાય. કેમકે આપણી જ બહિર્મુખી વૃત્તિના કારણે આ સાધના સૌથી અઘરી થઈ પડી છે.

હું સાધનામાં બેસું છું ત્યારે ઘણીવાર આ મન તોફાને ચઢે છે, જાતજાતના વિચારો અને વૃત્તિઓના મોજાં ઉછળીને ચેતન મનની સપાટીએ આવીને મનને ડહોળી નાખે છે. થોડીવાર પણ સ્થિર બેસવું મુશ્કેલ લાગે અને ત્યારે વિચાર આવે કે કેવા હશે મહાવીર પ્રભુ અને એમની આત્મ દશા કે જેઓ સાડાબાર વર્ષ સુધી એકલા ઘોર વનમાં વિચરતા રહ્યા, કેવા હશે આનંદઘનજી અને એમની આત્માની મસ્તી કે જેઓ મેવાડના જંગલોમાં મૌન ભાવે આત્માની સાધના કરતા રહ્યા ! અહોભાવથી મસ્તક નમી જાય છે. સાધનાની વાતો કરવી સહેલી છે, સાધના ભલભલા માટે લોઢાના ચણા ચાવવા બરાબર છે. ધર્મ એકાંતમાં બેસી આત્માની અનુભૂતિનો માર્ગ હતો, એને આપણે આપણી અપાત્રતા અને અજ્ઞાનના કારણે ભીડમાં ભેળવી સામાજિક અને પારંપરિક બનાવી દીધો.

છતાં કોઈ સાધકે નિરાશ નથી થવાનું, ભલે થોડો પણ એકાંત, મૌન અને ધ્યાનનો અભ્યાસ કરવો જ રહ્યો અને તો જ આનંદ જે આપણા આત્માનો મૂળ સ્વભાવ છે તેને હું વાસ્તવિક રીતે અનુભવ કરી શકીશ.અનુકૂળતાના વિરોધમાં પ્રતિકૂળતા છે, સુખના વિરોધમાં દુઃખ છે, પ્રસન્નતાના વિરોધમાં ખિન્નતા છે, પણ આનંદના વિરોધમાં કોઈ શબ્દ નથી. એ સમગ્ર દ્વંદથી મુક્ત છે. આ ચાર પ્રકારના લોકોમાંથી ક્રમશઃ આપણે પહેલામાં હોઈએ તો બીજી ભૂમિકામાં આવીએ, બીજા તબક્કામાં હોઈએ તો ત્રીજી દશામાં જવાનો પ્રામાણિક પ્રયાસ કરીએ અને એમ કરતાં કરતાં કોઈ સત્પુરુષના યોગબળના નિમિત્તે ચોથી ભૂમિકામાં જવાની સાધના કરીએ. એ દિશામાં આપણી સૌની મંગળયાત્રા થાય એ જ આત્મહિતનો આત્યંતિક માર્ગ છે.

## શ્રી દેવચંદ્રજી ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

**૨૩ મા તીર્થંકર ભગવાન શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન પ્રારંભ**

પ્રભુભક્તિ અને તત્ત્વજ્ઞાનથી ભરપૂર એવા એક પછી એક અણમોલ સ્તવનો ગણિશ્રી દેવચંદ્રજી પીરસીને આપણને પણ તેમની સાથે પ્રભુભક્તિના રંગમાં રંગે છે. આપણે તેમાં રંગાઈ જઈએ એમાં જ આપણું કલ્યાણ છે. સ્તવનોની આ મધુર શૃંખલામાં હવે પ્રભુના ગુણગાનથી છલકાતું, મહિમાવંત પ્રભુના કેટલાક અનોખા ગુણોનો મહિમા ગાતું તીર્થંકર ભગવાન પાર્શ્વનાથનું આ સ્તવન માણતાં એવું લાગે કે ગણિશ્રી જ્યારે પ્રભુભક્તિમાં અત્યંત લીન થઈ પ્રભુના સ્વરૂપ સાથે એકત્વ સાધતાં હશે ત્યારે જ આવા અદ્ભુત ભાવો તેમના હૃદયમાંથી નીકળી શકે અને ખરેખર બન્યું પણ એવું જ છે કે તેઓશ્રી સ્તવનની સાતમી કડીમાં ખંભાત નગરે પાર્શ્વપ્રભુ ('સુખસાગર' પાર્શ્વનાથ) ના દર્શનથી જે પ્રભુભક્તિનો ઉમળકો આવ્યો તે અનુભવ વ્યક્ત કરે છે. એમ કહી શકાય કે આ સ્તવન તે વખતના અદ્ભુત ભાવોનું જ આલેખન છે. કેટલાંક કઠિન શબ્દો આવશે પણ પહેલાની જેમ પૂજ્યશ્રી વિજયકલાપૂર્ણસૂરીજી મહારાજ અને પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીના વિવેચનનો આશરો લઈ સરળ બનાવવાનો બનતો પ્રયત્ન કરીશું. તો હવે માણીએ આ સ્તવનને!

**સહજ ગુણ આગરો સ્વામી સુખ સાગરો,**
**જ્ઞાન વયરાગરો પ્રભુ સવાયો;**
**શુદ્ધતા એકતા તીક્ષ્ણતા ભાવથી,**
**મોહરિપુ જીતી જય પડહ વાયો. સહજ૦૧**

**શબ્દાર્થ :** મારા સ્વામી સહજ ગુણોનું ધામ છે અને સુખના સાગર છે. (જ્ઞાન વયરાગરોના બે અર્થ) જ્ઞાનરૂપી વજની, જ્ઞાનરૂપી હીરાની ખાણ છે - અથવા - જ્ઞાન અને વૈરાગ્યથી ભૂષિત છે. મારા પ્રભુ સવાયા અર્થાત્ સર્વશ્રેષ્ઠ છે. પ્રભુએ શુદ્ધતા, તન્મયતા અને (વીર્ય ગુણની) તીક્ષ્ણતાના ભાવથી મોહશત્રુને જીતી વિજયનો ડંકો વગાડ્યો છે. (આગરો = ઘર, ધામ; સવાયો = સૌથી શ્રેષ્ઠ; એકતા = તન્મયતા; તીક્ષ્ણતા = તીવ્રતા; મોહરિપુ = મોહશત્રુ; જય પડહ વાયો = વિજયનો ડંકો વગાડ્યો)

**વિશેષાર્થ :** ગણિશ્રી દેવચંદ્રજી પહેલી બે પંક્તિમાં પ્રભુ કેવા છે તે સૂચવે છે અને પછીની પંક્તિઓમાં પ્રભુ કઈ રીતે તેવી દશા પામ્યા તેની વાત કરે છે. **"સહજ ગુણ આગરો"**-પ્રભુ સહજ ગુણોનું ધામ છે, કહો તો અનંત ગુણોનું ગોદામ છે પ્રભુ ! સહજ એટલે સ્વાભાવિક આત્મિક ગુણો જેવા કે જ્ઞાન, આનંદ, વીર્ય જે આત્માનો સ્વભાવ જ હોવાથી અજ્ઞાન અને મોહનું આચ્છાદન સંપૂર્ણ હટી જતાં અંદરથી જ આવા અનંત ગુણો પ્રભુને શુદ્ધપણે પ્રગટે છે. આપણામાં આવા જ અનંત ગુણો શક્તિપણે છે પણ અજ્ઞાન મોહ, વિષય કષાયથી આવરિત છે તેથી પ્રગટ થતા નથી. છદ્મસ્થ જ્ઞાનીપુરુષોને તે આંશિકપણે પ્રગટ છે. પ્રભુને સર્વથા પ્રગટ થાય છે અને તેથી પ્રભુને જ 'સહજ ગુણ આગરો' ગુણોનું ધામ કહેવાય છે. **"સ્વામી સુખ સાગરો"** - દેવચંદ્રજી કહે છે, મારા સ્વામી સુખના સાગર છે ! સાગર તે વિશાળતા, ઊંડાણ અને અસીમતાનું પ્રતીક છે. પ્રભુનું સુખ આવું છે; અનંત છે કારણ કે અતીન્દ્રિય છે, નિરાબાધ છે, સ્વાધીન છે, નિરૂપાધિક છે અને સ્વભાવમાંથી આવતું હોવાથી અનંતકાળ પ્રભુ તેનો ક્ષણે ક્ષણે ભોગવટો કરે છે, કરતા રહેશે. **"જ્ઞાન વયરાગરો"**-પ્રભુમાં જ્ઞાન અને વૈરાગ્યનો સુંદર સમન્વય છે. જ્ઞાન કેવળજ્ઞાનરૂપે અનંત છે અને વૈરાગ્ય વીતરાગતારૂપે પરિપૂર્ણ થઈ ચૂક્યો છે. "જ્ઞાન વયરાગરો" નો બીજો અર્થ સૂચવતાં પૂજ્યશ્રી કલાપૂર્ણસૂરિ મહારાજ કહે છે પ્રભુનું જ્ઞાન વજ્ર જેવું અને હીરાની ખાણ જેવું છે, જેમાંથી લોકાલોકને પ્રકાશતી નવી નવી જ્ઞાન-પર્યાય નીકળતી જ રહે છે. વળી **"પ્રભુ સવાયો"**- પ્રભુ બધી વાતમાં આપણાથી

અને બધા જ્ઞાનીઓથી પણ સવાયા છે ! અર્થાત્ તેમનાથી ચડિયાતું કોઇ નથી; તેઓ સર્વ અપેક્ષાએ સર્વશ્રેષ્ઠ પરમાત્મા છે.

પ્રભુ કઇ રીતે આમ અનંત સહજ ગુણોના સ્વામી અને સુખના સાગર બન્યા તેનો ખુલાસો કરતાં શ્રી દેવચંદ્રજી કહે છે કે **"શુદ્ધતા, એકતા અને તીક્ષ્ણતા"** આ ત્રણ આંતરિક શક્તિ વડે મોહશત્રુને હરાવી ત્રણ લોકના નાથ થયા. 'શુદ્ધતા' સમ્યક્જ્ઞાનની, 'એકતા' સ્વરૂપ તન્મયતાની, આત્મરમણતાની અને 'તીક્ષ્ણતા' પરાક્રમી વીર્યગુણની - આ ત્રણ પારમાર્થિક શસ્ત્રો વડે મોહરિપુને જીતી વિજયનો ડંકો વગાડ્યો. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે "દશ લાખ સુભટોને જીતનાર કંઇક પડ્યા છે, પરંતુ સ્વાત્માને જીતનારા બહુ દુર્લભ છે." પ્રભુ પાર્શ્વનાથે સ્વાત્માને જીતવાનું દુર્લભ કાર્ય કરી "જય પડહ વાયો !", પ્રભુએ મોહશત્રુને જીતી લીધો. તે મોહનીય કર્મ માત્રનો નહિ પણ તે કર્મ ઉપજાવનાર મોહરાજા અને રાગ-દ્વેષ-અજ્ઞાનરૂપ અંતરંગ શત્રુનો સર્વથા નાશ કર્યો.

ઉપાધ્યાયશ્રી યશોવિજયજી શ્રી શાંતિનાથ સ્તવનમાં કહે છે :

*પ્રભુ ગુણ અનુભવ ચંદ્રહાસ જ્યોં, સો તો ન રહે મ્યાનમેં,*
*વાચક યશ કહે મોહ મહા અરિ, જીત લિયો હૈ મેદાનમેં.*

અહીં પાર્શ્વપ્રભુએ જ્ઞાનની શુદ્ધતા, રમણતારૂપ ચારિત્રની એકતા અને વીર્યગુણની તીક્ષ્ણતારૂપી ત્રિધારી ચંદ્રહાસ (તલવાર) વડે મોહ મહા અરિને જીતી દશ લાખ સુભટને જીતવા કરતાં પણ મોટું પરાક્રમ કર્યું. હવે આગળ શ્રી દેવચંદ્રજી આ જ ત્રણ ગુણોને વિશેષરૂપે દર્શાવે છે :

**વસ્તુ નિજ ભાવ અવિભાસ નિષ્કલંકતા,**
**પરિણતિ વૃત્તિતા કરી અભેદે;**
**ભાવ તાદાત્મ્યતા શક્તિ ઉલ્લાસથી,**
**સંતતિ યોગને તું ઉચ્છેદે. સહજ૦૨**

**શબ્દાર્થ :** વસ્તુના નિજભાવનું, સ્વરૂપનું યથાર્થ જ્ઞાન તે શુદ્ધતા છે, વૃત્તિ આત્મપરિણતિ સાથે અભેદ કરવી તે એકતા અને વીર્યશક્તિનો એવો ઉલ્લાસ કે આત્મભાવ સાથે તાદાત્મ્યતા સધાય તે છે વીર્યશક્તિની તીક્ષ્ણતા - આ ત્રણેથી કર્મની સંતતિના સંબંધને, હે પ્રભુ ! તું ઉચ્છેદી નાખે છે. (અવિભાસ = યથાર્થ જ્ઞાન; નિષ્કલંકતા = શુદ્ધતા; પરિણતિ = આત્મપરિણામ; તાદાત્મ્યતા = લીનતા; સંતતિ = કર્મની પરંપરા; યોગ = સંબંધ; ઉચ્છેદે = નાશ કરે છે.)

**વિશેષાર્થ :** સૌ પ્રથમ શ્રી દેવચંદ્રજી પ્રભુના જ્ઞાનની નિષ્કલકતા  અર્થાત્ શુદ્ધતાની વાત કરે છે, જે મોહરિપુને જીતવામાં પ્રથમ શસ્ત્ર પહેલી ગાથામાં બતાવ્યું હતું. લોકાલોકને જાણનારું પ્રભુનું જ્ઞાન છે પણ તે કેવળજ્ઞાનની ઉત્પત્તિનું મૂળ કારણ તો છે- **"વસ્તુ નિજ ભાવ અવિભાસ"**- અર્થાત્ વસ્તુના નિજભાવને, વસ્તુના સ્વરૂપને જેમ છે તેમ યથાર્થપણે જાણવું. જડને જડરૂપે જાણવું અને ચેતનને ચેતનરૂપે જાણવું. **'બહુ' જ્ઞાન હોવા કરતાં 'યથાર્થ' જ્ઞાન વધુ અગત્યનું છે.** આવું સમ્યક્જ્ઞાન, જડ-ચેતનનો વિવેક, સ્વ-પરનું ભેદજ્ઞાન એ જ ખરેખર જ્ઞાનની નિષ્કલંકતા, શુદ્ધતા છે, જે ભેદજ્ઞાન જીવને શિવ બનાવે છે. કહ્યું છે ને કે : **"भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन"** *"જે કોઇ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે."* (શ્રી સમયસાર કળશ-૧૩૧) પ્રભુ પાર્શ્વનાથ જ્ઞાનની આવી શુદ્ધતા, યથાર્થતાથી જ સિદ્ધ થયા. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી 'ઉપદેશછાયા-આંક-૪ માં ફરમાવે છે :' *"જ્ઞાન તેનું નામ કે જે હર્ષ શોક વખતે હાજર થાય; અર્થાત્ હર્ષ, શોક થાય નહીં."* જ્ઞાનની આવી પૂર્ણ નિષ્કલંકતાથી જ પ્રભુ પાર્શ્વનાથ વીતરાગ, સર્વજ્ઞપદને પામ્યા. અહીં આપણે પણ સમજવાનું છે કે (ક્ષયોપશમ) જ્ઞાન ભલે ઓછું હોય પણ સંશય, વિભ્રમ અને મોહરહિત વસ્તુના સ્વરૂપનું યથાર્થ શુદ્ધજ્ઞાન જ આત્મજ્ઞાન અને ક્રમશઃ કેવળજ્ઞાન પમાડે છે. શિવભૂતિ મુનિ (મા રુષ - મા તુષ) નું ચરિત્ર આ બાબતમાં સૌને સુવિદિત છે.

વસ્તુ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન અને શ્રદ્ધા થતાં સાધકની વૃત્તિ વધુને વધુ અંતર્મુખ થઇ આત્મપરિણતિ સાથે અભેદતા, એકતા સાધવા લાગે છે. તેથી શ્રી

દેવચંદ્રજી કહે છે - "**પરિણતિ વૃત્તિતા કરી અભેદે**" આ છે આત્મા સાથે એકતારૂપ, આત્મરમણતારૂપ ચારિત્ર, મોહરિપુને જીતવા માટેનું 'એકતા' રૂપ બીજું અમોઘ શસ્ત્ર. સ્વ-પરનું યથાર્થ જ્ઞાન થતાં હવે વૃત્તિઓ પરભાવમાં રાચતી નથી પણ અંતરમાં જ અપૂર્વ સુખની ઝાંખી થતાં સર્વ વૃત્તિ, પરિણતિ આત્મસ્વરૂપ સાથે અભેદભાવે રમણતા કરે છે, લીન થાય છે. આત્મસ્થિરતા વધતાં સાધકની વીર્યશક્તિ જે પરભાવમાં વેડફાઈ જતી હતી તે વીર્યશક્તિ હવે પ્રભુભક્તિમાં અને વધુ ને વધુ આત્મભાવ સાથે તાદાત્મ્યતા સાધવામાં ઉલ્લાસપૂર્વક પ્રવર્તે છે. તેથી શ્રી દેવચંદ્રજી કહે છે : "**ભાવ તાદાત્મ્યતા વીર્ય ઉલ્લાસથી.**" પરમકૃપાળુદેવ માટે ગાંધીજી કહેતા કે "શ્રીમદ્જી વાયુવેગે મોક્ષ તરફ જઇ રહ્યા છે." આ જ છે વીર્યની તીક્ષ્ણતા, જે મોહરિપુને જીતવા માટેનું ત્રીજું શસ્ત્ર છે. પ્રભુ આ રીતે જ્ઞાનની નિષ્કલંકતા, આત્મા સાથે અભેદતારૂપ ચારિત્ર અને આત્મભાવમાં ઉલ્લાસપૂર્વકની તાદાત્મ્યતાથી ક્ષપણશ્રેણી માંડી શુક્લધ્યાનરૂપ વીર્યની તીક્ષ્ણતાથી '**સંતતિ યોગને તું ઉચ્છેદે**' - ભાવકર્મ - દ્રવ્યકર્મની અનાદિથી ચાલતી આવતી સંતતિના સંબંધને મૂળથી ઉચ્છેદી ઘાતીકર્મોનો સર્વથા નાશ કરી અરિહંત પરમાત્મા બન્યા. ગણિશ્રી આ શુદ્ધતા, એકતા, તીક્ષ્ણતાનું વધુ વિશ્લેષણ કરતાં આગળ કહે છે :

**દોષ ગુણ વસ્તુની લખિય યથાર્થતા,**
**લહી ઉદાસીનતા અપર ભાવે;**
**ધ્વંસિ તજજન્યતા ભાવ કર્તાપણું,**
**પરમ પ્રભુ તું રમ્યો નિજ સ્વભાવે. સહજ૦૩**

**શબ્દાર્થ :** વસ્તુના ગુણ-દોષની યથાર્થતા જાણી, આત્મભાવે રહી પરભાવથી ઉદાસીન થઇ અને તેની (પુદ્ગલ સંબંધથી) ઉત્પન્ન થતા પરના કર્તાપણાના ભાવનો નાશ કરી હે પરમપ્રભુ, તું પોતાના સ્વભાવમાં જ રમણ કરી રહ્યો છે. (લખિય = જાણીને; અપરભાવ = જે પર નથી એવો સ્વભાવ, આત્મભાવ; ધ્વંસિ = નાશ કરીને; તજજન્યતા = તદ્ + જન્યતા = તેનાથી, પુદ્ગલના નિમિત્તથી ઉત્પન્ન થતું).

**વિશેષાર્થ :** પ્રભુ સર્વજ્ઞ હોવાથી અને જ્ઞાનની સંપૂર્ણ 'શુદ્ધતા' હોવાથી વસ્તુના ગુણ અને દોષને યથાર્થપણે જાણે છે. વસ્તુ કહેતા જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્ય લઇએ, જેનો સંસારી જીવને અનાદિથી સંયોગ સંબંધ છે. તેમાં પુદ્ગલના ગુણ એટલે સ્પર્શ, રસ, ગંધ, વર્ણના ગુણવાળા પરમાણુ જે પુદ્ગલનું શુદ્ધ સ્વરૂપ છે તે જ્યારે સ્કંધરૂપે પરિણમી કર્મરૂપી સૂક્ષ્મ સ્કંધ કે ખુરશી, ટેબલ આદિ સ્થૂળ સ્કંધરૂપે હોય તેને પુદ્ગલનો દોષ કહેવાય છે. અર્થાત્ તે પુદ્ગલનું અશુદ્ધ સ્વરૂપ છે. સર્વજ્ઞ પ્રભુ આ ગુણ-દોષ યથાર્થપણે જાણે છે. તેથી જ સોના, રૂપા, ઇન્દ્ર-નરેન્દ્રના વૈભવ તે સર્વને પુદ્ગલનું જ સ્વરૂપ જાણી તેમાં ઉદાસીન રહે છે, માત્ર તેના દૃષ્ટા રહે છે. જીવના જ્ઞાન, દર્શનાદિ ગુણો જાણે છે તેમ જ ક્રોધાદિ વિભાવરૂપ દોષ પણ જાણે છે. પણ તે જાણપણામાં યથાર્થતા એ છે કે જીવમાં અનેક દોષો હોવા છતાં તેને ક્ષણિક જાણી પ્રભુ તો સર્વ જીવ સ્વભાવથી સિદ્ધસમાન જ છે એમ પણ જાણતા હોવાથી પ્રભુને સર્વ જીવ પ્રત્યે સહજ કરુણા અને વીતરાગતાથી નિષ્પન્ન સમત્વભાવ વર્તે છે, પછી તે ઉપસર્ગ કરનાર કમઠ હોય કે રક્ષા કરનાર ધરણેન્દ્ર દેવ હોય. આમ જ્ઞાનની યથાર્થતા અર્થાત્ 'શુદ્ધતા' થી "**લહી ઉદાસીનતા અપર ભાવે**"- વસ્તુના ગુણ-દોષનું યથાર્થ જ્ઞાન થતાં સહજ ઉદાસીનતા અર્થાત્ પરવસ્તુ અને પર ભાવના માત્ર જ્ઞાતાદૃષ્ટા રહી 'અપર ભાવ' અર્થાત્ જે ભાવ પર નથી, પોતાનો સ્વભાવ છે એવા આત્મભાવમાં રમણતા કરે છે. "*સકલ જ્ઞેય જ્ઞાયક તદપિ નિજાનંદ રસલીન*" આવી પ્રભુની અલૌકિક દશા છે. આ જ છે ચારિત્રની એકતા, જે મોહરિપુને હણવાનું બીજું શસ્ત્ર છે અને ત્રીજું આત્મવીર્યની તીક્ષ્ણતા એવી કે "**ધ્વંસિ તજજન્યતા ભાવ કર્તાપણું**" - તદ્+જન્યતા એટલે તેનાથી ઉત્પન્ન -'તેનાથી' એટલે તે પુદ્ગલના નિમિત્તથી એમ અહીં લેવું. પુદ્ગલના નિમિત્તથી જે "ભાવકર્તાપણુ" - પરભાવનું કર્તાપણું હતું તેનું પ્રભુએ વીર્યની તીક્ષ્ણતાથી ધ્વંસ કરી નાખ્યું, નાશ કરી નાખ્યું અને હવે માત્ર સ્વરૂપના, અનંત જ્ઞાનાનંદના અનંત કાળ સુધી કર્તા-ભોક્તા રહેશે.

યથા -

*કર્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;*
*વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય.*
*અથવા નિજ પરિણામ જે, શુદ્ધચેતનારૂપ;*
*કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ.*

(શ્રીમદ્ રાજચંદ્રજી - શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર-ગાથા-૧૨૧-૧૨૨)

અને આમ પરના અકર્તા-અભોક્તા અને સ્વરૂપના જ કર્તા-ભોક્તા બનતાં **"પરમ પ્રભુ તું રમ્યો નિજ સ્વભાવે"**-હે પરમ પ્રભુ ! તું હવે નિરંતર નિજ સ્વભાવમાં જ રમણતા કરી, તે સ્વભાવથી ઉત્પન્ન અનંત અવ્યાબાધ સુખનો ભોગવટો કરી રહ્યો છે. પરમપદ પ્રાપ્તિમાં શુદ્ધતા, એકતા અને તીક્ષ્ણતા આ ત્રણ ગુણોના યોગદાનની વાત વધુ સ્પષ્ટ કરતાં શ્રી દેવચંદ્રજી હવે જણાવે છે :

**શુભ અશુભ ભાવ અવિભાસ તહકીકતા,**
**શુભ અશુભ ભાવ તિહાં પ્રભુ ન કીધો;**
**શુદ્ધ પરિણામતા વીર્ય કર્તા થઇ,**
**પરમ અક્રિયતા અમૃત પીધું. સહજ૦૪**

**શબ્દાર્થ :** પાર્શ્વપ્રભુએ શુભ અને અશુભભાવને યથાર્થપણે જાણી શુભ-અશુભ ભાવ કર્યો નહીં. પણ શુદ્ધ પારિણામિક ભાવમાં વીર્ય પ્રવર્તાવી પરમ અકર્તાપણાનું અમૃત પીધું. (અવિભાસ = જાણવું; તહકીકતા = યથાર્થતા; શુદ્ધ પરિણામતા = પરમ પારિણામિક ભાવ; અક્રિયતા = અકર્તાભાવ)

**વિશેષાર્થ :** શુભ અને અશુભ ભાવો તે મારો સ્વભાવ નથી પરંતુ વિભાવ છે, આસ્રવ છે, કર્મબંધનું કારણ છે એવું શુભાશુભ ભાવોનું યથાર્થ સ્વરૂપ તો પ્રભુએ જ્યારે મુનિદશામાં હતા ત્યારે જ **"અવિભાસ તહકીકતા"**- યથાર્થરૂપે જાણીને નિશ્ચય કરી લીધો હતો. ખરેખર તો સર્વ સમ્યક્દૃષ્ટિ મહાપુરુષોને આવી અંતરંગ શ્રદ્ધા તો હોય જ છે, માત્ર ચારિત્રમોહના ઉદયથી ગુણસ્થાન પ્રમાણે બાહ્યાચરણમાં ફરક પડે. તીર્થંકર પ્રભુ તો સ્વયંબુદ્ધ હોવાથી શુભાશુભ ભાવોને યથાર્થપણે પરભાવો જાણવારૂપ જ્ઞાનની 'શુદ્ધતા' હોવાથી તે રાગ-દ્વેષરૂપ **"શુભાશુભ ભાવ તિહાં પ્રભુ ન કીધો"**- પ્રભુ તે પરભાવોથી સર્વથા ઉપર ઉઠી આત્મસ્વરૂપમાં 'એકતા' રૂપ પરિપૂર્ણ ચારિત્રમાં સ્થિર થયા છે; એટલું જ નહીં, અનંત વીર્યની 'તીક્ષ્ણતા' પણ એવી કે **"શુદ્ધ પરિણામતા વીર્ય કર્તા થઇ"** શુભાશુભ ભાવોને તીક્ષ્ણ પુરુષાર્થથી છેદીને હવે શુદ્ધ પરમ-પારિણામિક ભાવ, જ્ઞાયક ભાવમાં નિરંતર અવ્યાબાધપણે સ્થિર રહી સ્વરૂપના જ કર્તા રહેશે. વીર્યની એવી તીક્ષ્ણતા કે હવે અનંતકાળ સુધી પ્રભુને સ્વરૂપમાંથી કોઇ વિચલિત નહીં કરી શકે. વીર્યની તીક્ષ્ણતા મુનિદશામાં જ એવી હોય કે ગમે તેવો શુભ કે અશુભ પ્રસંગનો ઉદય હોય, ઈન્દ્રની સેવારૂપ શુભનો ઉદય કે કાનમાં ખીલાં ઠોકાય, કે માથે સગડી મુકાય એવા અશુભનો ઉદય, પણ '*હોત આસવા પરિસવા*' - આસ્રવના પ્રસંગને આ મહાપુરુષો નિર્જરામાં પલટાવી લ્યે છે ! શુદ્ધતા, એકતા અને તીક્ષ્ણતાના આવા ત્રિવેણી સંગમના ફળ સ્વરૂપે શું થયું ? તો પ્રભુની અલૌકિક દશાનું વર્ણન કરતાં ગણિશ્રી કહે છે, **"પરમ અક્રિયતા અમૃત પીધું."** પરનું અનાદિનું કર્તાપણું છૂટી ગયું તેથી 'પરમ અક્રિયતા' અને અનંત શુદ્ધ ગુણોના કર્તા-ભોક્તાપણારૂપ સક્રિયતાથી એવો અતીન્દ્રિય આનંદનો રસાસ્વાદ માણ્યો કે જાણે અમૃત પીધું. જગતમાં શ્રેષ્ઠ ગણાતા એવા અમૃતની ઉપમા તો આપી છે, પરંતુ પ્રભુનું ઐશ્વર્ય, અનંત ચતુષ્ટય, સ્વરૂપની મસ્તી અનુપમેય છે. અક્રિયતા એવી કે કમઠનો ઉપસર્ગ હોય કે ધરણેન્દ્રની સેવા-કોઇ પ્રતિક્રિયા નહીં, માત્ર સ્વરૂપ મગ્નતા ! આપણા જેવા પામર જીવો જે અનાદિથી પરમાં જ સક્રિય રહી સુખ માટે ફાંફા મારે છે તે આ અક્રિયતારૂપ અમૃતની કઇ રીતે કલ્પના કરી શકે ? પ્રભુની કે જ્ઞાની ભગવંતોની અક્રિયતા તે કોઈ નિષ્ક્રિયતા નથી પણ જ્ઞાતાદૃષ્ટા રહેવારૂપ સક્રિયતા છે, જ્યાં ક્રોધાદિ કષાયોનો અભાવ હોવાથી અમૃતસ્વરૂપ આત્મિક આનંદનો ભોગવટો કરે છે - 'સાદિ અનંત અનંત સમાધિસુખ' એવા અમૃતના ઘૂંટ નિરંતર પીતા રહે છે.

ગણિશ્રી દેવચંદ્રજી આ રીતે પ્રભુના ગુણગાન ગાઈ અટકતા નથી, પરંતુ પ્રભુભક્તિમાં અત્યંત ઉલ્લાસપૂર્વક એકતાન થઇ સ્વયં પ્રભુતાના માર્ગે કઇ રીતે પગલા માંડે છે તે યથાસમયે સ્તવનમાં આગળ જોઇશું, જે આપણને પણ સુંદર પ્રેરણાબળ પૂરું પાડશે.

(ક્રમશઃ)

# શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર (ક્રમાંક-૨૨)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

**અષ્ટ પ્રાતિહાર્ય : ૪. ચામર**

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

स्वामिन् ! सुदूर मवनम्य समुत्पतंतो,
मन्ये वदन्ति शुचयः सुरचामरौघाः ।
येऽस्मै नतिं विदधते मुनिपुंगवाय,
ते नून मुर्ध्वगतयः खलु शुद्धभावाः ॥२२॥

● **અન્વયાર્થ :**

(हे) स्वामिन् ! मन्ये शुचयः सुरचामर औघाः सुदूरं अवनम्य समुत्पतंतः वदन्ति "ये अस्मै मुनिपुंगवाय नतिं विदधते ते खलु शुद्धभावाः नूनं उर्ध्व गतयः ॥"

● **શબ્દાર્થ : स्वामिन् !** - (હે) સ્વામી !, **सुदूरम्** - અતિશય, **अवनम्य** - નીચે નમીને, **समुत्पतंतः** - ઉપર જતા, **मन्ये** - હું માનું છું કે, **वदन्ति** - (તેઓ) કહે છે, **शुचयः** - પવિત્ર, **सुर** - દેવોના, દેવો દ્વારા, **चामर औघाः** - ચામરોનો સમૂહ, **ये** - જેઓ, **अस्मै** - આ, **नतिं** - નમસ્કાર, **विदधते** - કરે છે, **मुनिपुंगवाय** - મુનિઓમાં શ્રેષ્ઠ, મુનીન્દ્રને (પાર્શ્વ પ્રભુને), **ते**- તેઓ, **नूनं** - ખરેખર, **उर्ध्वगतयः** - ઊર્ધ્વ ગતિવાળા, **खलु** - નિશ્ચયથી, **शुद्धभावाः** - શુદ્ધભાવયુક્ત.

● **સમશ્લોકી ગુજરાતી પદ્યાનુવાદ :**

(હરિગીત)

**દેવો વીંઝે જે પવિત્ર ચામર સ્વામી ! આપ સમીપ તે,**
**હું ધારું છું નીચા નમી ઊંચા જતાં એમ જ કહે;**
**મુનિશ્રેષ્ઠ એવા પાર્શ્વને જે નમન કરશે સ્નેહથી,**
**તે શુદ્ધભાવે ઊર્ધ્વગતિને પામશે નિશ્ચય થકી. (૨૨)**

(મંદાક્રાંતા)

**નીચે નીચે અતિ જઈ પછી ઉચ્ચતાને ધરંતા,**
**દેવો કેરા જગત જનને ચામરો છે કરંતા;**
**જેઓ નિત્યે શરણ ધરતા દેવના દેવ તારા,**
**નિશ્ચે તેઓ વિમળ મતિના ઉચ્ચ ગામી થનારા (૨૨)**

● **ભાવાર્થ :** હે સ્વામી ! હું માનું છું કે સમવસરણમાં દેવતાઓ આપની સમીપમાં જે પવિત્ર ચામરો વીંઝે છે તે ચામરો અત્યંત નીચા નમીને ફરી ઊંચા જતાં જાણે એમ કહે છે કે, "જે ભવિજનો આ મુનિપુંગવ શ્રી પાર્શ્વનાથ પ્રભુને શુદ્ધ ભાવથી નીચા નમીને વંદણા નમસ્કાર કરશે તે ખરેખર (અમ ચામરોની જેમ) ઊંચી ગતિ (મુક્તિ) પામશે."

● **વિશેષાર્થ / પરમાર્થ : "દિવ્યધ્વનિ"** માં '**ભક્તામર સ્તોત્ર**' ની લખાયેલ આપણી લેખમાળામાંથી '**પ્રાતિહાર્ય**' વિષેની પ્રાસંગિક નીચેની માહિતી આપેલ છે :-

જૈન (વીતરાગ) દર્શનમાં બે પ્રકારના ભગવાન કહેલ છે : (૧) જીવનમુક્ત, શરીરધારી અરિહંત (તીર્થંકર) પરમાત્મા અને (૨) દેહમુક્ત, ભવભ્રમણ (સંસાર) રહિત અશરીરી સિદ્ધ પરમાત્મા. અંતિમ આદર્શ અને સર્વોત્કૃષ્ટ સિદ્ધિને વરેલા, સાદિ અનંત સુખમાં સ્થિત એવા સિદ્ધનું સ્વરૂપ દર્શાવીને, ત્યાં પહોંચવાના (મોક્ષ) માર્ગના ઉપદેશક અરિહંતનું વ્યવહાર અપેક્ષાએ અત્યંત મહત્ત્વ છે. તેથી જ નવકાર મહામંત્રમાં પંચ પરમેષ્ઠિમાં અરિહંતને સિદ્ધની પહેલા નમસ્કાર કરેલ છે.

અરિહંત તીર્થંકર ભગવંત ૩૪ પ્રકારના અતિશય, ૮ પ્રાતિહાર્ય, ૩૫ પ્રકારની સત્ય-વચન-વાણી, ૧૦૦૮ ઉત્તમ લક્ષણ, ૧૮ દોષ રહિત અને ૧૨ ગુણે કરી સહિત છે.

અહીં પ્રસ્તુત છે : અતિશય, પ્રાતિહાર્ય અને ગુણો. અતિશય ૩૪ હોય છે અને તેનો શબ્દાર્થ તો એટલો જ છે કે અસામાન્ય, સામાન્ય મનુષ્યોમાં ન હોય તે. પરમાર્થ એમ છે કે તીર્થંકર નામકર્મના કારણે

વિશિષ્ટ શક્તિ અને પ્રભાવ. પ્રાતિહાર્ય ૮ હોય છે અને તેનો શબ્દાર્થ છે સેવક-રક્ષક. પરમાર્થ એમ છે કે કેવળજ્ઞાનના પ્રભાવે સમવસરણની શોભા અને પ્રભાવક. ગુણો ૧૨ હોય છે અને તેનો શબ્દાર્થ છે ઇચ્છનીય લક્ષણો. પરમાર્થ એમ છે કે તીર્થંકર નામકર્મના પ્રભાવે અને ચાર ઘાતી કર્મના અભાવે માત્ર અરિહંત (તીર્થંકર) માં જ હોય તેવા વિશિષ્ટ લક્ષણો.

તીર્થંકરના ૩૪ અતિશયોમાં; ૧૦ જન્મથી, ૧૧ કેવળજ્ઞાનના પ્રાગટ્યથી અને ૧૩ દેવકૃત હોય છે. કેવળજ્ઞાન પ્રગટ્યા પછી તીર્થંકર ભગવંતોનો મહોત્સવ સમવસરણાદિ રચીને દેવો ઉજવે છે ત્યારે તે દેવો વિશિષ્ટ પ્રતીકો રચીને પ્રભુની પર્યુપાસના કરે છે. તેને જૈન આગમમાં અષ્ટ (મહા) પ્રાતિહાર્ય કહ્યા છે. એક આમ્નાય પ્રમાણે અરિહંતના ૧૨ ગુણો તે આ ૮ પ્રાતિહાર્ય + ૪ અનંત ચતુષ્ટય (અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ અથવા અનંત જ્ઞાન-દર્શન-વીર્ય-સુખ).

'**કલ્યાણમંદિર સ્તોત્ર**' માં શ્લોક ૧૯ થી ૨૬ માં સિદ્ધસેન દિવાકરસૂરિજી ૮ પ્રાતિહાર્યોનું તેમની વિશિષ્ટ રૂપક શૈલીમાં અદ્‌ભુત રોચક વર્ણન કરે છે. અહીં અરિહંત પરમાત્માનું અનેક દિવ્ય સ્વરૂપોમાં ચિંતન અને સમવસરણમાં બિરાજમાન જિનેશ્વરનું આબેહૂબ પ્રત્યક્ષ હોય તેવું મનોહર શબ્દચિત્ર જોવા મળે છે. આ ૮ પ્રાતિહાર્યો દ્વારા પરમાત્માના બાહ્ય વૈભવનું લાક્ષણિક ઉપમાઓ દ્વારા વર્ણન કરતાં તેમાં સ્થિત સૂર્ય સમાન તેજસ્વી પ્રભુજીની અત્યંત ભાવપૂર્વક સૂરિજી સ્તુતિ કરે છે. પ્રભુની અંતર્વિભૂતિ તો કેવળજ્ઞાનાદિ ચૈતન્યગુણો છે, ને તેની સાથે તીર્થંકર પ્રભુને આવી અદ્‌ભુત બાહ્ય વિભૂતિ (અતિશયો અને પ્રાતિહાર્યો) હોય છે.

સાધક-વિવેકી જીવોને તે સ્પષ્ટતા કરે છે કે આ બાહ્ય વૈભવ (સમવસરણ, અતિશયો, પ્રાતિહાર્યો) પણ પરમાત્માનું સાચું સ્વરૂપ નથી, માત્ર પુણ્યપ્રભાવ છે. પરમાત્માનું વર્ણન બે રીતે કરે છે : (૧) અંતરંગ - આત્મિક દશા (પુરુષાર્થ આધીન) અને (૨) બહિરંગ વૈભવ - (પુણ્યાધીન). વીતરાગમાર્ગમાં પુણ્ય (અતિશય, પ્રાતિહાર્ય, સમવસરણ) કરતાં પવિત્રતા (વીતરાગતા) ની મોટાઇ છે.

આગમમાં પ્રાતિહાર્યની સંગ્રહણી ગાથા નીચે મુજબ છે :

**અશોકવૃક્ષ : સુરપુષ્પવૃષ્ટિ,**
**દિવ્યધ્વનીશ્ચામરમાસનં ચ ।**
**ભામંડલ દુન્દુભિઃ ત્રિછત્રં,**
**અષ્ટ પ્રાતિહાર્યાણિ જિનેશ્વરાણામ્ ॥**

**અર્થ :** (૧) અશોકવૃક્ષ, (૨) સુરપુષ્પવૃષ્ટિ, (૩) દિવ્યધ્વનિ (૪) ચામર, (૫) આસન (સિંહાસન), (૬) ભામંડલ (પ્રભામંડલ, આભા), (૭) (દેવ) દુંદુભિ અને (૮) ત્રણ છત્ર, એ આઠ જિનેશ્વરદેવોના પ્રાતિહાર્યો છે. સિદ્ધસેન દિવાકર સૂરિજીએ **'કલ્યાણમંદિર સ્તોત્ર'** માં પ્રાતિહાર્યોનો ક્રમ (શ્લોક-૧૯ થી ૨૬) આગમની સંગ્રહણી ગાથા મુજબ જ આપેલ છે. 'કલ્યાણમંદિર સ્તોત્ર'ના અનુગામી (આશરે ૩૦૦ વર્ષ પછી) 'ભક્તામર સ્તોત્ર' માં માનતુંગાચાર્યજીએ તેના શ્લોક ૨૮ થી ૩૫ માં પ્રાતિહાર્યોનો ક્રમ જુદો આપેલ છે. પ્રાતિહાર્યોનો કોઇ ખાસ ક્રમ નથી. દરેક સ્વતંત્ર રીતે શોભીને રક્ષક - -પ્રભાવક છે.

હવે આપણે સિદ્ધસેન દિવાકરસૂરિજીએ આ શ્લોક-૨૨ માં વર્ણવેલ ચોથા પ્રાતિહાર્ય ચામર વિષે વિચારીએ. શ્રી જિનેશ્વરદેવ (તીર્થંકર) દેશના સમયે દેવો રચિત સમવસરણમાં ઊંચા અશોકવૃક્ષ નીચે મણિમય સિંહાસન પર બિરાજે છે, ત્યારે તેમની બન્ને બાજુ દેવતાઓ વડે સુવર્ણના દાંડાવાળા શ્વેત ચામરો વીંઝાય છે. સમવસરણમાં જિનેશ્વરદેવ ચતુર્મુખ દેખાય છે. તેમની દરેક (ચારેય) બાજુ ૧૨ ચામરો ગણતા કુલ ૪૮ (આમ્નાય ભેદ ૬૪) ચામરો વીંઝાય છે.

જૈન પ્રણાલીમાં ચામર-વીંઝણું એ આત્મિક

ઉલ્લાસ, નમ્રતા અને પવિત્રતાનું પ્રતીક છે. આપણા ધર્મસ્થાનકોમાં વીતરાગ પરમાત્માની મૂર્તિ સાથે ચામર અવશ્ય હોય છે, મૂર્તિના પરિકરમાં ચિત્રાકારરૂપે તથા બાહ્યમાં ભૌતિક સાધનરૂપે (ચામર નૃત્ય, ચામર પૂજા માટે).

ભગવાનની વિવિધ પૂજાઓમાં એક ચામર પૂજા પણ હોય છે. શ્રદ્ધાળુઓ અને મુમુક્ષુઓ મંદિરો-દેરાસરોમાં પ્રભુના દર્શન, વંદના, પ્રદક્ષિણા પછી ધૂપ-દીપ-ચામર-દર્પણ-પંખો વગેરેથી પ્રભુ સમક્ષ અગ્રપૂજા કરે છે.

ચામરથી પ્રભુની પ્રભુતા અને પોતાની પામરતાનો અહેસાસ થાય છે. ચામરથી દાસત્વભક્તિ પ્રદર્શિત થાય છે. સમવસરણમાં ચામર વીંઝનારને દેવો જેવા ભાવ આવે છે. પાર્શ્વપંચકલ્યાણક પૂજાની ઢાળમાં પણ આવા જ ભાવ છે. યથા,

**બે બાજુ ચામર ઢાળે, એક આગળ વજ્ર ઉલાળે,**
**જઈ મેરુ ધરી ઉત્સંગે, ઇંદ્ર ચોસઠ મળીયા રંગે;**
**પ્રભુ પાર્શ્વજીનું મુખડું જોવા, ભવોભવના પાતિક ખોવા.**

નમનનું પરમાર્થ વિજ્ઞાન એમ છે કે પ્રભુને (સમજણ અને ભક્તિપૂર્વક) નમવાથી જીવનો અનાદિનો અહમ્ -મમત્વભાવ મંદ થતા થતા ક્ષીણ અને ક્ષય થાય છે. અનાદિના અગૃહિત મિથ્યાત્વરૂપ આ અહંભાવ અને માન કષાય જીવને ચારે ગતિ અને ૮૪ લાખ યોનીઓમાં રખડાવે છે. તેથી જ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું કે,

**જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત !**

જ્ઞાનીઓ કહે છે કે જિનેશ્વરને અનન્ય પ્રેમ, શ્રદ્ધા અને સમર્પણથી માત્ર એક જ નમસ્કાર કરવાથી ભવના બંધનો તૂટી જાય છે અને ભવની વેલ નિર્મૂળ થાય છે. યથા,

**જિનવર ચરણ કમળે નમે જે, પરમ ભક્તિ રાગથી;**
**તે જન્મવેલી મૂળ છેદે, ભાવ ઉત્તમ શસ્ત્રથી.**

અહીં ચામર વડે દેહની શોભા કહી છે, જ્યારે આત્મા તો કેવળજ્ઞાન-કેવળદર્શનરૂપ ચૈતન્યભાવ વડે શોભે છે. ધર્મી જીવ બન્નેની ભિન્નતા જાણીને ભેદજ્ઞાન કરે છે. અજ્ઞાની જીવ દેહાશ્રિત ગુણોને જ દેખે છે અને એકલા પુણ્યના બાહ્યવૈભવમાં જ રોકાઈ જાય છે. જે દેહાશ્રિત ગુણો તથા આત્માશ્રિત ગુણો એ બંન્નેની ભિન્નતાને જાણે અને તેમાંથી આત્મિક ગુણો વડે સર્વજ્ઞદેવને ઓળખે તેને જડ-ચેતનનું ભેદજ્ઞાન, ને રાગથી ભિન્ન શુદ્ધ આત્માનો અનુભવ થાય. તે મોક્ષસાધિકા પરમાર્થ ભક્તિ છે, જેને નિર્વાણભક્તિ કહે છે. અહીં એવી ભક્તિસહિતની વ્યવહારભક્તિનું વર્ણન છે.

જુઓ દૃષ્ટિ-દૃષ્ટિમાં ફેર છે. સામાન્ય (અજ્ઞાની, મતાર્થી) લોકો ચામરનો મહિમા દેખે છે, ત્યારે મુમુક્ષુની દૃષ્ટિમાં ચામરનો નહિ પણ તે ચામર જેને વીંઝાય છે તે ભગવાનનો મહિમા દેખાય છે. અજ્ઞાનીનું જ્ઞાન જ્ઞેયાકાર (ચામરરૂપ) બનીને તેમાં લુબ્ધ (આસક્ત) થઈને રોકાઈ જાય છે. જ્યારે જ્ઞાની (અપેક્ષાએ મુમક્ષુ સાધકો) નું જ્ઞાન જ્ઞાનાકાર (ચૈતન્ય આત્મારૂપ) બનીને જ્ઞેય (ચામર) માં રોકાઈ જતું નથી. પૂજ્યશ્રી આત્માનંદજી કહેતા કે ભગવાનના દર્શન કરતા જો આપણામાં શાંતભાવ, સમાધિભાવ, વિરક્તભાવ અને પરિણામે પ્રસન્નભાવ પ્રગટે તો તે સાચી ભક્તિ છે અને ફળે છે.

આ તીર્થંકર પરમાત્માનો ચોથો પ્રાતિહાર્ય 'ચામર' છે. ચામર આપણને ભાવોની શુદ્ધતા, વિનમ્રતા અને પરમાત્મા પ્રત્યે ભક્તિ તથા સમર્પણનું સૂચન કરે છે. સિદ્ધસેન દિવાકરસૂરિજી અહીં કુશળતાપૂર્વક ઉત્પ્રેક્ષા અલંકાર (દૃષ્ટાંત) વાપરીને ચામર દ્વારા કહે છે કે જે ભવ્ય આત્માઓ પોતાના અહંભાવને તથા પાંચ અંગને નમાવીને પ્રભુના ચરણમાં ઝૂકીને ભાવપૂર્વક નમસ્કાર કરે છે તેના ભાવોની વિશુદ્ધિ થાય છે અને કર્મોના ભારથી મુક્ત બની તે ઊર્ધ્વગામી બની જાય છે. એટલે કાળક્રમે શુદ્ધ સ્વરૂપને પામી લોકાગ્રે સિદ્ધગતિએ સ્થિર થઈ જાય છે. આ સંદર્ભમાં આગમમાં બાહુબલીજી અને

દશાર્ણભદ્ર રાજાના અધિકાર છે કે માન છોડીને પ્રભુને શરણે જતા કલ્યાણ થયું. બીજી બાજુએ, મરિચિના ભવમાં મદ કરવાથી મહાવીર પ્રભુના જીવને કેટલું સહન કરવું પડ્યું.

પ્રભુને (શુદ્ધના લક્ષે) શુભભાવથી વંદન કરવા જોઈએ એ મહત્વનો બોધ આપણને ચામર દ્વારા મળે છે. જો પ્રભુ પાસે જનારના શુભભાવ અને પૂજ્યભાવ ન હોય તો ઇચ્છિત આત્મિક લાભ થતો નથી અને પ્રભુના સંપર્કમાં આવનારના તેમના વિષે અશુભભાવ હોય તો વિપરિત પરિણામ આવે છે. એવા ભાવે સંપર્કમાં આવનારથી પ્રભુની આશાતના થાય છે અને જીવ ઊંચે ચડવાને બદલે નીચે ઉતરે છે. પાર્શ્વનાથ પ્રભુના સર્વ ગણધરો શુભભાવથી આજ્ઞામાં રહ્યા તો સર્વ તરી ગયા, જ્યારે કમઠ પ્રભુના સંપર્કમાં અશુભ વેરભાવથી આવ્યો તો તે અનેક ભવો રખડ્યો.

**સ્વામી** - શબ્દ રૂઢ અર્થમાં સત્તાવાચી માલિકપણું દર્શાવે છે, પણ અહીં સ્વામી શબ્દ માલિકના અર્થમાં નથી કે કોઈ સત્તાધીશનો વાચક નથી, પરંતુ મમતાપૂર્ણ ઐક્યભાવનો વાચક છે. હવે મારું કાંઇ નથી, બધું તેઓને સમર્પિત કરી દીધું છે તેવો ભાવ અહીં સ્વામી શબ્દમાં સમાયો છે. આચાર્યશ્રીએ આ પ્રકારની પ્રેમલક્ષણા ભક્તિનું અવલંબન લઈને ઉત્તમ ભક્તિનો ઉપદેશ આપ્યો છે.

શબ્દકોષ પ્રમાણે ચમરી ગાયની પૂંછડી અથવા શરીરના મુલાયમ રોમતંતુથી જે બને છે તેને **ચામર** કહે છે. હકીકતમાં પર્વતીય પ્રદેશોમાં ચમરી મૃગ હોય છે તેને ચમરી ગાય કહે છે. આખું મૃગ ચમકી રહ્યું હોવાથી તેને 'ચમરી' કહ્યું. આમ, **ચામર** શબ્દ ચમકતા દ્રવ્યને દર્શાવે છે. આ ચામરો ખરેખર ચમરી મૃગના વાળમાંથી નિર્મિત નથી પરંતુ દેવકૃત હોવાથી વૈક્રિય પુદ્‌ગલોથી બન્યા છે. પદમાં પણ **સુરચામર** કહેલ છે.

સામાન્ય અચેતન ચામરની ઉપર-નીચે થતી ક્રિયાથી સૂરિજીએ અત્યંત અર્થપૂર્ણ બોધનું આશ્ચર્યજનક ગ્રહણ કર્યું. ચામરનું પ્રધાન હલનચલન નમ્રતાથી પરિપૂર્ણ છે કેમ કે તે નીચે ઝૂકી રહ્યા છે, નમન કરી રહ્યા છે. ચામરની સાધારણ ક્રિયા-પ્રતિક્રિયા પતન (નીચે ઝૂકવું) અને ઉત્થાન (ઉપર ઉઠવું) ની તુલના ભવિજીવના નમન અને મુક્તિ સાથે અદ્‌ભુત રીતે કરી છે. જો આપણે નમનને ચિનગારી સમજીએ તો ઉત્થાન એ પાપોને ભસ્મીભૂત કરનારી (મોક્ષમાર્ગમાં મુક્તિ તરફ લઈ જનારી) જ્વાળા છે. આચાર્યશ્રી કહે છે કે નમનનો વિસ્તાર જ મુક્તિ છે. મુક્તિ ઇચ્છો તો નમો !

નમસ્કાર તો ઉત્તમ છે, પરંતુ નમસ્કારનું મહત્ત્વ ત્યારે છે કે જ્યારે યોગ્ય પાત્રના ચરણમાં નમસ્કાર થાય. નમન જ્યારે યોગ્ય ચરણોમાં થાય છે ત્યારે મહાફળ આપે છે. અહીં યોગ્યપાત્ર પાર્શ્વપ્રભુ છે જેને આ શ્લોકમાં **मुनिपुंगव** (મુનિઓમાં સર્વશ્રેષ્ઠ) કહેલ છે.

જે શુદ્ધભાવવાળા ભક્તજનો છે તેઓ પરમાત્માને નમન કરીને નિશ્ચિત ઊર્ધ્વગતિ-મુક્તિને પ્રાપ્ત કરે છે. નિશ્ચયાત્મક ભાવને વ્યક્ત કરવા માટે બે વિશિષ્ટ શબ્દો સૂરિજીએ આ શ્લોકમાં મૂક્યા : **नूनं** (ખરેખર) મુક્તિની ખાતરી આપે છે અને **खलु** (નિશ્ચયથી) શુદ્ધભાવની શરત રાખે છે. જો શુદ્ધભાવ છે તો નિશ્ચયથી મુક્તિ છે. અહીં શુદ્ધભાવનો અર્થ સામાન્ય વિચારશુદ્ધિ નથી, પરંતુ મોહનિરોધથી ચારિત્ર શુદ્ધિરૂપ જીવની પરિણતિ છે.

● **ઉત્થાનિકા :** હવે પછીના શ્લોક-૨૩ માં આચાર્ય સિદ્ધસેન દિવાકરસૂરિજી પાંચમા પ્રાતિહાર્ય 'સિંહાસન' નું સ્વરૂપ સમજાવે છે.

● **અંતમંગળ :** અંતમાં સર્વ જીવ અહમ્ છોડીને પરમ વિનયપૂર્વક પાર્શ્વપ્રભુના ચરણમાં નમીને ઊર્ધ્વગતિ (અને પરંપરાએ મુક્તિ) પામે એવી મંગલ ભાવના સાથે જિનાજ્ઞાથી કાંઇ વિપરીત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

# આત્મજાગૃતિનો અભ્યાસ (ભાગ-૨)

રમેશભાઈ કાંતિલાલ ખંધાર

ગયા લેખમાં જાગૃતિની સામાન્ય વ્યાખ્યા, વિવેક માટેની પાત્રતા, સ્વીકારભાવ કેમ નથી આવતો, વગેરેની વિચારણા કરી હતી. આ લેખમાં આસ્રવ-બંધની પ્રક્રિયા, જ્ઞાન ઉપયોગની સાધના, પ્રક્રિયા, દર્શનમોહના ક્ષય/ઉપશમ વિશેની પ્રક્રિયા વગેરેની વિચારણા કરીશું.

**આસ્રવ-બંધની સાધના-પ્રક્રિયા :**

આત્માની અજાગૃતિમાં જીવ અનાદિની વૃત્તિને વશ થઈ પ્રતિકાર આપે છે. અનાદિની વૃત્તિને અનુસરતા ફેરફાર કરવાની વિપરીત બુદ્ધિ જોર કરે છે અને રાગદ્વેષરૂપ પ્રતિકારો આપે છે. ઉદયપ્રસંગના અસ્વીકારમાં કર્મસિદ્ધાંતનો પણ અસ્વીકાર થાય છે. સર્વજ્ઞ ભગવાનની સર્વજ્ઞતાનો પણ અસ્વીકાર થાય છે. ઉપયોગ સંયોગથી પ્રભાવિત થઈ પ્રતિકાર આપે છે અને ઘટનાને અંદર લઈ જઈ અનાદિની વૃત્તિને પુષ્ટ કરે છે. ભાવકર્મના નિમિત્તે નવા કર્મનો બંધ થાય છે અને અનંત સંસારની સાંકળને લંબાવે છે.

**કોણ ગુલામ અને કોણ માલિક છે? :**

કોઈ પણ સમયે જીવ કર્મનો ગુલામ છે અને કર્મનો માલિક પણ છે. કર્મોદયની અપેક્ષાએ ગુલામ છે અને ઉદય પ્રત્યેના અભિગમ અપેક્ષાએ માલિક છે. સત્તામાં રહેલા કર્મોનો પણ જીવ આવરણ અપેક્ષાએ ગુલામ છે અને શુભ તથા શુદ્ધભાવ વડે તેનામાં ફેરફાર કરવાની સ્વતંત્રતાની અપેક્ષાએ માલિક પણ છે. સત્તાગત કર્મો અબાધાકાળ દરમ્યાન નિષ્ક્રિય રહે છે, આત્માને તેના વર્તમાન ઉપયોગના ઉઘાડને બાધા પહોંચાડી શક્તા નથી. અબાધાકાળ દરમ્યાન જીવ સત્તાગત અનિકાચિત કર્મનું ઉત્કર્ષણ, અપકર્ષણ અને સંક્રમણ કરી શકે છે તે અપેક્ષાએ આત્મા માલિક છે. સ્વ-પરના વિવેકથી ઘાતીકર્મનો બંધ અટકે છે અને શુભક્રિયાથી શાતાવેદનીય આદિનો બંધ પડે છે. નવીન કર્મના બંધને હળવા કરવા અને સત્તાગત કર્મોમાં માર્ગને અનુકૂળ તથા અનુરૂપ ફેરફાર કરવા અર્થે ધર્મક્રિયા છે. યોગરૂપ ધર્મક્રિયાથી બંધ અને ઉપયોગરૂપ અંતરપરિણતિથી અનુબંધ પડે છે. સ્વીકારભાવથી ઉદયકર્મોની નિર્જરા થાય છે અને અંતરપરિણતિમાં ભેદજ્ઞાનના અભ્યાસરૂપ વિવેકથી યોગ્યતા અનુસાર સત્તાગત કર્મોનું ઉત્કર્ષણ, અપકર્ષણ, સંક્રમણ અને ઉદીરણા થાય છે.

**આત્માને કોણ જગાડે છે ?**

નિંદા, અપમાન, પ્રતિકૂળતા, દેહની અશાતા વગેરે આપણને જગાડવા જ આવેલ છે. આત્માના કર્મમેલને ધોવાનો અવસર છે. દેવું ચૂક્તે કરવાનો અવસર છે. આપણી પૂર્વની ભૂલનું, નબળાઈનું ભાન કરાવે છે. તેના અસ્વીકારરૂપ આકુળતા-વ્યાકુળતા તો પૂર્વની ભૂલને દોહરાવવા બરાબર છે. પૂર્વના સંસ્કારને દૃઢ કરે છે. પરથી, પ્રસંગથી, ઉદયથી આપણે જેટલા દૂર, નિરાળા, નિર્લેપ રહીએ, તેમ તેમ તે નાના દેખાશે, સ્થૂળ જણાશે અને તુચ્છ ભાસશે. અભ્યાસ વધે તેમ, તે હોવા છતાં દેખાશે નહિ. ઉપયોગ ત્યાં અવકાશ નહિ લે. પછી તો માત્ર અબુદ્ધિપૂર્વકના, અકર્તાભાવરૂપ અતિ સૂક્ષ્મ વિકલ્પો રહેશે. પૂર્વના સંસ્કાર-વૃત્તિ ક્ષીણ થતી જશે તેમ તેમ નિર્વિકલ્પતાની ક્ષમતા વધતી જશે. ધ્યેય, તત્ત્વનિર્ણય, સિદ્ધાંત વગેરેમાં બાંધછોડ ન હોવી ઘટે. ગમે તેવી પ્રતિકૂળતામાં અમલીકરણમાં વધઘટ હોય, અર્થાત્, પ્રતિકાર કે પ્રતિસાદમાં તારતમ્યતા હોય પણ અભિપ્રાયમાં કોઈ પ્રકારની બાંધછોડ ન હોવી ઘટે.

**જ્ઞાનઉપયોગના બે છેડા :**

પૂર્વના ઋણાનુબંધરૂપ સંબંધો પ્રત્યેનું દેવું ચૂક્તે કરવા થોડુંઘણું આત્મધન તો વાપરવું જ પડશે. આત્મધનરૂપ જ્ઞાન ઉપયોગના બે છેડા હોય છે; અંતરપરિણતિરૂપ આત્મધન પોતાના માટે વાપરવું અને બાહ્ય પરિણામરૂપ આત્મધન કર્તવ્ય- ફરજ ચૂકવવા તથા અંતરપરિણતિને આધાર આપવા - પુષ્ટ કરવા અર્થે શુભક્રિયામાં વાપરવું. અંતરપરિણતિરૂપ આત્મધન ધારાવાહી છે અને બાહ્ય પરિણામરૂપ આત્મધન ક્રમવર્તી છે. આગળની ભૂમિકામાં બાહ્ય પરિણામને પણ ઉદય-પરિસ્થિતિના શાંત સ્વીકારભાવના અભ્યાસમાં વાપરવું આત્મહિતકારી છે. ઉદયાધીન વિકલ્પો ન કરવા પણ ઉદયને નિવર્તવારૂપ આત્મિક વિચારો વડે ઉદયને

આટોપવો.

**વસંતઋતુ કાયમ નથી રહેતી :**

બધી અનુકૂળતારૂપ વસંતઋતુ કાયમ રહેવાની નથી. પ્રતિકૂળતારૂપ પાનખરઋતુ તો આવવાની જ છે. 'સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયા, ટાળ્યા તે કોઈના નવ ટળે, રઘુનાથના (કર્મતંત્રના) ઘડિયા'. વસંતઋતુમાં બીજારોપણ અને ખેતી કરી હશે તો પ્રતિકૂળતામાં શાંત સ્વીકારભાવનો પાક લણી શકશો. અનુકૂળતામાં ભાવપૂર્વક સત્સંગ આદિ કરી વૈરાગ્ય અને ઉપશમ પ્રગટાવ્યા હશે તો પ્રતિકૂળતામાં ખમી ખુંદવાનું સરળ બની રહેશે. છૂટવાની ભાવના નથી અને સ્વરૂપની રુચિ નથી તો ભાવિ અંધકાર છે, સહરાના રણથી પણ ભયાનક વેરાન રણભૂમિ છે. નિરાશા અને હતાશારૂપ વિચારો અવચેતન મનના કચરાને પુષ્ટ કરે છે તથા ચંચળતા, અસ્થિરતા અને અશાંતિ વધારે છે. ઉપયોગનું વલણ બહિર્મુખ, ચંચળ અને અસ્થિર રહે છે. આ વાતને ખ્યાલમાં રાખી અનુકૂળતારૂપ મંદકષાયના વહેણમાં સત્સંગ, સ્વાધ્યાય, ચિંતન, મનન, વગેરે ભાવપૂર્વક કરેલા હશે તો પ્રતિકૂળતાના વહેણમાં આત્મવિચારે કરી સરળતાથી નિર્વિઘ્ને પાર ઉતરશું.

**પરમાં સુખબુદ્ધિરૂપ દર્શનમોહ કેવી રીતે ક્ષય/ઉપશમ કરાય ?**

તત્ત્વત્રયના આશ્રયે સત્સંગ-સ્વાધ્યાય-સત્સમાગમ કરી ચિંતન-મનનની ભૂમિકામાં આવવું જરૂરી છે. પણ તેટલા માત્રથી કાર્યસિદ્ધિ નથી. તે તો પંડિતાઈને અર્થે પણ હોઈ શકે. અંતરથી છૂટવાની ભાવના હોય અને તેની સાથે આત્માની રુચિ-મહિમા હોય તો જ પરવસ્તુની તુચ્છતા સમજાય અને તેના પ્રત્યેનું વલણ-મમત્વ છૂટે. ઉપદેશબોધનું ગ્રહણ થવું અત્યંત જરૂરી છે. સદ્‌ગુરુના ઉપદેશબોધની સાથે બાર ભાવનાની અનુપ્રેક્ષા કરે તો ગૃહ-કુટુંબ, પરિગ્રહ આદિને વિષે અનાસક્તબુદ્ધિ થાય અને તે જ વૈરાગ્ય છે. એની સાથે સ્વદ્રવ્યની રુચિ-મહિમા ભળે તો ઉપયોગ અંદર તરફ વળે. બંધનનો માત્ર વિચાર કરવાથી બંધન તૂટતું નથી. બંધન બંધનરૂપ લાગે, બંધન ખૂંચે અને તેને તોડવાનો પુરુષાર્થ કરે ત્યારે તૂટે છે. તેવી રીતે પરવસ્તુનું મમત્વ એ પર સાથેનું માનસિક બંધન છે. તે માનસિક બંધનના કારણોને દૂર કર્યે પરવસ્તુનું મમત્વ છૂટે. આત્મવિચારે કરી પરવસ્તુની તુચ્છતા સમજાય તો જ પરમાં સુખબુદ્ધિરૂપ જોડાણ તૂટે અને ઉપયોગનું વલણ પલટો ખાય. વ્યાવૃત્ત થયેલ જ્ઞાન ઉપયોગ પોતાના જ્ઞાયકદેવ સાથે સ્વભાવથી તો અનન્ય છે જ પણ હવે તે સ્વનું લક્ષ કરી તેની સાથે અભેદ થવા સક્ષમ થાય છે. સ્વસન્મુખનું લક્ષ દૃઢ કરવા અર્થે આસ્રવ આદિ છ ઉત્તર ભાવનાઓની અનુપ્રેક્ષા અને પ્રાયશ્ચિત્ત આદિ અભ્યન્તર તપની સાધના અનિવાર્ય છે.

**ભાવપલટો અને તેની પ્રક્રિયા-સાધના :**

સત્સંગ આદિ અને શાસ્ત્રજ્ઞાન વગેરે મન-બુદ્ધિના સ્તરે હોય તો પરવસ્તુનું મમત્વ ન છૂટે. આ સર્વ બાહ્ય અભ્યાસથી હૃદયના ભાવ ન ભીંજાય તો ભાવપલટો પણ ન થાય. પોતાના જીવનના અનુભવની અનુપ્રેક્ષા કરે અને તેમાંથી બોધગ્રહણ કરવો જરૂરી છે. તદુપરાંત, પૂર્વસંસ્કારના બળે તથા ઉપદેશબોધ સંબંધી અનુપ્રેક્ષા કરે તો સંસાર થાકરૂપ-ત્રાસરૂપ અને કારાગૃહ જેવો ભાસે અને સંસારની અનુકૂળતામાં પણ અંતરદાહ પકડાય. ચિંતન-મનન આદિ ધ્યેયના લક્ષે અને હૃદયના ભાવપૂર્વક થવું ઘટે. એવી દશા થાય ત્યારે અંતરમાંથી જ વિરક્તિના અંકુરો ફૂટે. વિચારવાન જીવ તત્ત્વદૃષ્ટિએ વિચાર કરે અને સમજે કે પ્રતિકૂળ ઉદય તો અવસ્થામાં પોતાપણું છોડાવવા માટે જ આવેલા હોય છે. આવી સભાનતા જીવની યોગ્યતા વધારે છે.

બુદ્ધિપૂર્વકના ચિંતન અને હૃદયના ભાવપૂર્વકના ચિંતનમાં ઘણો મૂળભૂત તફાવત છે, આશય અને હેતુનો ભેદ છે. પહેલામાં કુતૂહલવૃત્તિ અને પંડિતાઈની મુખ્યતા હોય છે. બીજામાં જિજ્ઞાસાવૃત્તિ, તત્ત્વજિજ્ઞાસા, સ્વરૂપની રુચિની મુખ્યતા હોય છે. ઉપદેશબોધ પ્રાપ્ત થવો, સદ્‌ગુરુયોગ થવો, પૂર્વના સંસ્કાર, વર્તમાન પુરુષાર્થની તારતમ્યતા (ભવિતવ્યતા) વગેરે ઘણા પરિબળોના સુમેળ સમન્વયથી આત્મરુચિરૂપ અંતરંગ વિરક્તિ પ્રગટે છે. તેને અનુરૂપ બાહ્ય પરવસ્તુની તુચ્છતા ભાસવા માંડે છે. તત્ત્વબોધ ગ્રહણ કરવાની ક્ષમતા વધવા માંડે છે. કર્મસિદ્ધાંતની સ્પષ્ટ સમજણ, દ્રવ્યમાત્રની સ્વતંત્રતા, પોતાના પરિણામની સંપૂર્ણ જવાબદારી અને સ્વતંત્રતા, અંતરંગ અને બાહ્ય નિમિત્તનું અકિંચિતકરપણું, વગેરે સ્પષ્ટપણે સમજાય છે અને સંવેગ - નિર્વેદને પુષ્ટ કરે છે. ભાવપલટાની ભૂમિકા સર્જાય છે.

**તત્ત્વનિર્ણયનો પુરુષાર્થ અનિવાર્ય છે :**

તત્ત્વનિર્ણય કરવામાં ઉપયોગ ન લગાવે તો

તે જીવનો જ દોષ છે. તત્ત્વનિર્ણય કરવામાં કર્મનું આવરણ બાધારૂપ નથી તથા જ્ઞાનના બહોળા ક્ષયોપશમની પણ જરૂર નથી, પણ શ્રદ્ધાના અંશો હોવા અનિવાર્ય છે. ઉપદેશબોધ ફળ્યો હોય તો વૈરાગ્ય અને ઉપશમ પ્રગટે. સત્સંગ આદિ ભાવપૂર્વક કરેલ હોય તો આત્મરુચિ પ્રગટે. આવા નિર્વેદ અને સંવેગના સદ્‌ભાવમાં જીવને પોતાના દોષ દેખાય અને બાહ્ય નિમિત્તો નિર્દોષ જણાય. છૂટવાની ભાવનારૂપ વૈરાગ્ય, આત્મરુચિ અને દોષથી પાછા વળવાની ક્ષમતા વગેરે શ્રદ્ધાના અંશો છે. આત્મચિંતન, સ્વદોષનિરીક્ષણ, પોતાના પરિણામનું અવલોકન વગેરે અંતરંગ શુભક્રિયાથી મોહકર્મના સ્થિતિ અને રસબંધ તૂટે છે. 'માત્ર મોક્ષ અભિલાષ', 'કામ એક આત્માર્થનું' તથા 'બીજો નહિ મનરોગ' વગેરે આત્મિક ગુણો વડે અશુભ અનુબંધના હેતુરૂપ અનાદિની વૃત્તિઓનું શુભ અનુબંધરૂપ આત્મવૃત્તિમાં રૂપાંતરણ થવા માંડે છે. આત્મભાવ અને અન્યભાવનો નિર્ણય થાય છે. 'જડથી ઉદાસી એની આત્મવૃત્તિ થાય છે' પણ તે ક્યારે? પરનો સંયોગ માત્ર જીવના જ્ઞાનમાં જ્ઞેયરૂપે પ્રતિભાસે, પ્રતિભાસતા જ્ઞેયને જ્ઞેયરૂપે જ જાણે અને તેના પ્રત્યે કોઈ પ્રકારનું એકત્વ-મમત્વ ન કરે, વિકલ્પ ન કરે, એવો અભ્યાસ ધારાવાહી થતો જાય ત્યારે 'એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો' આત્મા અને જ્ઞાન ઉપયોગ સિવાયનું બીજું બધું પર-રૂપ ભાસે અને વેદાય ત્યારે એ નિર્મળ જ્ઞાનપ્રકાશમાં પોતાનું સ્વરૂપ અવભાસે છે. આત્મભાવ અને અન્યભાવનો નિર્ણય દૃઢ થતો જાય છે.

**બંધ-અનુબંધની યથાર્થ સમજણ :**

બાહ્ય આચરણમાં થતાં શુભાશુભ ભાવથી બંધ પડે છે અને અંતરપરિણતિમાં સ્વરૂપ સંબંધી માન્યતા-અભિપ્રાયથી અનુબંધ પડે છે. ધર્મસાધનાની આધારશિલા અનુબંધ છે. અનુબંધ માટે અંતરંગ મનોવૃત્તિ મુખ્ય કારણ છે. અનુબંધ એટલે બંધાતા કર્મમાં તેના ઉદય સમયે નવું કર્મ બંધાવાની શક્તિ. ભવિષ્યમાં કેવો બંધ પડશે તેની શક્તિ બંધાતા કર્મમાં પડી હોય છે. અંતરપરિણતિમાં મલિન આશય-હેતુ વિપરીત અભિપ્રાય હોય તો કોઈપણ શુભાશુભ ક્રિયાને અશુભનો અનુબંધ પડે અને તેના ઉદય સમયે જીવ પાપવૃત્તિ તરફ વળશે. તેનાથી ઉલટું, શુભ અનુબંધ હોય - સમ્યક્ અભિપ્રાય હોય, આશય અને હેતુ મોક્ષલક્ષી હોય તો અશુભ કર્મના ઉદય સમયે પણ જીવની સદ્‌બુદ્ધિ હાજર થશે, આત્મવિચારે કરી ઉદયને નિષ્ફળ કરવાની ક્ષમતા ધરાવશે અને અધોગતિમાં જતો અટકાવશે.

**અશુભ અનુબંધના (દર્શનમોહના) મુખ્ય કારણો :**

અંતરંગ સ્વાર્થ મનોવૃત્તિ, મિથ્યા અધ્યવસાય, પરમાં સુખબુદ્ધિ, તત્ત્વની અરુચિ, સ્વાર્થવૃત્તિ, કર્તાભાવની મુખ્યતા વગેરે અશુભ અનુબંધના કારણો છે. અંતરંગ પરિણતિની શુદ્ધિ માટે માન્યતાની શુદ્ધિ અને અનાદિની વૃત્તિનું આત્મવૃત્તિમાં રૂપાંતરણ અનિવાર્ય છે. માન્યતાની શુદ્ધિથી જાગૃત મનની શુદ્ધિ થાય છે અને અનાદિની વૃત્તિના ક્ષયથી અવચેતન મનની શુદ્ધિ થાય છે. અંતરંગ માન્યતા અને વૃત્તિ-પરિણતિ એકબીજા સાથે સંકળાયેલા છે. મિથ્યામાન્યતા અને અનાદિની વૃત્તિઓ એકબીજાને પુષ્ટ કરે છે અને અધોગતિ તરફ લઈ જાય છે. તેવી જ રીતે અંતરંગ સમ્યક્ માન્યતા અને શુભ આત્મવૃત્તિ અકબીજાને પુષ્ટ કરે છે અને મોક્ષમાર્ગ તરફ લઈ જાય છે.

**મનની ભૂખ સમજવી અત્યંત જરૂરી છે :**

પેટની ભૂખ તો અત્યંત અલ્પ છે અને ઇન્દ્રિયની ભૂખની પણ મર્યાદા હોય છે. મનની ભૂખ અમર્યાદિત છે. સતત ઉકળતા જ્વાળામુખી જેવી હોય છે. સાત સમુદ્રના પાણી પણ અગાધ છે. સર્વ કષાય ભાવો મનની ભૂખ નહિ સંતોષતા જ ઉત્પન્ન થાય છે. ક્રોધાદિ કષાયો મનની ભૂખના જ પ્રકારો છે. મન સ્વયં ભાવાત્મક હોવાથી ભૂખ સંતોષાય તો માનના ભાવ થઈ આવે અને ન સંતોષાય તો ક્રોધના ભાવ થઈ આવે. સ્નેહ અને પોતાપણાની ભૂખ સંતોષાય તો રાગ થાય અને ન સંતોષાય તો દ્વેષભાવ થાય. ઉદય સમયે પ્રગટ થતો કષાય સળગતો અગ્નિ છે અને અવચેતન મનમાં અનાદિની વૃત્તિરૂપ કષાય ભારેલા અગ્નિ જેવો છે. અર્થાત્, યોગ્યતા અને સંસ્કારરૂપ કષાયો અવચેતન મનમાં ભારેલા અગ્નિ સમાન છે. ઉદયવાયુ યોગે કષાયાગ્નિ તુર્તજ ભભૂકી ઉઠે છે. ઉપયોગ ઉદયવાયુથી વિચલિત ન થાય, વિક્ષેપ ન પામે તો ભારેલો અગ્નિ ભભૂકી ન ઉઠે અને ક્રમે કરી ઉપશમિત થઈ ઠરી જાય. ભારેલા અગ્નિમાં ઇંધણ હોવા છતાં ઉદયવાયુરૂપ હવા ન મળે તો ધીમે ધીમે ઓલવાતો જાય.

ચોવીસ કલાક મનના કષાયભાવોની અસર વચન અને કાયા પર થતી રહે છે કારણકે જીવનો

ઉપયોગ મન-વચન-કાયારૂપ દેહયોગ દ્વારા પ્રવર્તે છે. તેથી ફલિત થાય છે કે ઉપયોગની જાગૃતિ હોય તો અવચેતન મનમાં રહેલ ભારેલા અગ્નિરૂપ સંસ્કારો-વૃત્તિઓનું ઉપશમન થાય છે, સક્રિય થતી નથી. વર્તમાન ઉપયોગનો દુરુપયોગ એ જ વૃત્તિઓનો પ્રાણ છે તેથી વૃત્તિઓ સાથે ઉપયોગ સંલગ્ન ન થાય તો વૃત્તિઓનું બળ તૂટવા માંડે છે, શિથિલ થવા માંડે છે, પરંતુ અજાગૃતિમાં એ જ ઉપયોગ ઉદય સાથે વૃત્તિનું અનુસંધાન કરાવે છે, પ્રતિકારરૂપ રાગદ્વેષ પ્રગટે છે અને વૃત્તિઓને વધુ બળવાન કરે છે. ઉદયપ્રસંગે ઉપયોગની જાગૃતિ રહે તો ઉદયનો પ્રતિકારરહિત સ્વીકારભાવથી રાગદ્વેષરૂપ ઉદયવાયુ ઉત્પન્ન જ થતો નથી.

કમનસીબે મનને પદ, પ્રતિષ્ઠા, લક્ષ્મી, અધિકાર, પ્રશંસા, માન, ધાર્યું કરવાની વૃત્તિ, વગેરેની ભૂખ હોય છે. તેથી ભાવમનરૂપ અશુદ્ધ ઉપયોગ ભૂતકાળના અનુભવરૂપ વૃત્તિઓ-સંસ્કારોના આધારે પોતાની તે તે પ્રકારની ભૂખને સંતોષવા ઉદયમાં ફેરફાર કરવાના નિષ્ફળ પ્રયત્નો કરશે. કદાચિત્ પુણ્યોદય વર્તતો હોય અને ઇચ્છા મુજબનાં ફેરફારો થાય તો કર્તાભાવ, અહંકાર, સ્વચ્છંદતા, પોતાનું ધાર્યું કરવાની વૃત્તિ વગેરે પ્રબળ બનશે. જીવનો પાપોદય વર્તતો હોય અને ફેરફાર કરવાના પ્રયત્નો નિષ્ફળ નીવડે તો આર્ત્ત-રૌદ્રધ્યાન, નિમિત્તને દોષિત માની દ્વેષભાવ કરશે અને આગળ જતા વેરની ગાંઠમાં રૂપાંતરિત થઈ જશે. જૂઠ, માયાકપટ કરીને પણ પોતાનું ધાર્યું કરવાના પ્રયત્નો કરશે. આવતા અંકમાં અનુબંધની આધારશિલા, આત્મજાગૃતિથી ઉદયફળને ભોગવ્યા વિના કેવી રીતે નિર્જરા કરવી તથા ભાવમનની સમજણ વિષે વિચારણા કરીશું. (ક્રમશઃ)

# પુસ્તક સમાલોચના

**મિતેશભાઇ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી)

(૧) **પુસ્તકનું નામ : પરમનો સ્પર્શ (અધ્યાત્મનો આસ્વાદ)**

**લેખક :** શ્રી મલયભાઈ ગૌતમભાઈ બાવીસી **પાના :** ૩૨ **આવૃત્તિ :** પ્રથમ

**પ્રકાશક :** શ્રી મલયભાઈ બાવીસી, એ/૪૦૪, શરણ-૨, આરુષિ બંગ્લોઝ સામે, દેવ હૉસ્પિટલ રોડ, જીવરાજ મહેતા રોડ, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭ (મો) ૯૪૨૮૨૯૨૯૮૧, ૭૦૪૧૧૨૧૦૫૩.

આકર્ષક મુખપૃષ્ઠ છે. આ પુસ્તકમાં પક્ષાલવિધિ, પરમાત્માની નવ અંગ પૂજાનું મહત્ત્વ અને પૂજા વખતે કરાતી ભાવના, તીર્થંકર ભગવાન તથા સિદ્ધચક્રજીના ગુણો, પુષ્પપૂજા, ધૂપપૂજા, દીપકપૂજા, ચામર નૃત્ય, દર્પણદર્શન, અક્ષતપૂજા, ભાવપૂજા, કાઉસગ્ગવિધિ વગેરે અંગે સુંદર સમજૂતી આપવામાં આવી છે.

(૨) **પુસ્તકનું નામ : કોરોનાનો શું વાંક ? (બાબરિયા ભૂત સાથે થયેલ સહજ સંવાદ)**

**પ્રસ્તુતિ :** શ્રી રસિકભાઈ કે. શાહ **પાના :** ૪૪

**પ્રકાશક :** ર.ક.શા. લોકકલ્યાણ ટ્રસ્ટ, ૪૪, હિન્દુ કોલોની, નવરંગપુરા, અમદાવાદ

આ પુસ્તકમાં લોકો અને બાબરિયા ભૂત વચ્ચેનો હળવો સંવાદ રજૂ કર્યો છે. બાબરિયા ભૂતના માધ્યમથી લેખક જણાવે છે કે કોરોનાનો શું વાક ? એ તો ચિઠ્ઠીનો ચાકર છે. એને મોકલ્યો છે કુદરતે! માનવજાત દ્વારા ચાલતાં નિરંતર જીવહિંસાના પાપાચારની સજા તરીકે ! કુદરતના નિયમોનો ભંગ કરનારને કુદરત સાંખી લેતી નથી. જીવો અને જીવવા દો એ કુદરતનો સર્વ કાળવ્યાપી કાનૂન છે પણ માનવજાતની જીવહિંસાની અવિરત ચાલતી પ્રવૃત્તિઓએ આ કાનૂનની અવગણના કરી છે. માનવજાતિના જીવહિંસાના પાપાચારે પર્યાવરણની ખાનાખરાબી સર્જી છે. બસ આ જ કારણ છે કુદરતના પ્રકોપનું !

# યુદ્ધ સંદર્ભે હિંસા, અહિંસાધર્મ અને નીતિ

**ગુણવંત બરવાળિયા**

વિશ્વની કોઈપણ ધર્મપરંપરાએ યુદ્ધની તરફેણ કરી નથી. યહૂદી પ્રજા જેને પવિત્ર ગણે છે તે મુસા પયંગબરને યહોવાહ દેવે સિનોય પર્વત પર જે કરારો આપ્યા તેના સાતમા કરારમાં જણાવ્યું છે કે 'કોઈ પણ પ્રાણીની હિંસાથી વિરામ પામ.' નવા કરારની હસ્તી ઈસુ પછી થઈ છે. ઈસુના જીવન અને ઉપદેશમાં પ્રેમ, ક્ષમા અને પરોપકારનાં તત્ત્વો ખીલેલાં છે. ઈસુ વેરનો બદલો લેવાની સાફ ના પાડતા કહે છે 'તમારા ડાબા ગાલે કોઈ તમાચો મારે તો જમણો ધરવો.'

કુરાનેશરીફના ખુદાનું નામ જ 'રહિમાન' છે. જેના જીવનમાં પ્રાણીમાત્ર પ્રત્યે દયા અભિપ્રેત છે તે 'રહિમાન' છે. અશો જરથુષ્ટ્રના ઉપદેશનો સાર તેમના અહૂરમઝદના કરારનામામાં સમાઈ જાય છે. પવિત્ર વિચાર, પવિત્ર વાણી અને પવિત્ર કર્મ તેનું મૂળ છે. સૂર્યપૂજા, સમુદ્રપૂજા અને અગ્નિપૂજા જીવનની પવિત્રતા માટે છે. જરથોસ્તી પ્રજાના પ્રભુનું નામ જ જો પાક છે તો દયા, પવિત્રતા અને પરોપકાર તેને પ્રિય કેમ ન હોય ?

તમામ ભારતીય ધર્મોએ અન્યના જીવનનો અધિકાર ઝૂંટવી લેવા માટે યુદ્ધની તરફેણ કરી નથી. છતાંય વિશ્વના ઈતિહાસ તરફ દૃષ્ટિપાત કરીશું તો જણાશે કે અસંખ્ય યુદ્ધો પ્રાચીન કાળમાં થયાં છે, મધ્યકાળમાં પણ અનેક યુદ્ધો થયાં અને સાંપ્રત કાળમાં પણ યુદ્ધ થઈ રહ્યા છે. આશ્ચર્યની વાત તો એ છે કે મોટા ભાગના યુદ્ધો ધર્મના નામે થયાં છે. આમ, ધર્મ અને યુદ્ધ વચ્ચે એક છૂટી ન પડી શકે તેવી ગાંઠ વળી ગઈ છે.

આતંકવાદને નાબૂદ કરવા અમેરિકાએ યુદ્ધની ભેરી વગાડી હતી. તાલીબાનોએ ઈસ્લામ ધર્મની સામેના આક્રમણને ખાળવાના નામે યુદ્ધની જેહાદ જગાવી હતી. સરહદના વિવાદને કારણે ચીન સાથે તો સાર્વભૌમત્વ અને આંતકવાદ દૂર કરવા માટે પાકિસ્તાન સામે ભારતમાં યુદ્ધનું રણશિંગુ કેટલીય વાર ફૂંકાયું છે. પરિણામે વિશ્વમાં યુદ્ધ નગારાનાં અનેક પડઘમ વાગતા હોય છે.

ભારતીય દર્શનો, રામાયણ અને મહાભારત જેવા મહાકાવ્યો અને ગીતા જેવા પવિત્ર ગ્રંથોમાંથી યુદ્ધમાં વિવેક, નીતિ અને અહિંસા ધર્મ શું છે તેનું માર્ગદર્શન મળી રહે છે. ભગવાન મહાવીર અને બુદ્ધ તો અહિંસા અને કરુણાના અવતાર કહેવાયા. તેમણે સર્વથા હિંસાનિવારણની જ વાત કરી છે. તેમના કાળમાં અનેક યુદ્ધ થયાં છે. પરંતુ તેમના અનુયાયી રાજાઓ અને સેનાપતિઓએ તે સમયમાં યુદ્ધ વેળાએ પણ જે આચરણ કર્યું તેનું નિરીક્ષણ રસપ્રદ રહે છે.

જ્ઞાની પુરુષોએ અહિંસાને સમજવા માટે કેટલાંક સ્તરો નિર્ધારિત કરેલાં છે. તેમણે હિંસાને ચાર વિભાગમાં વિભક્ત કરી છે. આ સ્તરો તેની વસ્તુસ્થિતિ પર નિર્ધારિત હોય જાણીબૂઝીને કોઈ ખાસ સંકલ્પ, નિર્ધાર સાથે, ઈરાદા સાથે જ હિંસા આચરવામાં આવે તે સંકલ્પી હિંસા છે. સંકલ્પી હિંસા આક્રમણાત્મક હિંસા છે. દરેક માનવી માટે તે પરિહાર્ય છે. દૃઢ સંકલ્પશક્તિ વડે તે નિવારી કે અંકુશિત કરી શકાય છે. સંકલ્પી હિંસા તે વેરવૃત્તિ, દ્વેષ, ઈર્ષાનું પરિણામ છે; જેનું પરિણામ હંમેશાં નકારાત્મક હોય છે. પોતાનું ધાર્યું પરિણામ લાવવા અન્યને ત્રાસ આપવો, આતંક ફેલાવવો, પીડા કરવા કે તડપાવવા માટે કરવામાં આવતી હિંસા તે સંકલ્પી હિંસા છે.

બીજો પ્રકાર આરંભી હિંસાનો છે, જે આજીવિકાત્મક હિંસા છે; ખાન-પાન, ઘર-ગૃહસ્થી અને સંસારના રોજિંદા વ્યવહાર ચલાવવા માટે છે તે આરંભી હિંસા છે જે માનવસુખ માટેનાં ભૌતિક સાધનોના સર્જન અને સંરક્ષણ માટે છે. જીવન-વ્યવહારમાં ઘર ચલાવવા અનેક પ્રકારની હિંસા થતી હોય છે. જીવનમાં સાવધાની કે જાગૃતિથી આ હિંસા ઓછી થાય કે નિવારી શકાય છે.

કુટુંબના ભરણ-પોષણ અર્થે ધંધા-વ્યવસાય, ખેતી-વાડી, વેપાર-ઉદ્યોગમાં જે હિંસા થાય છે તે ઉદ્યોગી હિંસા ત્રીજા પ્રકારની છે. માનવમન જ પ્રવૃત્તિઓનું મૂળ સ્ત્રોત છે. માટે સંસારમાં અહિંસા આચરવી પડે છે, પરંતુ સાવધાનીપૂર્વક, ન્યાય-નીતિપૂર્વક, સંયમપૂર્વક જીવન જીવનાર આ હિંસાને નિવારી કે ઓછી કરી શકે છે.

હિંસાનો ચોથો પ્રકાર વિરોધી હિંસા. શત્રુના આક્રમણ સમયે દેશને, નગરને, પરિવારને, કુટુંબને કે પોતાની જાતને બચાવવા માટે, અન્યાયનો પ્રતિકાર કરવા માટે, આઝાદીની સુરક્ષા માટે, સાર્વભૌમત્વ માટે, રાષ્ટ્રીની શાંતિ માટે જે યુદ્ધ કરવામાં આવે, તે વિરોધી હિંસા છે. તે પ્રત્યાક્રમણ હિંસા અર્થાત્ આક્રમણનો વળતો જવાબ, સુરક્ષા-બચાવ માટે જે હિંસા આચરવામાં આવે છે તે વિરોધી હિંસા છે. ભૌતિક સંસ્થાનો પર પોતાનું અસ્તિત્વ રાખવા જેઓ ઈચ્છે છે તેઓ આ હિંસાને સહજ ગણે છે.

વિરોધી હિંસા સંપૂર્ણપણે ટાળી શકાતી નથી. સ્ત્રીઓના શિયળની રક્ષા, પોતાના કુટુંબનું, રાષ્ટ્રનું રક્ષણ કરવું એ દરેક વ્યક્તિની પ્રાથમિક ફરજ છે. નિર્દય શત્રુના આક્રમણ સામે પોતાનો બચાવ કરવો, રક્ષણ કરવું ફરજરૂપે છે. સાર્વભૌમત્વ માટે દેશની સરહદોનું રક્ષણ કર્તવ્યરૂપે છે. આથી આ વિરોધી હિંસાને સંપૂર્ણપણે ટાળી શકાતી નથી. સ્વબચાવ અર્થે હિંસા આચરવામાં આવે ત્યારે મનમાં કષાય, દ્વેષ, વેરવૃત્તિ ઉત્પન્ન ન થાય તેની કાળજી રાખી સાવચેત રહી વર્તવામાં આવે તે ઈચ્છનીય છે. સ્વ-રક્ષણ સમયે જે હિંસા આચરવી પડે, મરવું કે મારવું પડે તો મુખ્ય લક્ષ રક્ષા-બચાવનું હોય, નૈતિક ફરજ કે કર્તવ્યના ભાગરૂપે હોય તો તે અનિચ્છનીય કે વર્જ્ય ગણવી મુશ્કેલ છે. શરત એટલી કે આ ફરજ ધર્મના માર્ગે ન્યાયનીતિપૂર્ણ હોવી જોઈએ.

વિરોધી હિંસાના ઉત્તમ ઉદાહરણ છે મર્યાદા પુરુષોત્તમ રામ અને શ્રીકૃષ્ણ. અન્યાયનો પ્રતિકાર જ્યારે અહિંસાથી શક્ય ન હોય ત્યારે વિરોધી હિંસાનો આશ્રય અનિવાર્ય થઈ રહે છે. સામાન્ય જીવનમાં અન્યાયનો પ્રતિકાર આવશ્યક મનાયો છે. અન્યાયનો પ્રતિકાર ન કરનાર વ્યક્તિ આડકતરી રીતે તો અન્યાયની અનુમોદક જ ગણાય ને ? અન્યાયના પ્રતિકાર માટે જ ગાંધીજીએ સ્વાતંત્ર્ય-સંગ્રામની ઘોષણા કરેલી. આધુનિક યુગમાં મહાત્મા ગાંધીજીએ આંદોલન દ્વારા, અહિંસક સત્યાગ્રહ દ્વારા દેશને આઝાદી અપાવી. અહિંસા કાયરોનો ધર્મ નથી. 'અહિંસા પરમો ધર્મ'નો અંચળો ઓઢી, અહિંસાને ઢાલ સ્વરૂપ રાખી પોતાની અશક્તિ છુપાવવી તે દંભ છે. અહિંસાના આવા 'મહોરાં' જનતાને નિર્બળ કરી મૂકે છે.

ઐતિહાસિક યુદ્ધપ્રસંગોના પાત્રો પર ચિંતન કરીએ ત્યારે સતી સીતાજી, વિભીષણ, યુધિષ્ઠિર, અર્જુન, ભીષ્મ, દ્રોણાચાર્ય, વિદુરજી, ભગવાન મહાવીરના સમયના બિંબિસાર, શ્રેણિક, ચેડા રાજા, ચેટક રાજા, રાજા ઉદાયન, કલીંગના રાજા અશોક, કુમારપાળ રાજાના મંત્રી ઉદયન અને મહાનીતિજ્ઞ ચાણક્ય જેવા મહાપુરુષોની ભાવના અને મનોમંથન તપાસવા જેવા પથદર્શક છે. એકબાજુ સમરાંગણમાં યુદ્ધ તો બીજી બાજુ હૈયાના કુરુક્ષેત્રના આંતર મનોમંથનનું તુમુલ યુદ્ધ ચરમસીમાએ પહોંચ્યું હતું.

યુદ્ધોત્તર વિનાશનાં કરુણ દશ્યોની કલ્પનાથી એક રાક્ષસી વિક્ષુબ્ધ બની સીતાજી પાસે જઈ યુદ્ધનાં ભયાનક પરિણામોનું ચિત્ર રજૂ કરી કહે, 'આ યુદ્ધથી લાખો વિધવા બનશે. હે સીતાજી, આપ સ્ત્રી છો તો સ્ત્રીજાતિ પ્રત્યે દયા-અનુકંપા લાવી લંકાપતિનાં દાસ બની જાઓ અને આ દારુણ યુદ્ધને અટકાવી દો.' સીતાજી બહુ જ માર્મિક જવાબ આપે છે, 'જ્યારે જ્યારે સ્ત્રીઓ મારા જેવી પરિસ્થિતિનો ભોગ બનશે ત્યારે મારું દષ્ટાંત લઈ વિચારશે કે રામની મહાસત્ત્વશાલિની સીતા પણ જો લંકાપતિને શરણે થઈ ગઈ તો આપણું શું ગજું ? આવો વિચાર કરી તે કન્યાઓ અને સ્ત્રીઓ પરપુરુષને આધીન થવા લાગે તો ? ભવિષ્યમાં કરોડો સ્ત્રીઓ કુલટા બને તેવી પરંપરા સારી કે વર્તમાન યુદ્ધમાં લાખો સ્ત્રી વિધવા બને તે સારું ?' રાક્ષસી શું બોલે ? અહીં શિયળના રક્ષણ માટે વિરોધી હિંસા અનિવાર્ય બની જાય છે.

ઈતિહાસમાં બીજું આવું જ ઉદાહરણ છે શ્રીકૃષ્ણ-અર્જુનનું. અર્જુનને કુરુક્ષેત્રમાં તેમની સામે

ઊભેલા તેમના સ્વજનો સામે યુદ્ધ કરવામાં રસ ન હતો. તે ઉદાસીન હતો. વિષાદયોગમાં અટવાયેલા અર્જુનને આત્મા, પરમાત્મા, ધર્મ, ફરજ અને કર્તવ્યની પ્રેરણા શ્રીકૃષ્ણે આપી, અને અર્જુનને યુદ્ધ માટે પ્રવૃત્ત કર્યો.

બંને પક્ષે વિષ્ટિકાર બની યુદ્ધ ટાળવા શ્રીકૃષ્ણે અનેક પ્રયત્નો કર્યા, સ્વયં દૂત બની દુર્યોધનની સભામાં જઈ પાંડવોને માત્ર પાંચ ગામ આપવા વિનંતી કરી. દુર્યોધન ન માન્યો. સત્ય, ન્યાય અને નીતિ માટે યુદ્ધ એટલે વિરોધી હિંસા શ્રીકૃષ્ણ માટે અહીં ફરજનો ભાગ બની.

શ્રી કૃષ્ણે તો परित्राणाय साधुनाम् ધર્મની પુનઃસ્થાપના કરવા અવતાર ધારણ કરેલો. સાત્ત્વિકોનો આધાર અને સંરક્ષક એવા લોકરક્ષક શ્રીકૃષ્ણે ભગવદ્‌ભક્તિની ટોચ જેવા ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્ય જેવા સદ્‌ગુણસંપન્ન અને સત્‌પ્રવૃત્ત માનવોનો સંહાર શા માટે કરાવ્યો ?

સૂક્ષ્મ માનવસંબંધો અને વહેવારોના પારગામી શ્રીકૃષ્ણની પ્રજ્ઞા અદ્‌ભુત હતી. એમની નજર માનવજાતના કલ્યાણ પર મંડાયેલી હતી. સત્ય, નીતિ અને ન્યાયની સામે તેમને મન ગમે તે વ્યક્તિ ગૌણ હતી. અધર્મ અને અન્યાયને પક્ષે બેસનાર વ્યક્તિ અધર્મ અને અન્યાયનો અનુમોદક બની જાય છે. અધર્મ અને અન્યાયને શરણ આપનાર ધર્મી વ્યક્તિ પણ અધર્મી બની જાય, એ ન્યાયે શ્રીકૃષ્ણે પાર્થને બાણ ચડાવવાની પ્રેરણા કરી, યુદ્ધને જ કલ્યાણ માન્યું.

દ્રોણાચાર્ય ગમે તેવા ભદ્રપુરુષ હોવા છતાંય અધર્મનો પક્ષ લઈ બ્રહ્માસ્ત્ર છોડી હજારો નિર્દોષ માનવોનો સંહાર કરવા તૈયાર થઈ ગયા હતા. શ્રીકૃષ્ણનું તેમની સામે લેવોયલું પગલું પોતે જે પક્ષમાં ઊભા હતા તેના યોગક્ષેમ માટેનું હતું. શ્રીકૃષ્ણની રણનીતિ ધર્મ અને ન્યાયના રક્ષણ માટે હતી.

ધર્મપુરુષ જો અધર્મ અને અનીતિને શરણ આપે તો તે અધર્મી બની જાય છે. આ ઉપરથી આપણે તારતમ્ય કાઢવાનું કે જે દેશ આતંકવાદી અને ત્રાસવાદીઓને શરણ આપે તે દેશને આતંકવાદી કે ત્રાસવાદી જાહેર કરવો જોઈએ અને તેને અપરાધી ગણી દંડ દેવો જોઈએ.

ભગવાન મહાવીરના સમયમાં ભવિતવ્યતા અને કર્મોદયને કારણે કેટલાંક યુદ્ધો થયા. એ સમયના રાજાઓ અને કેટલાક સેનાપતિઓ શ્રાવકનાં વ્રતો પાળતા. અધર્મ અને અન્યાયના પ્રતિકાર માટે પણ યુદ્ધને અંતિમ શસ્ત્ર તરીકે જ અપનાવતા. યુદ્ધકાળમાં પણ તેમના જીવનમાં ધર્મ, નીતિ, દયા અને ન્યાયને સ્થાન હતું.

ઉદાયન રાજાએ રાજા પ્રદ્યોતને પરાસ્ત કર્યો. રાજા પોતાના નગરમાં પાછા ફરી રહ્યા છે. માર્ગમાં જ છાવણી નાખીને રહ્યા છે. ઉદાયન રાજા સંગ્રામમાં કેદ કરેલા પ્રદ્યોત રાજાની ભોજન વગેરેની પોતાની જેમ જ સંભાળ રાખતા. પર્યુષણ પર્વ આવતાં ઉદાયન રાજાએ ઉપવાસ કર્યો. રસોઈયાએ પ્રદ્યોતને પૂછ્યું, 'આજ શું જમશો ?' આ સાંભળી ઉજ્જૈનપતિ પ્રદ્યોતને લાગ્યું કે આવો પ્રશ્ન આજ સુધી થયેલ નથી. નક્કી આ ઉપહાસ મારું બંધન કે વધ સૂચવે છે. આવું વિચારી રસોઈયાને તેમણે પૂછ્યું કે આવું પૂછવાનું કારણ શું ? રસોઈયો બોલ્યો, 'રાજન, આજે પર્યુષણ પર્વ છે, તેથી અમારા સ્વામી સાથીઓ સાથે ઉપોષિત થયા છે, અર્થાત્ સૌએ ઉપવાસ કરેલ છે માટે તમારા એકલા માટે જ રસોઈ બનાવવાની છે.' પ્રદ્યોતે કહ્યું કે, 'હે પાચક, મારા માતા-પિતા શ્રાવક હતાં તેથી હું પણ આ મહાપર્વનો ઉપવાસ કરીશ.' રસોઈયાએ પ્રદ્યોતનાં આ વચનો રાજા ઉદયનને કહી સંભળાવ્યા, તેથી ઉદાયને કહ્યું કે, કારગૃહમાં રહીને પર્યુષણ પર્વ પાળનાર પ્રદ્યોત મારો ધર્મબંધુ થયો. તેથી તુરત જ તેમને કારાગ્રહમાંથી મુક્ત કરો. તમામ હિંસાના પ્રાયશ્ચિત્ત રૂપે પ્રતિક્રમણ કરી પ્રદ્યોતની ક્ષમા માગી અને પાપથી નિવૃત્ત થયેલા તે નિર્મળ આત્માએ રાજ્યલક્ષ્મી છોડી શુદ્ધ સાધુપણાનો અંગીકાર કર્યો. ઉદયન રાજા છેલ્લા રાજર્ષિ થયા.

ભગવાન મહાવીરના પરમભક્ત શ્રેણિકના પુત્ર કુણિક અને હલ્લવિહલ્લ વચ્ચે પણ યુદ્ધ ખેલાયું. હલ્લ અને વિહલ્લના ભાગમાં આવેલાં દિવ્ય કુંડલ, વસ્ત્રો, હાર અને સેચનક હાથી મોટાભાઈ કુણિકને પડાવી લેવા હતા. હલ્લ અને વિહલ્લ મામા ચેટક

રાજાને શરણે ગયા. ચેટક ધર્મી શ્રાવક પુરુષ હતા. યુદ્ધ, ધર્મ, હિંસા-અહિંસાનું તેમનું મનોમંથન અદ્‌ભુત હતું.

અનિવાર્ય રીતે થતી હિંસા દ્રવ્યમાં હિંસા છે અને ભાવમાં અહિંસા છે, તો તેવી હિંસા એવી પાપકર નથી અને એવી બંધનકર પણ નથી કે જેથી તીવ્ર કર્મો બંધાય, કારણકે આ સમજણવાળી વ્યક્તિ પોતાની થયેલી હિંસાનો ગર્વ નથી લેતી કે હિંસાને ફાળે વિજય નથી ચડાવતી. પરંતુ ઊલટી હિંસામાં પોતે જ નિમિત્તે થયેલ છે તેનું પ્રાયશ્ચિત્ત જરૂર કરશે.

રાજા ચેટક યુદ્ધભૂમિમાં પણ વ્રતોને અંગીકાર કરતા અને ચેડારાજ તો સમરાંગણમાં પણ સામાયિક અને પ્રતિક્રમણના પવિત્ર ભાવોમાં રહેતા.

ચેટકને પક્ષે લડનાર નાગરથીનો પૌત્ર વરૂણ, સત્ય, ન્યાયી અને શ્રાવકનાં દ્વાદશવ્રતને પાળનાર હતો. કુણિકનો સેનાપતિ યુદ્ધની માગણી કરતો સમરાંગણમાં 'ઘા કર, ઘા કર'નો પોકાર કરતો ધસ્યો. ઉત્તરમાં વરૂણ બોલ્યો, કે 'હે મહાભુજ!' હું શ્રાવક છું અને મારે એવું વ્રત છે કે કોઈના ઉપર પ્રથમ પ્રહાર કરવો નહીં. સ્વરક્ષણ મારી રણનીતિ અને ધર્મ છે.' મૃત્યુ સમયે વરૂણે સમરાંગણમાં તૃણનો સંથારો કરી સંલેખના વ્રત સાથે સમાધિમરણને આત્મસાત્ કર્યું.

રાજા કુમારપાળે મંત્રી ઉદયનને સોરઠના રાજા સમરને જીતવા મોકલ્યો. યુદ્ધસ્થળે ઘવાયેલો મંત્રી ઉદયન છેલ્લી ઘડીઓ ગણતો હતો. સેનાપતિએ ઉદયનની અંતિમ ઇચ્છા પૂછી તો તેણે કહ્યું કે મારી અંતિમ ઇચ્છા પંચ મહાવ્રતધારી સાધુનાં દર્શનની છે. સમરાંગણમાં સાધુ ક્યાંથી લાવવા ? સેનાપતિએ યુક્તિ કરી અને એક બહુરૂપી તરગાળાને સાધુનો વેશ પહેરાવી લાવ્યા. બહુરૂપીએ આબેહૂબ જૈન સાધુ કહે તેમ ઉદયનને અંતિમ ધર્મ સંભળાવ્યો. ઉદયનને ખૂબ શાંતિ થઈ. બહુરૂપીને થયું કે મારા એક દિવસના સાધુપણાના નાટકથી ઉદયનને શાંતિ, સમાધિ અને સદ્‌ગતિ મળી તો હકીકતમાં આ સાધુપણાની કેટલી ભવ્ય અને દિવ્ય તાકાત હશે ! બહુરૂપીના મનોમંથને તેના જીવનની દિશા બદલી નાખી. સદ્‌ગુરુના શરણમાં જઈ સાધુપણાનું તેણે જીવનભર આચરણ કર્યું.

અભયા રાણીની અબ્રહ્મચર્યની માગણીનો અનાદર કરનાર સુદર્શનને અભયા રાણીએ શૂળીએ ચડાવવા લગી દાવ ખેલ્યા છતાં, છેવટે સુદર્શનનું સત્ય તરી આવ્યું. ત્યારે રાજાને હાથે થતો અભયારાણીનો વધ એ જ સુદર્શને અટકાવ્યો. ભરપૂર હિંસાના મુખમાં આબાદ અહિંસા પાળવી અને કટ્ટર વિરોધીનો પ્રેમભર્યો સામનો કરી વિજય મેળવ્યા પછી જ વિજયમાળા વિરોધીને પહેરાવીને જ પ્રેમ પાથરવો, એ અહિંસાની સફળતા છે.

ફેબ્રુ. ૨૦૧૯માં ભારતે આતંકવાદીઓના અડ્ડા પર એર સ્ટ્રાઈક કરી. અભિનંદન નામના દિગંબર જૈન પાયલોટ ફાઈટર પ્લેન ચલાવતા હતા. પાકિસ્તાને તે પ્લેનને તોડી પાડ્યું અને અભિનંદનને કેદ કર્યા. પાછળથી ભારત અને વિશ્વના દબાણથી તેને મુક્ત કર્યા. અહીં એક જૈને હિંસા માટે નહીં પણ રાષ્ટ્રધર્મના પાલન માટેનું કાર્ય કર્યું. જૈનદર્શન કહે છે કે યુદ્ધમાં સામા પક્ષ માટે દ્વેષભાવ નહિ પણ માત્ર સ્વરક્ષણ અને વિશ્વના સમગ્ર જીવોના કલ્યાણ માટેના ભાવો હોય તો હિંસા નથી. આ કાર્ય કરતા રાષ્ટ્ર પ્રત્યેની ફરજ બજાવવાના આનંદ સાથે પરને પોતાના થકી થતી પીડાની સંવેદના હોય છે.

આજે સમગ્ર વિશ્વમાં સત્તા, જળ, તેલ અને જમીનની લાલસા, આતંકવાદ અને ધર્મઝનૂનને કારણે યુદ્ધનાં નગારાં વાગે છે ત્યારે સત્ય, ન્યાય, નીતિ અને વિવેકનું ચિંતન જરૂરી છે. સત્યના પક્ષ માટે અને અન્યાયના પ્રતિકાર માટે ડાહ્યા અને શાણા પુરુષો યુદ્ધોને અંતિમ સાધનરૂપે જ સ્વીકારે છે. શાંતિને ઝંખતી માનવજાતને આજે યુદ્ધની નહિ પરંતુ યુદ્ધને નિવારી શકે તેવા પ્રજ્ઞાપુરુષ બુદ્ધ અને મહાવીરની જરૂર છે. ક્રોધ, માન, માયા અને લોભનું જે ઉગમસ્થાન છે, જે ભીતરમાં ફૂંફાડા મારી રહેલ છે, તેવા અષ્ટકર્મના કાલીનાગ સામે પ્રત્યેક માનવે યુદ્ધ કરી તેને પરાસ્ત કરી સ્વ આત્માને નિર્મળ બનાવવો તે ભાવના જ સ્વ-પર કલ્યાણકારી છે. ● ● ●

# અસીમ છે, ભીતરનું સામર્થ્ય

છીતુભાઈ ગો. ભક્ત

પ્રથમ તો કબીરસાહેબનું ભક્તિભાવથી સ્મરણ કરીએ, જેમણે મહાન સાધક તરીકે ભીતરના પરમ તત્ત્વની અનુભૂતિ કરી છે. તેને અદ્‌ભુત વિચારધારાથી પ્રબોધી છે. વૈવિધ્ય જ્ઞાનસભર સાખીરૂપે અમૂલ્ય વારસો પ્રદાન કર્યો છે. સાચા માનવમૂલ્યોના જીવન દર્શનનો મોટો પ્રેરણાસ્તોત્ર વહાવ્યો છે. માનવીના ભીતરને જાણે હચમચાવી, જગાવીને હૃદયમાં પ્રકાશ પાથરી દે છે.

કબીરજી વિશે આચાર્ય રજનીશે અહોભાવથી સાચું જ કહ્યું છે :

"કબીર આગ હૈ, ઔર એક ઘૂંટ ભી પી લો,
તો તુમ્હારે ભીતર ભી અગ્નિ ભભક ઊઠે,
તુમ્હારે ભીતર ભી સૂરજ ઊગે"

મનના તરંગો અપાર છે. તેનું રહસ્ય કબીરસાહેબે સાક્ષાત્ અનુભવ્યું છે. તેનો રણકાર નિર્ભયતાથી અને ગહન દિવ્યવાણીમાં તેમણે ગાયો છે:

★ મન કે બહુતક રંગ હૈ, છિન છિન બદલે સોય,
એકૈ રંગમેં જો રહૈ, ઐસા બિરલા કોય.

★ મન કે મતે ન ચાલિયે, મન કે મતે અનેક
જો મન પર અસવાર હૈ, સો સાધુ કોઈ એક.

★ બુરા દેખન મૈં ચલા, બુરા ન મિલિયા કોય,
જો દિલ ખોજૌં આપના, મુઝસા બુરા ન કોય.

એમનો આ સંદેશ આજે પણ એટલો જ પ્રેરક ને પ્રસ્તુત હોઈ, આપણને પથદર્શન કરે છે. કબીરજીએ કહ્યું છે કે આપણે મનના ગુલામ થવાનું નથી, પરંતુ એના માલિક બનવાનું છે. "જેણે મન જીત્યું, એણે જગત જીત્યું" આમ આંતરિક અગાધ સામર્થ્યનો તેમણે અણસાર આપ્યો છે.

'મન ચંગા તો કથરોટમેં ગંગા.' 'મન હોય તો માળવે જવાય' આ લોકોક્તિમાં પૂરેપૂરું તથ્ય છે. મનના ખેલનો તો કોઈ પાર નથી. તેથી માણસની મનોદશા ઉપર સુખદુઃખનો આધાર છે. વધતી ઉંમર સાથે તેને કોઈ સંબંધ નથી. માનવી વિચારોથી મજબૂત બને છે. વામનમાંથી વિરાટ બનવા વિચાર મોટું પ્રેરક બળ છે.

એક માનસશાસ્ત્રીએ કહ્યું છે કે, માણસ પોતે જ પોતાના આનંદનો સર્જક છે, ને પોતે જ પોતાના ભાગ્યનો શિલ્પી છે. જરા ઊંડાણથી વિચારીએ તો જીવનનો અર્થ કોઈ ડિક્ષનરીમાંથી ન મળે. જીવનનો અર્થ તો જીવનમાંથી જ શોધવો પડે. 'આપણી પાસે શું છે, એને બદલે આપણે શું છીએ' એ સમજવા પ્રયત્ન કરીએ.


આ વિચારની પુષ્ટિ ક્રાન્તિકારી તત્ત્વચિંતક કબીરસાહેબની ધારદાર શૈલીમાં જોવા મળે છે.

★ મોકો કહાં ઢૂંઢે બન્દે, મૈં તો તેરી અંદર હૂં,
ના તીરથ મેં, ના મૂરત મેં,
ના એકાન્ત, ના નિવાસ મેં
ના મંદિર મેં, ના મસ્જિદ મેં,
ના કાબે-કૈલાસ મેં
ના મૈં જપ મેં, ના મૈં તપ મેં,
ના મૈ બરત, ઉપવાસ મેં
કહે કબીર સુનો ભાઈ સાધો,
મૈં તો હૂં વિશ્વાસ મેં.


★ ઘરમેં વસ્તુ નજર નહીં આવત, બન બન ફિરત ઉદાસી,
આતમજ્ઞાન બિના જગ જૂઠા, કયા મથુરા કયા કાશી.

અસીમ આત્મજ્ઞાનનું એક જ્વલંત ઉદાહરણ જોઈએ તો આત્મજ્ઞાની મહાપુરુષ શ્રીમદ્ રાજચંદ્ર શતાવધાની હતા. શતાવધાની એટલે એક સાથે એકસો (૧૦૦) જુદી જુદી બાબતોમાં એક જ લક્ષ રાખી, તેને સ્મૃતિમાં ધારણ કરી, પછી એકપણ ભૂલ વિના ફરીથી એકસો બાબતો ક્રમશઃ કહી બતાવવી. મુંબઈમાં તેમણે શતાવધાનનો સફળ પ્રયોગ કરીને અજાયબભરી માનસિક શક્તિથી સહુને મુગ્ધ કરી દીધા હતા. આવી અદ્‌ભુત શક્તિનું કારણ પૂછતા, તેઓ કહેતા કે : "આત્માની અનંત શક્તિ છે. તે વડે આ શક્ય છે."

**(અનુસંધાન પાના નં. ૮ પર)**



# બાળ વિભાગ



**સંકલન : મિતેશભાઈ એ. શાહ**

## (૩) લોકશ્રેયની ભાવના

અંગ્રેજ વિજ્ઞાની સર હમ્ફ્રી ડેવીએ એક 'સેફ્ટી લૅમ્પ' (સુરક્ષા- યુક્ત દીપ)ની શોધ કરી હતી. કોલસાની ઊંડી ખાણોમાં કામ કરતા મજૂરો માટે આ 'સેફ્ટી લૅમ્પ' એક આશીર્વાદરૂપ બની રહ્યો. જિંદગીના જોખમમાંથી ઉગારનાર એક જીવનરક્ષક સમાન એ સિદ્ધ થયો.

આ 'સેફ્ટી લૅમ્પ'ના પ્રતાપે કોલસાની ખાણોમાં થતી દુર્ઘટનાઓથી કામદારોનું રક્ષણ થવા લાગ્યું. ડેવીએ આમ છતાં 'સેફ્ટી લૅમ્પ' ને પેટન્ટ કરાવ્યો નહિ. જો આવી નવી શોધ પેટન્ટ કરાવવામાં આવે તો એના શોધકને મબલખ કમાણી થાય. છતાં ડેવીએ પોતાની આ શોધને પેટન્ટ કરાવી નહિ. આ જોઈને તેના કેટલાક મિત્રોને ખૂબ નવાઈ લાગી. ડેવી પોતાની શોધને પેટન્ટ કેમ કરાવતા નથી એ વાત જ એ મિત્રોની સમજમાં આવતી નહોતી. એકવાર ડેવીના કેટલાક મિત્રો, પ્રશંસકો અને હિતેચ્છુઓ એમના ઘેર આવ્યા અને તેઓ આ વિજ્ઞાનીને પૂછવા લાગ્યા, "અરે ડેવી, તું તારી આ શોધને પેટન્ટ શા માટે કરાવતો નથી?"

'એથી શો ફાયદો?'

"જો તું એને પેટન્ટ કરાવે તો તને અઢળક પૈસો પ્રાપ્ત થાય અને તું સુખચેનથી તારી જિંદગી ગુજારી શકે! અમે તો ઇચ્છીએ છીએ કે તું વહેલામાં વહેલી તકે આ શોધને પેટન્ટ કરાવી લે." ડેવીએ ખૂબ ધીરજ અને શાંતિથી મિત્રોને કહેવા માંડ્યું, "સાંભળો, મેં તો સ્વપ્ને પણ આ શોધને પેટન્ટ કરાવવાનું વિચાર્યું નથી. આ શોધ પાછળનો મારો મુખ્ય ઉદ્દેશ માનવસેવા છે. બાકી મને તો પેટ ભરવા સૂકોલૂખો રોટલો મળી રહે છે અને ધારી લો કે હું આ શોધને પેટન્ટ કરાવું અને મબલખ ધનની પ્રાપ્તિ થાય તોપણ એનાથી મારી કીર્તિમાં કોઈ વૃદ્ધિ થનાર નથી અને મારી સાચી દોલત, સંપત્તિ અને ઐશ્વર્ય તો જનતાનું શ્રેય જ છે! જનતાનું આ શોધ દ્વારા જે શ્રેય સધાઈ રહ્યું છે એ જ મારી સાચી સંપત્તિ છે!"

આ માનવતાવાદી વિજ્ઞાનીની લોકશ્રેય માટેની ઉમદા ભાવનાને સહુ મિત્રો અને શુભેચ્છકો જોઈ જ રહ્યા.

## પૂજ્યશ્રી આત્માનંદજીને ભાવાંજલિ

**પ.પૂ. ગુરુદેવશ્રી** **- સંકલન : શરદભાઈ ડેલીવાળા**

એક પવિત્ર નામ, પુનિત પ્રાતઃ સ્મરણીય નામ, જ્યાં જ્ઞાન, ત્યાગ, વૈરાગ્ય, ભક્તિની સદૈવ છોળો ઉડતી હોય છતાં અંદરથી પુદ્‌ગલના બંધનોથી ભિન્ન, ભાવાત્મક દશામાં સતત નિવાસી, શુદ્ધ-બુદ્ધ-અજર-અમર-અવિનાશી દશા છતાં કોઇ ગગનવિહારી દેવ નહીં પણ આપણી વચ્ચે જ હસતા-બોલતા-ચાલતા-આપણા સુખ-દુઃખના વિરામસ્થાન, એવું એક મહાન વ્યક્તિત્વ, 'દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત' દશાને સાર્થક કર્યું એવું કાયિક છતાં અપાર વેદના વચ્ચે પણ પ્રસન્નતા/સમતા યુક્ત જેમનું મુખમંડળ અને વ્યક્તિત્વ રહ્યું એવી એ મહાવિભૂતિ આપણી વચ્ચેથી કાળની ગર્તામાં મહાપ્રયાણે ચાલી નીકળી ! પરંતુ સતત ભાસ થાય છે કે આવા પરમપૂજ્ય, પ્રાતઃસ્મરણીય ગુરુદેવની ચેતનાથી સમગ્ર આશ્રમ હજુ પણ પૂર્વવત્ આત્મ સ્પંદનોથી ઉલ્લસિત છે. શુદ્ધ આત્માના ઉપાસક પૂજ્ય ગુરુદેવે વીતરાગ ભગવંતો, કુંદકુંદદેવમા અપાર-શ્રદ્ધા-વિશ્વાસ સાથે ગુરુદેવના જીવન, કવન, ઉપદેશ અને ચિંતનની પ્રેરણાનું પીયૂષપાન કરતાં કરતાં અનંતકાળમાં અપ્રાપ્ય એવી શુદ્ધ આત્મદશાને પ્રાપ્ત કરી. પૂજ્યશ્રીએ સમગ્ર જીવરાશિના આત્મિક કલ્યાણ અર્થે મહાન-પ્રચંડ પુરુષાર્થી બની જીવનને સ્વ-પર કલ્યાણના પરમ પંથ પર પ્રવાહિત કર્યું. સરળતા, નિખાલસતા, નિરહંકારિતા, સમતા, વાત્સલ્યતા અને આત્મશુદ્ધતાના પાવન લક્ષ્યપૂર્વક અનેક જીવોને દિવ્ય જીવન પ્રાપ્તિના રાહ પરના અડગ રાહબર બન્યા એવા પ.પૂ.ગુરુદેવ ભલે સદેહે આપણી વચ્ચે નથી પરંતુ તે ચેતના, દિવ્યતા, ભવ્યતા, ગૌરવ અને ગરિમા આશ્રમની એક એક ઇંટ, પથ્થર, વૃક્ષો, ધૂળમાં વ્યાપેલી છે. પૂ.ગુરુદેવ દેહાકાર મટી સંસ્થાકાર/મુમુક્ષુકાર બની ગયા છે. કોઇ કુટિરમાં નહીં પણ હજારો-વિશાળ મુમુક્ષુઓના હૃદયમંદિરમાં સ્થાપિત-બિરાજમાન થઇ વીતરાગ પંથે દોટ લગાવવા નિરંતર સતત મમતાયુક્ત પાવન પ્રેરણા આપી રહ્યા છે.

ફરી ફરી આ દિવ્ય વિભૂતિની દિવ્ય ચેતનાને શતશઃ વંદન .... શતશઃ વંદન.. શતશઃ વંદન...

## પૂજ્યશ્રીની દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે વૈવિધ્યપૂર્ણ આરાધના સાનંદ સંપન્ન

અધ્યાત્મજગતના ચમકતા સિતારા અને પંચમકાળની વિરલ વિભૂતિ એટલે પૂજ્ય સંતશ્રી આત્માનંદજી. સ્વ-પર કલ્યાણમાં અહોનિશ તત્પર રહેતા પૂજ્યશ્રી સાધકો માટે અધ્યાત્મનો માર્ગ પ્રશસ્ત કરતા ગયા છે. પૂજ્યશ્રીના સત્સંગ-સત્સમાગમથી અનેક લોકોના જીવનમાં દિવ્ય પરિવર્તન આવ્યા છે. મુમુક્ષુઓ માટે સાધનાની દીવાદાંડી સમાન પૂજ્યશ્રીની દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તા. ૧૯-૦૧-૨૦૨૨ ના રોજ સંસ્થામાં વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો સંપન્ન થયા.

સવારે પૂજ્યશ્રીને અતિ પ્રિય એવા શ્રી રામ ભગવાનની પૂજા કરવામાં આવી. બા.બ્ર. સુરેશજીએ સ્વાધ્યાયમાં જણાવ્યું કે મહાપુરુષોની ચેતના અમર હોય છે. ભારતની વર્તમાન સંતપરંપરાના સંતના તમામ લક્ષણો આપણને પૂજ્ય સાહેબજીના જીવનમાં દૃષ્ટિગોચર થાય છે. સંતત્વ સંતના વ્યક્તિત્વમાં ઝળકતું હોય છે. પૂજ્ય સાહેબજી સાથેની પ્રથમ મુલાકાતમાં મેં સહજ પ્રેમભાવ અને આત્મીયતાનો અનુભવ કર્યો હતો. સદ્‌ગુરુના માર્ગદર્શન અનુસાર જીવનને ઢાળવાથી પરમ શ્રેયની પ્રાપ્તિ થાય છે. પૂ. સાહેબજીના અનેક સદ્‌ગુણો પૈકી તેઓની આત્મજાગૃતિ વિશેષ ધ્યાનાકર્ષક છે. પૂજ્યશ્રી દરેક પ્રવૃત્તિ શાંતિથી ધીરજપૂર્વક કરતા. ઉતાવળમાં સ્વરૂપનો લક્ષ ચુકાઇ જવાય છે. 'હું ઉપયોગ સ્વરૂપી આત્મા છું' તેવી જાગૃતિ વીરલા લોકો રાખી શકે છે. પૂજ્યશ્રી સહજ, શાંત અને પ્રસન્ન રહેતા.

પૂજ્ય બહેનશ્રીએ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે આપણે પૂજ્યશ્રીના ગુણોનું સ્મરણ કરીને તેઓના બોધને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો જોઇએ. અંતરના નેત્ર ખુલે તો જ્ઞાની પુરુષોની ઓળખાણ થાય. પૂજ્યશ્રીનું ભક્તિપ્રધાન જીવન હતું. નાનપણથી જ સંવેદનશીલ અને બીજાને મદદ કરવા તેઓ સદા તત્પર રહેતા. ભક્તિ, જ્ઞાન અને યોગનો તેઓના જીવનમાં સુભગ સમન્વય હતો. ભેદજ્ઞાનની જાગૃતિ તેઓશ્રીને વર્તતી હતી. શાંતિ, ગંભીરતા અને પ્રસન્નતા-પૂજ્યશ્રીના આ ત્રણ ગુણો વિશેષ ધ્યાનાકર્ષક છે. તેઓએ હૃદયના સિંહાસન પર સત્‌દેવ-ગુરુ-ધર્મને સ્થાન આપ્યું હતું. 'અમિતગતિ સામાયિક પાઠ' તેઓને પ્રિય હતો.

સવારે ૧૧.૦૫ કલાકે સૌએ સામૂહિક મૌન પાળ્યું હતું. સાંજે પૂજ્યશ્રીના સમાધિમંદિર પાસે સામૂહિક મંત્રજાપ અને ધ્યાનનો કાર્યક્રમ યોજાયો હતો. રાત્રે વિશેષ ભક્તિ દ્વારા સૌએ સદ્‌ગુરુ પ્રત્યેના ભક્તિભાવોને વિશેષ ઉલ્લસિત કર્યા હતા. ત્યારબાદ પૂજ્યશ્રીની અંતિમ યાત્રાની વીડિયો મૂકવામાં આવી હતી. આ દિવસે આદ. શ્રી હર્ષદભાઈ શાંતિલાલ શાહ તથા સ્વ. ઉષાબેન કિશોરભાઈ શેઠ પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

## સંસ્થા દ્વારા દીક્ષાર્થીનું અભિવાદન

આપણી સંસ્થામાં મુમુક્ષુરત્ન અજિતકુમાર (ઉ.વ. ૧૧) પધાર્યા હતા. તેઓશ્રીએ રાષ્ટ્રસંત આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજના સંઘમાં પ્રવજ્યા (દીક્ષા) ગ્રહણ કરેલ છે. તા. ૨૩-૦૧-૨૦૨૨ ના રોજ કોબા મુકામે પૂજ્ય પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા. તથા ૪૫ શ્રમણ-શ્રમણીની પાવન ઉપસ્થિતિમાં તેઓશ્રીની દીક્ષા સાનંદ-સંપન્ન થઈ. આપણી સંસ્થામાંથી પૂજ્ય બહેનશ્રી તથા કેટલાક મુમુક્ષુ ભાઈ-બહેનો દીક્ષા સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. તેઓશ્રીના મોટાભાઈએ દીક્ષા લીધી છે અને તેઓની બહેનને પણ દીક્ષા લેવાના ભાવ

છે. દીક્ષા પ્રસંગે પધારવાનું આમંત્રણ આપવા તેઓશ્રી આપણી સંસ્થામાં પધાર્યા હતા. પૂજ્ય બહેનશ્રી સહિત સમસ્ત કોબા પરિવારે દીક્ષાર્થીનું ભાવભીનું અભિવાદન કર્યું હતું. તેઓશ્રીએ સંસ્થામાં નવકારશીનો લાભ આપ્યો હતો. અલ્પ વયે સમસ્ત આરંભ-પરિગ્રહનો ત્યાગ કરીને આત્મશ્રેયાર્થે પ્રવજ્યાના માર્ગે પ્રયાણ કરનાર તેઓશ્રીનું જીવન આપણને પણ ત્યાગ-વૈરાગ્યના પંથે આગળ વધવાની પ્રેરણા પૂરી પાડે છે. સમસ્ત કોબા પરિવાર દીક્ષાર્થીની અનુમોદના કરી ભાવપૂર્વક વંદન કરે છે.

## મુમુક્ષુવિશેષ આદ. સુધાબેન પ્રફુલભાઈ લાખાણીની સાધનાકુટિરમાં પૂજ્યશ્રીના ગુફા પ્રતિકૃતિની અનાવરણવિધિ સંપન્ન

વિનય, સરળતા, સેવાભાવ, કરુણા, શાંતસ્વભાવ, વૈરાગ્ય જેવા અનેકવિધ સદ્‌ગુણોની સૌરભથી પોતાના જીવનને મહેકતું બનાવ્યું છે તેવા ભક્તિપ્રધાન મુમુક્ષુવિશેષ આદ. સુધાબેન પ્રફુલભાઈ લાખાણીની સાધનાકુટિરમાં તા. ૧૯-૦૧-૨૦૨૨ ના દિવસે પૂજ્યશ્રીની ગુફા પ્રતિકૃતિની અનાવરણવિધિ ધર્મોલ્લાસમય વાતાવરણમાં સાનંદ સંપન્ન થઈ. આ કાર્યક્રમ માટે પૂજ્ય બહેનશ્રી, આદ. બા.બ્ર. સુરેશભૈયા સહિત મુમુક્ષુ ભાઈ-બહેનો સુધાબેનની સાધનાકુટિરમાં પધાર્યા ત્યારે સૌનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું. સૌ પ્રથમ પૂજ્ય બહેનશ્રીએ શ્રી નમસ્કાર મહામંત્રના ઉચ્ચારણ દ્વારા વાતાવરણમાં પવિત્રતાના સ્પંદનો પ્રવહિત કર્યા. ત્યારબાદ પૂજ્ય બહેનશ્રી, આદ. સુરેશભૈયાજીના વરદ હસ્તે પૂજ્યશ્રીની ગુફા પ્રતિકૃતિની અનાવરણવિધિ કરવામાં આવી. શ્રી સદ્‌ગુરુ સ્તુતિ બાદ સંસ્થાના ટ્રસ્ટીવર્ય આદ. શ્રી ડૉ. રાજેશભાઈ સોનેજીએ ભાવવાહી ભક્તિપદ પ્રસ્તુત કર્યું. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પૂજ્ય બહેનશ્રીએ જણાવ્યું કે તારંગા અને ઇડર જેવા તીર્થક્ષેત્રોમાં પૂજ્યશ્રી ધ્યાનની સાધના કરતા તેનું સહજ સ્મરણ થાય છે. પૂજ્યશ્રી હૉસ્પિટલમાં ફરજ બજાવતા હતા ત્યારે રજાઓ દરમિયાન તેઓ તારંગા, ઇડર જેવા ક્ષેત્રોમાં જઇને સાધના કરતા હતા. પૂજ્યશ્રીના પ્રેમ અને વાત્સલ્યભાવ અનોખા હતા. આવું સુંદર આયોજન કરવા બદલ સુધાબેન તથા પ્રફુલભાઈની અનુમોદના તથા આ પ્રતિકૃતિના નિર્માણમાં સહયોગ આપનારા સૌ કોઇને ધન્યવાદ. આદ. બા.બ્ર. સુરેશજીએ જણાવ્યું કે ગુરુનું સ્થાન આપણા હૃદયમાં હોવું જોઇએ. સમય સાથે ગુરુસ્મરણ મંદ થાય છે ત્યારે આવા કાર્યક્રમોથી સદ્‌ગુરુ સ્મરણની તીવ્રતામાં વધારો થાય છે. સદ્‌ગુરુના સ્મરણથી આત્મજાગૃતિ વધતી જાય છે. આ માટે જ્ઞાની ભગવંતોએ ભક્તિમાર્ગ નિરૂપિત કર્યો છે. સુધાબેન અને પ્રફુલભાઈના હૃદયમાં પૂજ્યશ્રી પ્રકાશિત છે તે ઉદાહરણમાંથી પ્રેરણા લઇ આપણે પૂજ્યશ્રી પ્રત્યે સમર્પણભાવ કેળવીએ.

પ્રતિભાવ આપતા આદ. શ્રી પ્રફુલભાઈએ જણાવ્યું કે પૂજ્યશ્રીનું ઋણસ્વીકાર કરું છું. પૂજ્યશ્રીની વાત્સલ્યસભર દૃષ્ટિથી મારા જીવનમાં પરિવર્તન આવ્યું. પૂજ્ય બહેનશ્રીની પણ અસીમ કૃપા અમારા પર વરસતી રહે છે. સંસ્થા આવા કાર્યોમાં અમને સહયોગ આપે છે, અમે પણ સંસ્થાને સહયોગી બનવા તત્પર છીએ.

આ પ્રસંગે આદ. સુધાબેન પ્રફુલભાઈ લાખાણી તરફથી ૫૦/- રૂપિયાની પ્રભાવના કરવામાં આવી હતી. પ્રસાદ ગ્રહણ કરી સૌ છૂટા પડ્યા હતા.

## સ્વ. ઉષાબેનની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ગુણાનુવાદ સભાનું આયોજન

સંસ્થાની કાર્યવાહક સમિતિના સિનિયર સભ્ય, સંસ્થા સંચાલિત ગુરુકુળ કમિટિના ચેરમેન તથા સંસ્થાના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનારા સ્વ. ઉષાબેન કિશોરભાઈ શેઠની પ્રથમ વાર્ષિક જન્મતિથિ નિમિત્તે તા. ૨૨-૦૧-૨૦૨૨ ના રોજ તેઓના પરિવારજનો તરફથી ગુણાનુવાદ સભાનું આયોજન ન્યૂજર્સી (યુ.એસ.એ.) ના હૉલમાં તથા zoom પર કરવામાં આવ્યું હતું. આપણી સંસ્થા તરફથી પૂજ્ય બહેનશ્રી, આદ. બા.બ્ર. સુરેશભૈયા, સંસ્થાના પ્રમુખ આદ. શ્રી નીતિનભાઈ પારેખ, ટ્રસ્ટી મહાનુભાવ આદ. ડૉ.

રાજેશભાઈ સોનેજી, ટ્રસ્ટીવર્યશ્રી શરદભાઈ ડેલીવાળા તથા કેટલાક મુમુક્ષુ ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થા વતી બા.બ્ર. આદ. જનકદીદીએ ઉષાબેનના ગુણાનુવાદ કર્યા હતા અને ગુરુકુળના વિકાસમાં ઉષાબેને આપેલા યોગદાનની અનુમોદના કરી હતી.

## તલોદ તથા ચિત્રોડા (સાબરકાંઠા) મુકામે સત્સંગ મેળાવડા સાનંદ સંપન્ન

તલોદ મુકામે તા. ૦૮-૦૧-૨૦૨૨ થી તા. ૦૯-૦૧-૨૦૨૨ દ્વિદિવસીય સત્સંગ મેળાવડાનું આયોજન ત્યાંના પટેલ સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું. તલોદના આગેવાનોના નિમંત્રણને માન આપીને આપણી સંસ્થામાંથી આદ. બા.બ્ર. સુરેશજી તલોદ પધાર્યા હતા. આ પ્રસંગે આદ. હરિપ્રસાદ શાસ્ત્રીજી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તા. ૦૮-૦૧-૨૦૨૨ ના રાત્રિના સત્સંગ દરમ્યાન આદ. સુરેશભૈયાએ 'સંસારનું સ્વરૂપ' વિષય અંતર્ગત ચાર ગતિના દુઃખોનું રસપ્રદ રીતે વર્ણન કર્યું હતું. તા. ૦૯-૦૧-૨૦૨૨ ના સવારના સત્સંગ દરમ્યાન 'વ્યવહારશુદ્ધિ' વિષય અંતર્ગત આદ. સુરેશભૈયાએ દયાધર્મનું મહત્ત્વ, જીવનમાં પ્રામાણિકતાની આવશ્યકતા વગેરે મુદ્દાઓની સ્પષ્ટતા કરી હતી.

ચિત્રોડા મુકામે તા. ૧૫-૦૧-૨૦૨૨ ના રોજ આદ. ધુળાભાઈ તથા આદ. લીલાબેનના સુપુત્ર આદ. શ્રી રોહિતભાઈ સુતરિયા પરિવાર તરફથી સત્સંગ મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતું. બા.બ્ર. કપિલભૈયાએ 'પ્રાર્થના' વિષય પર સ્વાધ્યાય આપ્યો હતો. આદ. સુરેશભૈયાએ શ્રી મોક્ષમાળા શિક્ષાપાઠ-૩૧ 'પ્રત્યાખ્યાન'ના આધારે મનનીય સ્વાધ્યાય આપ્યો હતો.

## પૂજ્ય લાલજીબાપા સ્મૃતિમંદિર, (ચિત્રોડા)નો ભૂમિપૂજનનો કાર્યક્રમ સાનંદ સંપન્ન

ચિત્રોડા (સાબરકાંઠા) વિસ્તારમાં પૂજ્ય લાલજીબાપા નામના સંત થઇ ગયા, જેઓએ સત્સંગ, જીવદયાના કાર્યો, ભક્તિ વગેરે દ્વારા લોકોને જાગૃત કર્યા હતા. તેઓશ્રીની પ્રેરણાથી મુમુક્ષુમંડળ દ્વારા લોકકલ્યાણ અને પશુઓને પાણી પીવા માટે હવાડા અને પંખીઘરના નિર્માણ જેવા જીવદયાના કાર્યો સુપેરે ચાલી રહ્યા છે. આવા મહાન સંતની સ્મૃતિ જળવાઈ રહે અને લોકોને આત્મકલ્યાણ અને સત્કાર્યો કરવાની પ્રેરણા મળતી રહે તેવા આશયથી ચિત્રોડા મુકામે 'પૂજ્ય લાલજીબાપા સ્મૃતિમંદિર' નું નિર્માણ થઇ રહ્યું છે. આ સ્મૃતિમંદિરના ભૂમિપૂજનનો કાર્યક્રમ તા. ૩૦-૦૧-૨૦૨૨ ના રોજ ધર્મોલ્લાસમય વાતાવરણમાં સંપન્ન થયો. આ પ્રસંગે ચિત્રોડા મુમુક્ષુમંડળના નિમંત્રણને માન આપીને આપણી સંસ્થામાંથી પૂજ્ય બહેનશ્રી, આદ. બા.બ્ર. સુરેશજી, આદ. બા.બ્ર. અલકાદીદી અને કેટલાક મુમુક્ષુ ભાઈ-બહેનો ચિત્રોડા પધાર્યા હતા. શોભાયાત્રા દ્વારા સૌનું ભાવપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું. ચિત્રોડા મુમુક્ષુમંડળનો અતિથિસત્કાર ખરે જ સરાહનીય છે. આ પ્રસંગે પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેન, આદ. બા.બ્ર. સુરેશજી તથા આદ. બા.બ્ર. અલકાદીદીએ પ્રાસંગિક ઉદ્‌બોધન અને સત્સંગનો સૌને લાભ આપ્યો હતો.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :-

| | | | |
|---|---|---|---|
| **પૂજ્યશ્રી સ્મૃતિ ફંડ :** | (૧) | સ્વ.શ્રી જયંતભાઈ શાહના આત્મશ્રેયાર્થે,<br>હસ્તે : શ્રી પરાગભાઈ શાહ, મુંબઈ | રૂા. ૬,૦૦,૦૦૦/- |
| **ગ્રંથ પ્રકાશન :** | (૧) | શ્રી દિનેશચંદ્ર એસ. બાવીસી, રાજકોટ<br>(ભોજનાલય સ્વામિવાત્સલ્ય) | રૂા. ૭૧,૦૦૦/- |
| | (૨) | શ્રી વિરાજ બકુલભાઈ પારેખ, ચેન્નઈ | રૂા. ૪૨,૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| | (૩) | શ્રી બીનાબેન જે. સોમાણી, અમદાવાદ<br>(મેડિકલ સેન્ટર) | રૂા. ૪૧,૧૦૦/- |
| | (૪) | શ્રી જયશ્રીબેન જ્યોતીન્દ્રભાઈ દોશી, રાજકોટ | રૂા. ૨૨,૨૨૨/- |
| | (૫) | શ્રી રુચિબેન મૌલિકભાઈ મહેતા, દુબઈ (મુંબઈ) | રૂા. ૨૦,૦૦૦/- |
| | (૫) | શ્રી પુષ્પાબેન જયંતીલાલ શાહ, લંડન | રૂા. ૧૫,૦૦૦/- |
| | (૬) | શ્રી મિત્તલબેન જી. સંઘવી, ચેન્નઈ | રૂા. ૧૧,૦૦૨/- |
| | (૭) | શ્રી નયનાબેન ચંદ્રેશભાઈ પંચમિયા, ધરમપુર | રૂા. ૧૦,૦૦૦/- |
| **મેડિકલ સેન્ટર :** | (૧) | શ્રી નીતિનભાઈ રાજાણી, અડાલજ (ગાંધીનગર) | રૂા. ૧૧,૦૦૦/- |
| **જીવદયા :** | (૧) | શ્રી મંજુબેન પ્રવીણભાઈ પટેલ, USA<br>હસ્તે : શ્રી મહેન્દ્રભાઈ ખંધાર | રૂા. ૧૦,૦૦૦/- |

## વૈરાગ્ય સમાચાર

**[૧] અમદાવાદ :-** શ્રી રાજ-સોભાગ સાયલાના મુમુક્ષુ આદરણીય શ્રી **ભરતભાઈ યશવંતરાય મહેતા**નું તા. ૨૯-૦૧-૨૦૨૨ ના રોજ ૬૪ વર્ષની ઉંમરે દેહાવસાન થયું છે.



તેઓ આપણી સંસ્થાના મુમુક્ષુ સ્વ. કંચનબા વિનયકાંત દોશીના બહેન આદરણીય શ્રી લલિતાબેનના સુપુત્ર હતા. આદરણીય શ્રી લલિતાબેન સાયલાના બ્રહ્મનિષ્ઠ અને સ્વાધ્યાયકાર છે.

પૂજ્ય ભાઈશ્રી નલીનભાઈ જ્યારે જ્યારે ભરતભાઈના અમદાવાદના નિવાસસ્થાને પધારતાં ત્યારે તેઓ પૂજ્ય ભાઈશ્રી સાથે કોબા આશ્રમમાં પધારતાં. આ ઉપરાંત પ્રસંગોપાત સત્સંગનો લાભ લેતા. કોબા સંસ્થાના પ્રારંભકાળથી જ તેઓશ્રીના પૂજ્યશ્રી સાથે વાત્સલ્યસભર સંબંધો રહ્યા હતા. આપણી સંસ્થાના શ્રી રાજમંદિરમાં ધ્વજા તથા પરમકૃપાળુદેવની પ્રતિમાજી બનાવવામાં તેઓનો સુંદર સહયોગ સાંપડ્યો હતો. તેઓએ આપણી સંસ્થામાં અવારનવાર દાનરાશિ નોંધાવી હતી. તે ઉપરાંત પાલિતાણામાં ચોમાસું કરાવ્યું, તળેટી પાસે ઉપાશ્રય બંધાવ્યો તથા દેરાસર બંધાવી શાંતિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરાવી. શંખેશ્વરનો ચાલતો છ'રી પાલિત સંઘનો લાભ લીધો હતો તેમજ જીરાવાલા પાર્શ્વનાથની જાત્રા પણ કરાવી હતી.

દર વર્ષે ઉત્તરાયણમાં પક્ષીઓની સારવાર માટે લાભ લેતાં. જિનઆજ્ઞા ટ્રસ્ટ કે જે જૂનાં દેરાસરોની સફાઇનું કાર્ય કરે છે તેમાં ભરતભાઈ જોડાયેલાં હતા. છેલ્લે ધરમપુર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન તેઓને દેરાસર માટે સોના-ચાંદીની સામગ્રીઓ બનાવવામાં મદદરૂપ થવાનો અવસર મળ્યો હતો. તેઓશ્રીએ અનેક સુસંસ્કારોના સિંચન દ્વારા પોતાની જીવનલતાને નવપલ્લવિત રાખી હતી. આઇ.સી.યુ. માં હોવા છતાં તેઓ પોતાની જાગૃતિમાં રહેતા. તત્ત્વને પામવાની અને બીજાને પમાડવાની તાલાવેલી હતી. શ્રી રાજસોભાગ સાયલા, કેશવનગર સંઘ, પ્રહ્લાદનગર સંઘ તથા આચાર્યશ્રી મહાપદ્મસૂરી મ.સા. તરફથી શ્રદ્ધાંજલિ અર્પણનો પત્ર આવેલ છે. આવા બહુમુખી પ્રતિભા ધરાવતા ધર્મપ્રેમી આત્માને સમસ્ત કોબા પરિવાર શ્રદ્ધાંજલિ અર્પે છે અને તેમનો આત્મા આગામી થોડા ભવોમાં પરમપદને પ્રાપ્ત કરે એવી પરમાત્માને હૃદયપૂર્વક પ્રાર્થના કરે છે.

## ચિત્રોડા મુકામે યોજાયેલ સત્સંગ મેળાવડા વેળાએ (તા. ૧૫-૦૧-૨૦૨૨)






## તલોદ મુકામે યોજાયેલ સત્સંગ મેળાવડા વેળાની તસવીરો (તા. ૦૮-૦૧-૨૦૨૨ થી તા. ૦૯-૦૧-૨૦૨૨)



## પૂજ્ય લાલજીબાપા સ્મૃતિમંદિર, ચિત્રોડાના ભૂમિપૂજન વેળાએ (તા. ૩૦-૦૧-૨૦૨૨)





Registered under RNI No. : GUJGUJ/2008/25883

Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : L-5-131-GAMC-309/2021-2023
issued by SSP Ahmedabad Valid upto 31-12-2023 - Publication Date 15th of every month

## પૂજ્યશ્રીની દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે પૂજ્યશ્રીના સમાધિમંદિર પાસે સામૂહિક મંત્રજાપ (કોબા, તા. ૧૯-૦૧-૨૦૨૨)



### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

૧ 'દિવ્યધ્વનિ' ફેબ્રુઆરી - ૨૦૨૨ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ
**શ્રી દમયંતીબેન કમલકાંતભાઈ શાહ પરિવાર, સૂરત**
હસ્તે : શ્રી નીતિનભાઈ અને શ્રી પ્રદીપભાઈ શાહ
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૨ 'દિવ્યધ્વનિ' ફેબ્રુઆરી - ૨૦૨૨ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ
**શ્રી દક્ષેશભાઈ મોહનલાલ મચ્છર, બોપલ, અમદાવાદ**
હસ્તે : ડૉ. રાજેશભાઈ સોનેજી
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. **Editor :** Shri Mitesh A. Shah

To,